સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજનું મુખપત્ર

# પટેલ સુવાસ

Year : 41 ❖ Issue : 08 ❖ Retail Price ₹.35 ❖ Total Pages : 52
Annual Subscription : ₹.300/- ❖ November-2018



## ખરેખર યુવાન કોને કહેવાય?



## સમાજનાં યુવાઓને સન્માન અપાવતું 'કેળવણી ધામ'

આજનો યંગસ્ટર્સ લાઈફ અને કરિયર પ્રત્યે બેદરકાર છે?


ISO 9001-2015 CERTIFIED
A BIS (ISI) CERTIFIED Products
॥ રાષ્ટ્રદેવો ભવઃ ॥
ફાલ્કન®
A MACHINE FOR MANKIND
Let's do, Plus2
ફાલ્કન પરિવાર
તરફથી
હાર્દિક શુભેચ્છાઓ
UTEE Series
eUropean Technology Energy Efficient
V-3/V-4
Oil Filled
Pumpset
New Launch
સબસીડી માન્ય*
*શરતો લાગુ
- એગ્રીકલ્ચર-ડોમેસ્ટીક બોરવેલ
- ઓપનવેલ પમ્પસ્
- મોનોબ્લોક પમ્પસ્
- સેલ્ફ પ્રાઈમીંગ પમ્પસ્
- ફાલ્કન AC સોલાર પંપની વિશાળ શ્રેણી
કાટપ્રતિરોધક
CED કોટીંગ
CI પાર્ટ્સ
સાથે
શ્રેષ્ઠતાની શ્રેણીમાં સદા અગ્રેસર.... ફાલ્કન પંપ...
www.falconpumps.in | sales@falconpumps.in | 1800 123 0000
ચલે પ્રગતિ કી ઓર®
કંપની શો-રૂમ : રાજકોટ : 090999 00747 | અમદાવાદ : 097277 00586
સુરત : 097277 00572 | ભુજ : 099798 88448 | જુનાગઢ : 90999 53697

A PROJECT BY:

TAKSHASHILA




# સુવિધાઓના શિખર પર શહેરનું શિખર

takshashilaair.com

RERA NO: PR/GJ/AHMEDABAD/AHMADABADCITY/AUDA/RAA00058/020917

TAKSHASHILA **AIR**

RESIDENTIAL TWIN TOWERS

3 & 4 BHK Apartments

તક્ષશીલા એર, ટાઉનહોલ પાછળ, હોટેલ નીલકંઠ પાનશીકુરા સામે,
અજિતનાથ દેરાસર પાસે, એલિસબ્રીજ, અમદાવાદ.

**ફોન: +૯૧ ૯૩૭૭ ૧૧૦૦૨૨**

પ્રોજેક્ટ બાય: **તક્ષશિલા ગ્રુપ | કમલેશ ગોંડલિયા | રાજેશ ગોંડલિયા | પાર્થિલ કે. ગોંડલિયા**



Savaliya
GROUP
An ISO 9001 : 2008 Company
An ISO 14001 : 2004 Company

# TAKING BUSINESS TO A WHOLE NEW LEVEL

## KRISH CUBICAL

ABSOLUTE CORPORATE

**THALTEJ, NEAR METRO STATION**

A corporate space is certainly the second home for people who work there. We, at Savaliya Group, understand this, and have built office spaces that speak about our growth story. With Krish Cubical, the best Corporate Project in Ahmedabad that offers exclusive office spaces, we invite you to be a part of this progress. Amidst the harmony of calm and serene office spaces, Krish Cubical offers the following state-of-the-art features that make it stand out:

## SAVALIYA BUILDERS

701, Astron Tech Park, ISKCON Circle,
S. G. Highway, Ahmedabad - 380 015

Phone : 079 26861337, 079 40026060
E-mail : savaliya.builders@gmail.com
Web : www.savaliyabuilders.com

- The only high-rise building with 5 level parking in Ahmedabad
- 12 high-speed elevators
- Ample natural light and ventilation
- Unique square design that offers 100% utilization of space
- Developed area and best location with metro connectivity

We are delivering these spaces, and helping people spend the best 40 hours of a week.

RERA REGISTRATION NO. : PR/GJ/AHMEDABAD/AHMADABAD CITY/AUDA/CAA02030/160318

FOR INQUIRY CONTACT ON : +91 90818 15500, +91 90818 18844

**સફળતાનું સરનામું**

## સમાજનાં યુવાઓને સન્માન અપાવતું 'કેળવણી ધામ'

ઉન્નત સમાજ - ઉન્નત રાષ્ટ્રનાં સંકલ્પ સાથે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં નિર્માણ કરાયેલું 'કેળવણી ધામ' સમાજની કેળવણીનું કેન્દ્ર બિંદુ બની રહ્યું છે. સમાજના અનેક તેજસ્વી યુવાઓ અહીંથી કેળવાઈને આજે સક્ષમ રાષ્ટ્રનાં સંકલ્પ સાથે સરકારી સેવામાં જોડાયા છે...

૨૦-૨૧




| | | | |
|---|---|---|---|
| તંત્રી સ્થાનેથી... | યુવાઓના કૌશલ્યને દુનિયાભરમાં પહોંચાડવા સામાજિક સંસ્થાઓ જ નિમિત્ત બને છે... | | ૦૭ |
| સંસ્થા સમાચાર | કન્યા છાત્રાલયમાં હર્ષોલ્લાસ સાથે નવરાત્રીની ઉજવણી કરાઈ | | ૦૯ |
| | મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં છાત્રાલયના પટાંગણમાં શિષ્યવૃતિ ચેક વિતરણ સમારોહ યોજાયો | | ૧૦ |
| | સમાજકાર્ય માટે હંમેશા અગ્રેસર રહેતા પોપટદાદાને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ | | ૧૨ |
| ધ હીરો | સ્વાભિમાન રાખો, અભિમાન નહીં | દિવ્યેશ વેકરિયા | ૧૪ |
| અહા! ચિંતન | આજનો યંગસ્ટર્સ  લાઈફ અને કરિયર પ્રત્યે બેદરકાર છે? | કૃષ્ણકાંત ઉનડકટ | ૧૮ |
| સફળતાનું સરનામું | સમાજનાં યુવાઓને સન્માન અપાવતું 'કેળવણી ધામ' | ટી. જી. ઝાલાવાડિયા | ૨૦-૨૧ |
| લગ્ન વિષયક | | | ૨૫-૨૯ |
| સ્માર્ટ થિંક | ખરેખર યુવાન કોને કહેવાય? | નરેશ શેલડિયા | ૩૦ |
| પ્રેરક પર્સન | સફિન હસન : 'કૌન કહેતા હૈ આસમાન મેં સુરાખ નહિ હો સકતા...' | યોગેશ પટેલ | ૩૨ |
| બેસ્ટ ઓફ વેસ્ટ | યશ-અર્જુનની અનોખી સિદ્ધિ : વપરાયેલા ફૂલોનું કર્યું જૈવિક ખાદમાં રૂપાંતર | કેવલ ઉમલેટિયા | ૩૪ |
| દિવ્યાંગોની દીદી | માલવિકા અય્યર : દિવ્યાંગ નહીં, દિવ્ય પ્રયાસી | | ૩૬ |
| સ્પાય પ્રિન્સેસ | નૂર ઈનાયત ખાન :  એક હતી જાસૂસી દુનિયાની રાજકુમારી... | પ્રસન્ન સનાતની | ૩૭ |
| પટેલ પાવર | અમેરિકાના વ્હાઈટ હાઉસથી ઈન્ટરનેશનલ ક્રિકેટના ગ્રાઉન્ડ સુધી... | | ૪૦ |
| ગોલ્ડન સ્મૃતિ | આપણા સુવર્ણયુગના સપ્ત સિક્રેટ્સ :  ઓલ્ડ ભારત "ગોલ્ડ" કેવી રીતે બન્યું હતું? | જય વસાવડા | ૪૩ |



**સંપાદક મંડળ**

શ્રી દેવજીભાઈ એમ. સોજીત્રા
શ્રી હિંમતભાઈ બી. કસવાળા
શ્રી પરસોત્તમભાઈ બી. કકાણી
શ્રી પ્રાગજીભાઈ પી. ગામી

**સલાહકાર સમિતિ**

શ્રી વલ્લભભાઈ કાકડિયા
શ્રી ધરમશીભાઈ મોરડિયા
શ્રી રવજીભાઈ વસાણી
શ્રી ગુણવંતભાઈ સોજીત્રા
શ્રી બાબુભાઈ શેલડીયા
શ્રી પુરૂષોત્તમભાઈ ગેવરિયા

# પટેલ સુવાસ

**તંત્રી**

શ્રી દેવજીભાઈ એમ. પટેલ
મો. ૮૮૬૬૦ ૩૨૮૮૮

**સહતંત્રી**

શ્રી દિવ્યેશ વેકરિયા
મો. ૯૮૭૯૧૧૯૨૦૪

લે-આઉટ ડિઝાઈન : યોગેશ પટેલ

**શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ - હોદ્દેદારશ્રીઓ**

પ્રમુખ : શ્રી દેવજીભાઈ સોજીત્રા
ઉપપ્રમુખ : શ્રી રમેશભાઈ ડોબરિયા
ઉપપ્રમુખ : શ્રી ઘનશ્યામભાઈ હિરપરા
મંત્રી : શ્રી મનોજભાઈ ડોબરિયા
ખજાનચી : શ્રી મગનભાઈ સેંજલિયા

Published by : Devjibhai M. Patel
on behalf of Shree Saurashtra Patel Kelavani Mandal,
Gulbai Tekra, Ellisbridge, Ahmedabad - 380 006. Gujarat.
Tel. No. 079 - 26307099, 8866032888 and
Printed by: Kewal Offsset, F-11-38, Ravi Estate, Nr. Torrent Power Subsation, Dudheshwar, Ahmedabad-4, Gujarat.
OWNER : SHREE SAURASHTRA PATEL KELAVANI MANDAL

# 'પટેલ સુવાસ' : લવાજમ બાબત

| લવાજમ દર | |
|---|---|
| વર્ષ | લવાજમ |
| ૧ | રૂ.૩૦૦/- |
| ૩ | રૂ. ૭૫૦/- |
| ૧૦ | રૂ. ૨૦૦૦/- |
| લગ્ન વિષયક : ૧ માસ માટે | રૂ. ૫૦૦/- |

| ધંધાકીય જાહેરાત | વાર્ષિક રૂા. |
|---|---|
| એ - કવર પેજ આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૮૦,૦૦૦/- |
| બી - અંદરનું આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૬૦,૦૦૦/- |
| સી - અડધું પાનુ મલ્ટીકલર | રૂ.૩૦,૦૦૦/- |

**ધંધાકીય જાહેરાત માસિક / ત્રિમાસિક ધોરણે પણ સ્વિકારવામાં આવશે.**

## લવાજમ સ્વિકારવાનું સ્થળ

**અમદાવાદ**

- શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, ગુલાબાઈ ટેકરા, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
- બાપુનગર : પટેલવાડી, ઘંટી સ્ટેન્ડ પાસે.
- મણીનગર : પટેલ સમાજની વાડી.

**સુરત**

- શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ
૧૦૧, સુપર ડાયમંડ માર્કેટ, મોહનની ચાલ સામે, વરાછા રોડ, મીની બજાર, સુરત. મો. ૯૮૭૯૫ ૩૧૧૮૩
- શ્રી કિશન કોશિયા - ૩૧૦, સ્વસ્તિક પ્લાઝા, યોગી ચોક, વરાછા, સુરત-૩૯૫ ૦૦૬. મો. ૯૬૮૭૬ ૩૯૯૬૦

**અમરેલી**

- શ્રી દિપક ધાનાણી - બાલમુકુંદન મોબાઈલ, અજમેરા સ્કૂલ, સ્ટેશન રોડ, અમરેલી. મો. ૯૮૭૯૧ ૧૮૫૦૫

**આ અંકમાં રેપર ઉપર છપાયેલી તારીખ તમારૂ લવાજમ પુરૂ થવાનું સુચન કરે છે. તો વહેલી તકે નવું લવાજમ ભરીને 'પટેલ સુવાસ' માસિક મેળવતાં રહો. નોંધ : કમ્પલેઈન માટે મો. નં. ૮૮૬૬૦ ૩૨૮૮૮ પર સંપર્ક કરવો.**

## શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ

વેબસાઈટ : **www.sspkm.org**

ઈ-મેઈલ : **sphostel@gmail.com**

ફોન નંબર : **(079) 26307099, 88660 32888**

મોબાઈલ નંબર : **74054 20536, 96621 22364** (વોટ્સએપ માટે)

મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) વેબસાઈટ : **www.pateljeevansathi.org**

'પટેલ સુવાસ'માં લગ્ન વિષયક જાહેરાત આપેલ હશે, તેમને મેટ્રીમોનીયલ વેબસાઈટ પર એક વર્ષ માટે ફ્રી લીસ્ટીંગ આપવામાં આવશે.

અન્ય માટે લીસ્ટીંગ ચાર્જ વાર્ષિક રૂ.૫૦૦ લેવામાં આવશે.

**આ વેબસાઈટ પરથી અનેક યુવક-યુવતિઓ (કપલ્સ) જીવનસાથી પસંદ કરીને જીવનમાં સેટ થયા છે. તે સૌને ખૂબ ખૂબ અભિનંદન...**

**જે પાત્રો લગ્નજીવનથી જોડાઈ ચૂક્યા હોય તેઓએ ફોન કરીને જાણ કરવી. જેથી તેમનું નામ લીસ્ટ / વેબસાઈટમાંથી કમી કરી શકાય.**

# યુવાઓના કૌશલ્યને દુનિયાભરમાં પહોંચાડવા સામાજિક સંસ્થાઓ જ નિમિત્ત બને છે...


દીપાવલીનો દીપ પ્રગટાવીને, સ્નેહીજનોના પ્રેમના તાંતણે બંધાઈને આપણે સૌએ નૂતન વર્ષના વધામણા કર્યા. ભારત ખંડ માટે આખો દાયકો યુવાઓનો છે. કૌશલ્ય, જ્ઞાન, કારીગરી અને નાવીન્યતાના મોતીઓથી ભરેલા યુવાઓનો મહાસાગર આપણી પાસે છે.

વયથી નહીં પણ કર્મથી યુવા છે એવા કર્મનિષ્ઠ લોકો આફતોને અવસરમાં પલટાવીને સિદ્ધિઓને પ્રાપ્ત કરી લે છે. બાકી ઓટલે બેસીને ગપ્પા મારતાં મારતાં મોબાઈલમાં ગેમ રમનારાઓનો પાર નથી. દેશમાં યુવા હવાનો વાવટો લહેરાયો છે. સામાજિક, રાજકીય અને આર્થિક ક્ષેત્રમાં યુવાઓનું સ્થાન મજબૂત બનતું જાય છે. કોઈપણ દેશના ભવિષ્યનો આધાર યુવાશક્તિની દુરંદેશી પર રહેલો છે. આ વખતના અંકમાં આપણે યુવાઓની વાત કરવાનો પ્રયાસ કર્યો છે.

યુવાઓની ઉડાન અધવચ્ચે અટકી ન પડે તેમાં સમાજની કેળવણીના કેન્દ્રબિંદુ સમાન ‘કેળવણી ધામ’ જેવી સંસ્થાઓનો સિંહફાળો છે, તો દાયકાઓથી સમસ્ત લેઉઆ પટેલ સમાજની શિક્ષાકેન્દ્રનું વટવૃક્ષ બનીને સમગ્ર વિશ્વમાં શિક્ષણની સુવાસ ફેલાવનાર શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ જેવી સંસ્થાઓ આપણા યુવાઓના કૌશલ્યને દુનિયાભરમાં પહોંચાડવા કટિબદ્ધ છે.

પ્રસિદ્ધ વિજ્ઞાની અને મિસાઈલ મેન અબ્દુલ કલામ સાહેબ કહેતા કે, ‘નોકરી માટે ભટકતા યુવાઓ પેદા કરવાને બદલે નોકરી આપે તેવા યુવાઓની ફૌજ તૈયારી કરવી વધુ આવશ્યક છે.’ શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ આ જ દિશામાં કામ કરી રહી છે. અડધી સદીથી વધુ આપણી સંસ્થાની ખ્યાતિ છે પણ તેની ઊર્જા નવયુવાન જેવી જ રહી છે.

સમાજના વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને કોઈ સમસ્યા ન પડે તે માટે અત્યાધુનિક સુવિધા સાથે જ્યારે જરૂર પડી ત્યારે વધુ સુવિધાનું નિર્માણ કરીને શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળે પહેલ કરી છે અને નૂતન વર્ષે એક નવા મુકામે નવા બાંધકામ સાથે વધુ એક શૈક્ષણિક સંસ્થાનું નિર્માણ કરવા જઈ રહ્યાં છીએ.



**જય હિન્દ...**

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ

તરફથી સૌને

# શુભ દિપાવલી

અને

# નૂતન વર્ષાભિનંદન



# કન્યા છાત્રાલયમાં હર્ષોલ્લાસ સાથે નવરાત્રીની ઉજવણી કરાઈ





**લક્ષ્મી કા સાથ હો, સરસ્વતી કા સાથ હો, ગણેશજીકા નિવાસ હો...**
**ઔર મા દુર્ગા કા આશિર્વાદ સે આપકે જીવનમેં પ્રકાશ હી પ્રકાશ હો.**

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કન્યા છાત્રાલયના પટાંગણમાં તા. ૧૦ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ શારદીય નવરાત્રિ પર્વે માં અંબાની સ્થાપના કરવામાં આવી હતી.

નવરાત્રીના પ્રથમ નોરતે અને ઢળતી સાંજે ઝીણાં ઝાલરના નાદે વાધ્યે સવારે માં અંબાની પૂજા-અર્ચના કરવામાં આવી હતી. આ પ્રસંગે જાણે ગોકુળની ગોપીઓ કાનાને રાજી કરવા ગરબે ઘૂમતી હોય એમ સંસ્થાની વિદ્યાર્થીનીઓ પણ માં અંબાને રાજી કરવા નવે નવ દિવસ હર્ષોલ્લાસ સાથે રાસ-ગરબા રમી નવરાત્રી પર્વની ઉજવણી કરી હતી.

# સંસ્થાની જનરલ મીટીંગ મળી, નવા હોદ્દેદારોની વરણી કરાઈ

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદની વાર્ષિક જનરલ મીટીંગ તા.૨૦ ઓક્ટોબર,૨૦૧૮ના રોજ કન્યા છાત્રાલય, નારણપુરા ખાતે મળી હતી.જેમાં સંસ્થાના નવા હોદ્દેદારશ્રીઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

નવા હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે શ્રી દેવજીભાઈ એમ. સોજીત્રા, ઉપપ્રમુખ શ્રી રમેશભાઈ આર. ડોબરિયા, ઉપપ્રમુખ શ્રી ઘનશ્યામભાઈ પી. હિરપરા, મંત્રી શ્રી મનોજકુમાર ટી. ડોબરિયાની વરણી કરવામાં આવી હતી. અન્ય હોદ્દેદારોની જરુરિયાત મુજબ નિમણૂક કરવાની સત્તા પ્રમુખશ્રીને અપાઈ હોવાથી તેમના દ્વારા ખજાનચી તરીકે શ્રી મગનભાઈ એમ. સેંજલિયા, સહમંત્રી (રસોડા વિભાગ) તરીકે શ્રી નટુભાઈ આર. કકાણીની નિમણૂક કરાઈ હતી. મીટીંગ બાદ સંસ્થાના ટ્રસ્ટી શ્રી ભીખુભાઈ ગજેરાના પિતા શ્રી પોપટબાપાનાં અવસાન નિમિત્તે છાત્રાલયની દિકરીઓને ભોજનઅપાયુ હતું. બાદમાં છાત્રાલયનાં હોલમાં શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

# ટ્રસ્ટી શ્રી સુસ્મિતભાઈ રોકડનાં જન્મદિનની ઉજવણી કરાઈ



શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ સંચાલિત કુમાર અને કન્યા છાત્રાલયમાં ટ્રસ્ટી શ્રી સુસ્મિતભાઈ રોકડના જન્મદિનની ઉજવણી ભવ્યાતિભવ્ય રીતે કરાઈ હતી. આ પ્રસંગે પરિવારજનો સહિત છાત્રોની ઉપસ્થિતિમાં શ્રી સુસ્મિતભાઈએ કેક કાપીને જન્મદીન ઉજવ્યો હતો. શ્રી સુસ્મિતભાઈ તરફથી વિદ્યાર્થી-વિદ્યાર્નીઓને ભોજન અપાયું હતું. તેમનાં સુપુત્ર શ્લોક સહિત તેમનું મિત્રવૃંદ અને ટ્રસ્ટી એવા તેમના વેવાઈ શ્રી ઘનશ્યામભાઈ હિરપરા પરિવાર સહિત હાજર રહ્યા હતાં, ઉપરાંત રજનીભાઈ અને અન્ય મહાનુભાવો પણ હાજર રહ્યા હતાં.

# મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં છાત્રાલયના પટાંગણમાં શિષ્યવૃતિ ચેક વિતરણ સમારોહ યોજાયો





શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કન્યા અને કુમાર છાત્રાલયમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે અનેક પ્રવૃત્તિઓ હાથ ધરાય છે. જેમાં એક મહત્વની કામગીરી રૂપે વિદ્યાર્થીઓને આર્થિક સહાય પણ કરવામા આવે છે. જે અંતર્ગત તા. ૨૫ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ કન્યા છાત્રાલયના પટાંગણમાં શિષ્યવૃતિ ચેક વિતરણ સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ટ્રસ્ટીગણ અને મહેમાનો સહિત સમાજના અગ્રણીઓની હાજરી ઉડીને આંખે વળગે તેવી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાનાં ટ્રસ્ટી શ્રી વલ્લભભાઈ કાકડિયા, ટ્રસ્ટી શ્રી રવજીભાઈ વસાણી, પ્રમુખ શ્રી દેવજીભાઈ સોજીત્રા, મંત્રી શ્રી મનોજભાઈ ડોબરિયાએ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબનું ગેટ પર ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સમાજના ટ્રસ્ટીઓ અને સમાજની દિકરીઓનું સન્માન કર્યું. સંસ્થાના ટ્રસ્ટી-પ્રમુખ શ્રી દેવજીભાઈ સોજીત્રાએ સમાજની અડાલજ ગામે લીધેલી જમીન બાબતે સૌને માહિતગાર કરીને સંસ્થાને ઉદાર હાથે દાન આપવા અપીલ કરી હતી. **સંસ્થાને દાન માટે શ્રી દેવજીભાઈએ સંત કબીરજીના દોહા ગાઈને અદભૂત રીતે રજુઆત કરી હતી, જેનાથી પ્રેરાઈને અનેક દાતાઓ દાન આપવા પણ પ્રેરાયા છે.** તેમણે વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ તથા આમંત્રીત મહેમાનોનો પણ ઉત્સાહ વધાર્યો હતો.

> “ દાન હંમેશા માગવા જવુ પડે છે, તેને બદલે આ વખતે અનેક દાતાઓએ સામેથી દાન આપ્યુ છે અને સંસ્થાના ટ્રસ્ટી બનવાની તૈયારી પણ દર્શાવી છે. ટ્રસ્ટી બનવા માટે કુલ ૫૧ નવા નામો સામેથી આવ્યા છે, જેમાનાં કેટલાંક નામો અહીં ઉલ્લેખ્યા છે, પરંતુ સમયનાં અભાવે અનેક નામો ઉલ્લેખી શકાયા નથી. હજુ પણ અનેક લોકો દાતા બનવા સામેથી નામ નોંધાવે છે, જે ખરેખર આનંદ અને ગૌરવની બાબત છે.
>
> **- દેવજીભાઈ સોજીત્રા,**
> પ્રમુખ : શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ

બાદમાં સંસ્થાની વિદ્યાર્થીનીઓ દ્વારા રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનું પુષ્પ વર્ષા તથા ગરબા દ્વારા ભવ્ય સ્વાગત કરાયુ હતું. મુખ્યમંત્રીશ્રીના આગમનથી કાર્યક્રમમાં એક નવી ઉર્જાનો સંચાર થયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી સહિત સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ તથા સમાજના આમંત્રીત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. સંસ્થાનાં પાયામાં જેમનું ખૂબ સારૂ યોગદાન છે તેવા શ્રી વલ્લભભાઈ કાકડિયાએ સંસ્થાના ઉદ્દેશ, કાર્યો અને આજ સુધીની સફર અંગે સૌને માહિતગાર કર્યા હતા.

બાદમાં સંસ્થાના પ્રમુખ શ્રી દેવજીભાઈ સોજીત્રા, શ્રી વલ્લભભાઈ કાકડિયા, શ્રી રવજીભાઈ વસાણી, શ્રી કાળુભાઈ ઝાલાવાડિયા, કન્યા છાત્રાલયના દાતાશ્રી જીતેશભાઈ ભગત દ્વારા મુખ્યમંત્રીશ્રીનું બુકે તથા મોમેન્ટો આપીને સ્વાગત કરાયુ હતું. સમાજના અન્ય ઘટકોના પ્રમુખ-મંત્રી દ્વારા પણ મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કરાયુ હતું. આ પ્રસંગે અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના મેયર શ્રીમતી બિજલબેન પટેલનું પણ બુકે તથા મોમેન્ટો આપીને તથા સ્ટેજ પર બિરાજમાન અન્ય મહેમાનોનું બુકે આપીને સ્વાગત કરાયુ હતુ.

પ્રાસંગિક ઉદ્‌બોધન ટ્રસ્ટી શ્રી હિમ્મતભાઈ કસવાળાએ કર્યું હતું. સમાજના હોનહાર અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, શ્રી વલ્લભભાઈ કાકડિયા અને મહેમાનોના હસ્તે આર્થિક સહાયના ચેક એનાયત






કરવામાં આવ્યા હતા. આ ભગીરથ કાર્યમાં શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ સાથે આર. પી. વસાણી ફાઉન્ડેશન તથા શ્રી એમ. એમ. ઝાલાવાડિયા ફાઉન્ડેશન જેવી સંસ્થાઓ દ્વારા પણ આર્થિક સહાય કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ અંતર્ગત ભોજન બીલ સહાય અપાઈ હતી. મુખ્યમંત્રીશ્રીએ પ્રવચનમાં વિવિધ દષ્ટાંતો દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતું અને સમાજની જરૂરિયાત એવા વિદ્યાર્થી છાત્રાલયોના બાંધકામ અને જાળવણી માટે ઉદારતા દાખવવાની તૈયારી દર્શાવી હતી. આ પ્રસંગે છાત્રાલયનાવિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ મુખ્યમંત્રી સાહેબને સ્કેચ ભેટમાં આપીને હર્ષની લાગણી અનુભવી હતી.

મહેસુલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ તેમની વ્યસ્તતાને લઈને કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શક્યા નહોતા, પરંતુ કાર્યક્રમ બાદ તેમણે સંસ્થાની મુલાકાત લઈને શુભેચ્છાઓ પાઠવી હતી અને કોઈપણ કામ માટે હરહંમેશ સાથે રહેવાની હૈયાધારણા આપી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના મંત્રી શ્રી મનોજભાઈ ડોબરિયા, ઉપપ્રમુખ શ્રી ઘનશ્યામભાઈ હિરપરા, ઉપપ્રમુખ શ્રી રમેશભાઈ ડોબરિયા યુવા ટ્રસ્ટી શ્રી સંજયભાઈ સાવલિયા, શ્રી કમલેશભાઈ ગોંડલિયા, શ્રી હિમ્મતભાઈ કસવાળા તથા અન્ય સદસ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે શ્રી દેવજીભાઈએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે થયેલા સંસ્થાના ઉદ્‌ઘાટન સમારોહના ફોટોગ્રાફ્સ, તકતી અને નવીન અદ્યતન લાયબ્રેરની વિઝીટ બાદ મુખ્યમંત્રીશ્રીએ વિદાય લીધી હતી. બાદમાં સમાજનાં આગેવાનો, સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ તથા વિદ્યાર્થી ભાઈ-બહેનો ભોજન લઈને છૂટા પડ્યા હતા.

### દાતાઓનો અવિરત દાન પ્રવાહ...

ભામાશા વડાલિયા પરિવાર દ્વારા સ્વ. મોહનભાઈ વાલજીભાઈ તથા સ્વ. શ્રીમતી જયાબેન આ સંસ્થાના પાયાના દાતા હોઈ તેમના પુત્રોએ પોતાની સમૃદ્ધિનો સદુપયોગ કરીને દાન સંસ્કારનો વારસો આગળ વધારતા અડધો કરોડ ઉપરાંત એટલે કે ૫૧.૫૧ હજાર (એકાવન લાખ એકાવન હજાર) નું દાન નોંધાવ્યુ હતુ. જેમાં શ્રી કિરીટભાઈ મોહનભાઈ પટેલ, સ્વ. શ્રી હર્ષદભાઈ મોહનભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ મોહનભાઈ પટેલ, શ્રી મહેન્દ્રભાઈ મોહનભાઈ પટેલ, શ્રી કપિલભાઈ હર્ષદભાઈ પટેલનો દાનનો સંકલ્પ સમગ્ર સમાજને પ્રેરણા આપનારો છે. તેવા જ આપણા સમાજનાં અંકલેશ્વરથી દાનનો પ્રવાહ ચાલુ રાખનાર શ્રી વિપુલભાઈ વલ્લભભાઈ ગજેરા (નિલકંઠ ગૃપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ-અંકલેશ્વર) કે જેઓ કેમીકલ વ્યવસાયી છે તેઓ પણ રૂ.૧૧ લાખનું દાન આપીને સંસ્થાના ટ્રસ્ટી બનેલ છે. તેમજ કન્યા છાત્રાલયમાં અવિરત સેવા ચાલુ છે તેવી દિકરી કુ.સ્નેહાના પિતા શ્રી ભરતભાઈ રાદડિયા તથા જગદીશભાઈ વલ્લભભાઈ ભુવા (Z Plus Wood Plast Pvt. Ltd) પણ રૂ.૧૧ લાખનું દાન આપી સંસ્થાના ટ્રસ્ટી બનેલ છે. તેમજ અમેરિકા સ્થિત સ્વ. ડૉ. એસ પી. ગૌદાનીના પુત્ર શ્રી શાશ્વતકુમાર શંભુભાઈ ગૌદાની એક રૂમના દાતા થયેલ છે.




**શ્રદ્ધાંજલિ**

# સમાજકાર્ય માટે હંમેશા અગ્રેસર રહેતા પોપટદાદાને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી પોપટભાઈ ગજેરા**
ગામ-લુણીધાર, તા.જિ.અમરેલી

સ્વ. શ્રી પોપટભાઈ ગર્ભશ્રીમંત ખેડૂત પરિવારના સુપુત્ર હતા. તેઓ શ્રીમંતાઈના બાહ્યાડંબર કરતા સાચા પુરૂષાર્થમાં માનતા હતા. સમાજમાં દરેક પળે થતી સામાજિક-ધાર્મિક પ્રવૃત્તિઓમાં ખૂબ જ રસ ધરાવનારા વ્યક્તિ હતા. તેઓ આપણી છાત્રાલયમાં શરૂઆતનાં કારોબારી સભ્ય હતા. સેવા-સમર્પણ-સદાચાર અને સહકારના આગ્રહી હતા. તેઓ સંવેદનાના વિચારોને મૂર્તિમંત કરી 'બેટી બચાવો - બેટી પઢાઓ - બેટી બઢાઓ' જેવી નેમ રાખનાર 'અમારા એ દાદા વિપુલ વડના ઝુંડ સરખા'ની જેમ વ્હાલ વરસાવતા હતા. તેઓનાં સમયમાં દિકરીઓને શિક્ષણ આપી કન્યાની મહત્તા દર્શાવતા 'કન્યાદાન જેવું કોઈ મહાદાન નથી' તેવું રટણ કરનાર તથા સૌરાષ્ટ્રના રજવાડાને સાક્ષાત્કાર કરનાર ગૌ બ્રાહ્મણ પતિ પાળ, દુઃખી ગરીબોના બેલી, ભૂખ્યાને ભોજન આપનાર 'રોટલાના રાજા' અમોલ વાચા અબાલ વૃદ્ધના સહૃદયી હતા. સાચા અને સ્પષ્ટ બોલા, સત્ય કર્તવ્ય પ્રેમી, કર્મનિષ્ઠ અને કર્મિષ્ઠ હતા.

શ્રી ગીતાજીની ઉક્તિને સાક્ષાત્કાર કરનાર 'કર્મણ્યે વાધિકારસ્તે મા ફલેસુ કદાચન'ની જેમ સંઘર્ષ કરો અને સફળતા મેળવો એ જ મંત્ર રટનાર 'ગજેરા' પરિવારના મોભી હતા.

ધર્મનિષ્ઠ જીવ જેમ કે ગાયત્રી પરિવાર હોય કે શ્રી સુંદરકાંડ પરિવાર હોય, અન્ય ધાર્મિક-સામાજિક સંસ્થા હોય તેમના સાચા હમસફર બની ધર્મપ્રેમી આત્મજ બનતા હતા. સમાજમાં કે અન્યત્ર સમૂહલગ્નમાં અર્પણ-તર્પણ-સમર્પણની ભાવના રાખી તેની સફળતા માટે સિંહફાળો આપી સહભાગી બનતા હતા.

સ્વભાવે સરળ, સાદાઈ, પરોપકારી, સેવાભાવી એવા પર દુઃખ ભંજન મનોવૃત્તિ ધરાવનાર જીવ એટલે શ્રી પોપટદાદા. તેઓશ્રી ગામ લુણીધારનાં વતની સાથે તાલુકા કક્ષા સુધી સૌનો આત્મજ બની, તે સમયે ગ્રામજનોમાં જીવનપયોગી શિક્ષણ અને સંસ્કારના સિંચન માટે શાળા નિર્માણનું કાર્ય કર્યું હતું. ખેડૂત પરિવારના સુપુત્ર એટલે ખેડૂતોના પ્રાણપ્રશ્નો સમા પાણી માટે ખેત તલાવડી, ચેકડેમ નિર્માણ કર્યા. ધાર્મિક કક્ષાએ શ્રીરામના ગુણોનો સાક્ષાત્કાર કરવા શ્રી રામજી મંદિર જીર્ણોદ્ધાર કે શ્રી ગાયત્રી સ્વાધ્યાય પરિવારમાં સત્કાર્ય માટે અગ્રેસર રહેતા હતા.

મોરનાં ઈંડા ચિતરવા પડતા નથી. તેમ તેઓના જ પિતા સ્વ. શ્રી કાનજીદાદાના ગુણોના વારસાને આગળ વધારનાર સાચા વારસદાર હતા. ઈ.સ. ૧૯૬૫ના વર્ષથી પોતાના માદરે વતનમાં વેપાર કરી નામના મેળવી. પાંચ ગામ પાટીદાર પંચ સમાજનાં સદસ્ય અને રાહબર રહ્યા હતા. તેઓ પોતાના કે સમાજના વડિલોને યાત્રા કરાવી આધુનિક શ્રવણ બની વડિલોના આર્શિવાદિત બનતા હતા.

શ્રી પોપટદાદા તા. ૩/૧૦/૨૦૧૮ના રોજ પરલોક સિધાવ્યા છે. તેઓ સાચા સમાજ સુધારક બની, જૂની પેઢીથી ચાલતા કુરિવાજો અને રૂઢિચુસ્તતા, અંધશ્રદ્ધાના વિરોધી, મૃત્યુ પાછળની ખોટી ધાર્મિક વિધીઓ દૂર કરાવી હતી. શૈક્ષણિક, ઐતિહાસિક અને આધ્યાત્મિકતાનો ત્રિવેણી સંગમ એટલે પ્રચંડ પ્રણેતા પ્રેરણા સ્રોત શ્રી પોપટદાદા.

તેઓનાં સ્વર્ગવાસ પછી તેમનાં વિચારોને ચરિતાર્થ કરતાં તેમનાં વારસદારોએ પણ પારંપારિક પરંપરાઓમાં ન પડતાં કન્યા છાત્રાલયમાં ભોજનદાન કરી અનોખી શ્રદ્ધાંજલિ અર્પેલ.

STATUE OF UNITY
एक भारत, श्रेष्ठ भारत



રાષ્ટ્રના ઘડવૈયા અને અખંડ ભારતના શિલ્પી
શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને
સાચી શ્રદ્ધાંજલિ રૂપે નિર્માણ કરાયેલી વિશ્વની સૌથી મોટી પ્રતિમા
**'સ્ટેચ્યુ ઓફ યુનિટી'**
નાં 'રાષ્ટ્રીય એકતા દિવસ' પર કરાયેલા રાષ્ટ્રાર્પણને સહર્ષ વધાવીએ છીએ.

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ - અમદાવાદ.

# સ્વાભિમાન રાખો, અભિમાન નહીં



**સફળ થવું કોને ના ગમે! દરેક માનવી પોતપોતાના ક્ષેત્રમાં સફળતા મેળવવા મરણિયા પ્રયાસ કરતા હોય છે. પ્રયાસો અને અથાગ પરિશ્રમ સફળતા અપાવીને જ રહે છે, પણ એ સફળતાના નશામાં તમે પોતાને ના ભૂલી જતા.**

સફળતા જિંદગીને જીવવા જેવી બનાવે છે. અનેક કામ નહી કરો તો ચાલશે, પણ એક કામ એવું કરજો જે તમારા નામે હોય. તમારી ખરી સફળતા એ નથી કે તમે કામને પૂરુ કર્યું પણ તમે જેનું નિર્માણ કરો છો, તે તમારા ગયા પછી જીવતુ રહે એ ખરી સફળતા છે.

સફળતાની વ્યાખ્યા દરેકે પોતાની મરજી મુજબ બનાવી હોય છે. પાનના ગલ્લાથી માંડી કંપની સુધી દરેક પોતાની રીતે સફળ જ છે, પણ તે સફળતાનું મૂલ્યાંકન તેના કદ પ્રમાણે જ થાય છે. વિશ્વ વોરેન બફેટ, બિલ ગેટ્સ કે રતન ટાટાને કેમ પ્રેરણાદાયી માને છે? તેનાથી પણ વધારે પૈસા કમાવવાવાળા બિઝનેસમેનો છે. પણ જે રીતે આ લોકો કામ કરે છે તે આદર્શ છે અને તે જ એક સારા બિઝનેસમેનની શોભા છે.

તમે અનન્ય, અદ્વિતીય અને અસામાન્ય છો તેવો વિશ્વાસ જગાવો અને શ્રેષ્ઠ વ્યક્તિત્વ બનાવો. કુમાર મંગલમ બિરલા જાહેરમાં કહે છે કે આજે બિરલા ગ્રૂપે વિશ્વમાં જે પ્રતિષ્ઠા મેળવી છે તે માત્ર મારા સહકર્મચારીઓની મદદથી જ મળી છે, મારા કર્મચારીએ મારુ સોનું છે. કર્મચારીઓ માટે તેનાથી વિશેષ બીજો કોઇ પુરસ્કાર નથી. અભિમાન અને સ્વાભિમાનની વચ્ચે પાતળી ભેદરેખા છે તેને ભૂંસાતા વાર નથી લાગતી. સ્વાભિમાન જ્યારે અભિમાન બને છે ત્યારે તેનો વિકાસ પણ રૂંધાઈ જાય છે. મેં કર્યું છે તે અભિમાન છે અને આપણે કર્યું તે સ્વાભિમાન છે.

વિનોબા ભાવેએ કહ્યું છે લોકોને સત્તાનું અભિમાન, સંપતિનું અભિમાન, બળનું અભિમાન, રૂપનું અભિમાન, કુળનું અભિમાન, વિદ્વતાનું અભિમાન હોય ત્યાં સુધી વાંધો નથી પરંતુ 'મને અભિમાન નથી' એવો દાવો કરવો એના જેવું ભયાનક અભિમાન બીજું એકેય નથી. અભિમાન

તમને તમારી જાતે મહાન બનાવે છે પણ વાસ્તવમાં એવું હોતું નથી. અભિમાન, અહંકાર અને દંભ માનવીમાં સફળતાની સાથે મફત આવે છે જે સમજી જાય છે તે ત્યાગ કરે છે પણ દેખાવો કરનાર તેનો આનંદ મનાવે છે.

સ્વામી વિવેકાનંદે વિશ્વને જ્ઞાનની ગંગા આપી છે અને તે જ્ઞાનગંગામાંથી મળેલું તેમનું એક અનમોલ વિધાન છે, 'નીતિમાન થજો, શૂરવીર બનજો, ઉદાર હ્યદયના થજો, જાનને જોખમે પણ વીર, ચારિત્ર્યવાન બનો'

**શૂરવીરો જ ઇતિહાસ બનાવે**

દરેક મહાન કામમાં એક મોટી સમસ્યા હોય છે અને તેમાં જ સફળતાનો એક રસ્તો પણ હોય છે. જે માત્ર તેને જ દેખાય છે જેની દ્દષ્ટિ તે લક્ષ્યને મેળવવા તલપાપડ હોય છે. કોઇ પણ મહાન ઇતિહાસની શરૂઆત અઘરી અને કષ્ટદાયક પીડામાંથી જ જન્મે છે, જે સામનો કરે છે તે આગળ વધે છે. એટલે જ તો દુનિયામાં તેનું સ્થાન અલાયદું બને છે. કુદરત તમારી પાસેથી કંઇક છીનવી લે છે તો તમને તેનાથી ડબલ શક્તિ આપે છે.

૬ જુલાઈ, ૧૯૪૬ના દિવસે ન્યૂયોર્ક શહેરની હોસ્પિટલમાં જટિલતા અને ગૂંચવણોની વચ્ચે એક બાળકનો જન્મ થયો. જન્મ તો થયો પણ માતાની પ્રસૂતિ દરમિયાન થયેલી મુશ્કેલીના નિરાકરણ માટે ડોક્ટરોએ જે ચીપિયાઓનો ઉપયોગ કર્યો તે અયોગ્ય રીતે થવાથી બાળકના જ્ઞાનતંતુઓ પર તેની ઊંધી અસર થઈ. પરિણામસ્વરૂપે તેની જીભ,

> **દરેક મહાન કામમાં એક મોટી સમસ્યા હોય છે અને તેમાં જ સફળતાનો એક રસ્તો પણ હોય છે. જે માત્ર તેને જ દેખાય છે જેની દૃષ્ટિ તે લક્ષ્યને મેળવવા તલપાપડ હોય છે.**

હોઠ અને દાઢીનાં અંગો સહિત ચહેરાની ડાબી બાજુનો નીચેનો ભાગ લકવાગ્રસ્ત થઇ ગયો. જેના લીધે તેનો ચહેરો અસામાન્ય બની ગયો અને બોલવામાં અસ્પષ્ટતા થવા લાગી. જેમણે બાળપણમાં જ આટલી મોટી આફતનો સામનો કર્યો હોય તેને પછી કઈ આફતનો ડર લાગે? સ્કૂલમાં વિચિત્ર ચહેરો અને નબળાઈઓને કારણે તેને અલગ કરી દેવામાં આવ્યો. તેણે ત્યારે જ સ્વીકારી લીધું જો ભગવાને મને અલગ બનાવ્યો છે તો હું દુનિયાને બતાવીશ કે હું અલગ જ છું. પોતાની નબળાઇઓને પોતાની શક્તિ બનાવીને તેમાં જીત મેળવવી તે ખાવાના ખેલ નથી. મનમાં ગાંઠ બાંધી લીધી કે ગમે તે થાય હું મારા લક્ષ્યને મેળવીને જ રહીશ. લક્ષ્ય હતું, ફિલ્મ એક્ટર-ડિરેક્ટર બનવાનું. શારીરિક નબળાઇઓને કારણે કોઇ ફિલ્મમાં લેવા તૈયાર નહોતું. પૈસાની મુશ્કેલી વધતા હવે તો કોઇ કામ કરવું જ પડે તેમ હતું. અંતે ફિલ્મ મળી પણ તે સોફ્ટ પોર્ન હતી. નાની-મોટી ફિલ્મો કરવાની સાથે તેણે એક સ્પોર્ટ્સ એક્શન ફિલ્મની કહાની લખી. નિર્માતા-દિગ્દર્શકો તે સ્ટોરી સાંભળીને તરત જ ફિલ્મ બનાવવા તૈયાર થવા લાગ્યા પણ હીરો તરીકે પોતાને લેવાની વાત કરતાં જ બધા હાથ ઊંચા કરી લેતા. અંતે એક નિર્માતા સ્ટોરી સાંભળીને તેને હીરો તરીકે લઇને ફિલ્મ બનાવવા તૈયાર થયા.

એ ફિલ્મ હતી ઓસ્કર વીનર 'રોકી' અને તેના હીરો હતા સિલ્વેસ્ટર સ્ટેલોન. આ ફિલ્મ માટે તેમને ઓસ્કરમાં બેસ્ટ એક્ટરનું નામાંકન મળ્યું. તેમણે દુનિયાને બતાવી દીધું કે સિલ્વેસ્ટરને કોઇ અભિશાપ નથી નડતો. સિને ઇતિહાસની અભૂતપૂર્વ ફિલ્મો 'રોકી' અને 'રેમ્બો' તેમણે જ બનાવી. ચમત્કારને હકીકતમાં બદલી શકાય છે, બસ તેને શૂરવીરોની જેમ લડતા આવડવું જોઇએ. હકીકતમાં સખત પરિશ્રમનો કોઇ વિકલ્પ નથી. તેઓ કહે છે દરેકને જીવનમાં એક જીવલેણ ક્ષણનો સામનો કરવો જ પડે છે, તેને ઝડપીને અમર બનાવવાની છે, જો તે વખતે તમે નહી કરી શકો તો તે તમને જીવનમાં ક્યારેય નહી મળે. હર કોઇ વિસર્જનમાં એક સર્જન હોય છે. શું તમે એ ઇતિહાસ બનાવવા તૈયાર છો?

**તમે જે કરો તે તમને ખબર હોવી જોઇએ!**

મહેનત, લગન, ધૈર્ય અને સહનશીલતા તમારા કાર્યને અન્યથી અલગ બનાવે છે. વારંવાર મહાન લોકો કહેતા હોય છે કે દુનિયામાં કોણે શું કર્યું તે નહી પણ તમે શું કરો છો એ જુઓ. વિલિયમ જે. બોવેરમેને (બિલ બોવેરમેન તરીકે વધુ જાણીતા છે) અમેરિકન ટ્રેક અને ફિલ્ડ કોચ જેમણે ૩૧ ઓલિમ્પિક રમતવીરોને તૈયાર કર્યા છે. એ

ઉપરાંત તેમના વિચારમાંથી એક એવી કંપની બની કે આજે વિશ્વના કોઇ પણ રમતવીર તે કંપની સાથે જોડાવવાનું પસંદ કરે છે. તેમનો સુખી પરિવાર હોવાથી વિચારોને આઝાદીના નીલગગનમાં વહન કરવાની ભેટ મળી હતી. તેઓ ખેલાડી ફૂટબોલના હતા પણ ભણ્યા જર્નાલિઝમ. ગ્રેજ્યુએશન પૂરું કર્યા પછી તેમણે કોચ બનવાનું નક્કી કર્યું. કોચ બન્યા પછી જ્યારે ૧૯૪૨માં પર્લ હાર્બર પર એટેક થયો ત્યારે આર્મીમાં જોડાઇને અમેરિકન નાગરિક તરીકેની ફરજ પૂરી કરી.

આર્મીમાં પણ તેમણે બ્રોન્ઝ અને સિલ્વર પદક પ્રાપ્ત કર્યું. આર્મીમાંથી તેમને માન-સન્માન પૂર્વક વિદાય આપવામાં આવી. ફરીથી તેઓ કોચ બની ગયા. જેમ ચકમક પથ્થર સો વર્ષ સુધી પાણીમાં પડયો રહે, તો પણ તેનો અગ્નિ નષ્ટ થતો નથી. અને પાણીમાંથી બહાર કાઢી બીજા પથ્થર સાથે ઘસતાં જ ચિનગારીઓ નીકળવા લાગે છે. તેમ પોતાના કામમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખનાર વ્યક્તિ ભલે હજારો આફતો વચ્ચે આવી પડે, તો પણ તેની શ્રદ્ધા તેના કામ સુધી લઈને જ જંપે છે. કોચ બનતાની સાથે જ તેઓ યુનિવર્સિટીઓથી લઇને આંતરરાષ્ટ્રીય ટીમોમાં કોચિંગ આપવ લાગ્યા.

૧૯૭૨માં મ્યુનિકમાં રમાયેલ ઓલિમ્પિકમાં નોર્વે, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને યુનાઇટેડ સ્ટેટ્સ વતી ટ્રેક પર દોડવા ઉભેલ ખેલાડી તેમના નીચે તૈયાર થયા હતા. તેમની નીચે તૈયાર થયેલા રમતવીરમાં એક

**મહેનત, લગન, ધૈર્ય અને સહનશીલતા તમારા કાર્યને અન્યથી અલગ બનાવે છે. વારંવાર મહાન લોકો કહેતા હોય છે કે દુનિયામાં કોણે શું કર્યું તે નહીં પણ તમે શું કરો છો એ જુઓ.**

ફિલ નાઇટ હતા. ફિલ નાઇટ અને બોવરમેન વચ્ચે ગુરુ-શિષ્યનો સંબંધ દોસ્તીમાં પરિણમ્યો અને બંનેએ ૧૯૬૪માં 'Blue Ribbon Sprots ' નામની કંપની બનાવી. જેમાં સ્પોર્ટ્સની સાથે સંકળાયેલ પ્રોડક્ટ બનાવવામાં આવતી હતી, ખાસ કરીને શૂઝ અને ટ્રેક. સાંભળ્યું છે ક્યારેય આ કંપનીનું નામ? યાદ નથી આવતુંને? ૧૯૭૧માં પ્રથમ રિટેઇલ સ્ટોર ખોલ્યો. ૧૯૭૪માં એ કંપનીએ પોતાનું નામ રજિસ્ટર્ડ કરાવ્યું. શું હતું એ નામ જાણો છો? 'નાઇકી'. આજે વિશ્વનો કોઇ એવો દેશ નહી હોય કે ત્યાં આ બ્રાન્ડ ના હોય. કંપનીનું સ્લોગન 'Just Do It' કંપનીનું મટીને વિશ્વભરની પ્રેરણા બની ગયું. આ સ્લોગન ૧૯૮૮માં કેમ્પેઇન માટે તૈયાર કરવામાં આવ્યું હતું જે આજે પણ નાઇકીનો ટ્રેડમાર્ક છે.

કાર્યનો પ્રારંભ કરો તો તમને તમારું લક્ષ્ય મળીને જ રહે છે. બિલ બોવેરમેનનું ૧૯૯૯માં અવસાન થઇ ગયું પણ તેઓ ખેલાડીને પ્રોત્સાહન આપવા કહેતા કે જે મેઝિક છે તે માનવીની અંદર છે નહી કે ૧૦૦ મીટરનાં અંતરમાં.

### તમે તમે જ રહો

નારાયણ મૂર્તિએ ભારતના પ્રિય અને સન્માનીય બિઝનેસમેન છે. આજે તો તેઓ ૧.૫ મિલિયન ડોલરની મિલકત ધરાવે છે. વાસ્તવમાં નારાયણ મૂર્તિએ ૧૯૭૬માં સોફ્ટ્રોનિક કંપનીની સ્થાપના કરી હતી જે સદંતર રીતે નિષ્ફળ નીવડી હતી. નારાયણનું વિઝન, મિશન અને ડ્રીમ એક જ ઝાટકે તુટી ગયું. જે હતું તે બધુ જ આમા સ્વાહા થઇ ગયું. મદદ લેવી તો પણ કોની પાસેથી કેમ કે હવે તો વિશ્વાસ મેળવવો અઘરો થઇ ગયો હતો.

જે મનુષ્ય નિંદા સહી લે છે તે આખા જગત પર વિજય પ્રાપ્ત કરે છે અને તે કરવામાં તેઓ સફળ થયા કેમ કે પરિશ્રમ બધીજ વસ્તુઓ ઉપર વિજય,મેળવી શકે છે. આ સમયે તેમના જીવનમાં વિજયસ્વી, લક્ષ્મી, સરસ્વતી અને શારદા બનીને જે આવ્યા તે હતા સુધા મૂર્તિ. ૧૯૯૧માં ઇન્ફોસિસની સ્થાપના નારાયણ મૂર્તિએ કરી હતી પણ તેમાં રૂ. ૧૦,૦૦૦નું રોકાણ સુધા મૂર્તિએ કર્યું હતું. સુધાના વિશ્વાસથી નારાયણ મૂર્તિનો વિશ્વાસ દ્રઢ બન્યો. નારાયણ મૂર્તિ પાછળથી સતત હુંફાળો સાથ આપનાર સુધાજીએ બી.ઇ. અને એમ.ઇ ઇન ઇલેક્ટ્રિકલ એન્જિયનીયરિંગ કર્યું છે. ખૂબીની વાત તો એ છે કે દરેકને ભણવા માટે પ્રોત્સાહન આપનાર સુધા દરેક કલાસમાં પ્રથમ જ આવ્યા છે. તેમને બન્ને ડિગ્રી માટે ગોલ્ડ મેડલ મળ્યો હતો. સુધાએ ક્યારેય કોઇને નબળા નથી

સમજ્યા કે નહી પોતાને.

ગોલ્ડ મેડલ સાથે પાસ થનાર સુધાએ નોકરી માટે ભારતની સૌથી મોટી ઓટો ઉત્પાદક કંપની ટાટા મોટર્સ (ટેલકો)માં અરજી કરી. પુરૂષ પ્રધાન કંપનીમાંથી વળતો જવાબ આવ્યો કે અમારી કંપનીમાં માત્ર મેલ જેન્ડરને જ લેવામાં આવે છે. હવે, આ સ્ત્રી થોડી કંઇ સામાન્ય હતી. તેમણે જ તો સ્ત્રીને ગૌરવ અપાવવા નવો માર્ગ ખોલવાનો હતો. સુધાનું આત્મવિશ્વાસ અને નિષ્ઠા જોઇને કંપનીએ ઈન્ટરવ્યું માટે પરવાનગી આપી. ટેલકોએ જ ઈન્ફોસિસનું સર્જન કર્યું છે તેમ કહી શકાય કેમ કે આ કંપનીએ જ સુધા અને નારાયણનું મિલન કરાવ્યું હતું.

સુધા જ્યારે પુણેમાં ઈન્ટરવ્યું આપવા ગયા ત્યારે તેમની પ્રથમ વખત નારાયણ મૂર્તિ સાથે મુલાકાત થઇ હતી. ટાટા કંપનીમાં ફર્સ્ટ લેડી બનીને જોબ મેળવનાર સીધા, સાદા અને સરળ સુધા મૂર્તિ આજે ઈન્ફોસિસ જેવી માતબર કંપનીના ચેરપર્સન છે. સુધાજી ભારતના ગામડા અને ગરીબોને પ્રગતિશીલ કરવા શિક્ષણ અને સામાજિક કાર્યોમાં કાર્યરત છે. સુધા મૂર્તિ કહે છે સંઘર્ષ એ જીવન છે. સંઘર્ષથી મળતી સફળતાનો સ્વાદ મીઠો હોય છે તેને ઓળખવાની શક્તિ તમારે કેળવવી પડે. તમે તમે બનીને રહો તો જીવનભર તમને અનેરો આનંદ મળતો રહે છે.

### વોરેન બફેટ

દુનિયા જેને ધનવાન કહે છે, દાનવીર કહે છે તે વોરેન બફેટ ક્યારેય પોતાને અમીર માનતા નથી. અમીર-ગરીબ તેમના માટે શબ્દોથી વિશેષ નથી. અબજો રૂપિયાનું ચેરીટીમાં દાન કરનાર વોરેન બફેટે આપેલ એક ઈન્ટરવ્યુંમાંથી વીણેલા મોતી

દુનિયા જે 'બર્કશાયર હેથવે' કંપનીના શેર ખરીદવા લાઈનમાં ઉભી રહે છે તે કંપનીના માલિક વોરેન બફેટે ૧૧ વર્ષની ઉંમરે પ્રથમ વખત શેર ખરીદ્યા હતા અને હવે તેઓ પસ્તાય છે કે શરુઆત ઘણી મોડી કરી હતી. ૧૪ વર્ષની ઉંમરે તેમણે પોતાનું નાનું ફાર્મ ખરીદ્યું હતું જે તેમણે ફેરિયા તરીકે છાપાં વેંચીને કરેલી બચતમાંથી લીધું હતું

૫૦ વર્ષ પહેલાં તેઓ પરણ્યા ત્યારે જે ઘરમાં રહેતા હતા એ જ ઓમાહા શહેરના નાના ૩ બેડરુમના ઘરમાં તેઓ અત્યારે પણ રહે છે. "મને જોઇએ એ બધું જ આ ઘરમાં છે." આજે પણ તેઓ પોતાની કાર જાતે જ ડ્રાઇવ કરે છે. તેઓ માને છે કે માનવીએ તેના દરેક કાર્યો પોતાની જાતે કરવા જોઈએ, કોઈ પર આધાર રાખવો પડે તે તમારી નબળાઈ છે

વિશ્વની સૌથી મોટી પ્રાઈવેટ જેટ કંપનીના માલિક હોવા છતાં જાહેર વિમાનમાં મુસાફરી કરે છે, તેઓ ક્યારેય પ્રાઈવેટ વિમાનમાં મુસાફરી કરતા નથી

અલગ અલગ પ્રકારની ૬૩થી વધુ કંપની ધરાવતા વોરેન બફેટને ક્યારેય સીઇઓ સાથે નિયમિતપણે મીટીગ બોલાવવી નથી પડી, તેમની કંપની 'બર્કશાયર હેથવે' ૬૩ કંપનીઓ ધરાવે છે. દર વરસે દરેક કંપનીના સીઇઓ ને લક્ષ્ય નિર્ધારીત કરી આપતો માત્ર એક જ પત્ર લખે છે. તેઓ ક્યારેય મિટિંગો ગોઠવતા નથી કે નિયમિતપણે કોઈને બોલાવતા નથી.

તેમનો એક જ નિયમ છે અને તે જ તેમણે તેમની દરેક કંપનીના સીઇઓ માટે નિયમો ઘડ્યા છે : તમારા શેરહોલ્ડરના પૈસા નહી ડૂબવા જોઇએ.

તેમને જાહેરમાં પોતાની પ્રસિદ્ધિ કરાવવી ગમતી નથી, તેમનું કામ ભલું અને તેઓ ભલા,તેઓ હાઈસોસાયટીમાં ભળતા નથી. હા, નવરાશનો સમય પોપકોર્ન ખાવામાં અને ટીવી જોવામાં ગાળે છે.

યુવાનોને તેઓ શીખ આપે છે કે ક્રેડીટકાર્ડથી દૂર રહો અને ગજા પ્રમાણે રોકાણ કરો. ક્યારેય કોઈના પર બોજ બનશો નહિ, તમારામાં એ સામર્થ્ય છે જે દરેક બિઝનેસમેનમાં છે.

**ટકોર :** જેનું કામ જ બોલે તે ખરો સેવક થઇ શકે છે, એ મૂંગો હોય તો પણ છેવટે એનું કામ એને બહાર લાવે છે. -સરદાર પટેલ

અભિમાને ફરિસ્તાઓને શેતાન બનાવી દીધા, જ્યારે નમ્રતાએ ઈન્સાનને ફરિસ્તા બનાવી દીધા. -સેન્ટ ઓગસ્ટેન

### પીક અપ પોઈન્ટ

સંગીતની દુનિયાની વાત કરીએ એટલે તરત HMV કંપનીનું નામ યાદ આવે. લંડનની આ કંપનીની સ્થાપના ૧૯૦૮મા થઇ હતી. આજે તો આ કંપની વિશ્વભરના દેશોમાં છે. લંડન સિવાય હોંગ કોંગ અને સિંગાપોર થી કંપનીનું કાર્ય સંચાલન કરવામાં આવે છે. HMVનું આખું નામ His Master's Voice છે.

# આજનો યંગસ્ટર્સ લાઇફ અને કરિયર પ્રત્યે બેદરકાર છે?



**મોબાઈલ અને મનોરંજન પાછળ આજનું યુવાધન એની જિંદગી વેડફે છે. દરેકનું કંઈક ને કંઈક લફરું હોય છે. આ વાત સાચી છે? એનો સ્પષ્ટ જવાબ છે, ના. આજનો યંગસ્ટર્સ અગાઉની તમામ પેઢીઓ કરતાં વધુ ડાહ્યો, મહેનતુ, સમજદાર અને ક્રિએટિવ છે. આપણને એની સારી બાજુ દેખાતી જ નથી.**

આખી દુનિયાની સરખામણીમાં આપણા દેશમાં યંગસ્ટર્સની સંખ્યા સૌથી વધુ છે. પોલિટિકલ પાર્ટી હોય કે કોઈપણ વસ્તુ બનાવતી કંપની, એનો મેઈન ટાર્ગેટ યુવાનો જ છે. સોશિયલ મીડિયા પર યંગસ્ટર્સ બિન્ધાસ્ત રીતે પોતાનું મંતવ્ય રજૂ કરે છે. તમે શું માનો છો, આજની યુવાપેઢીને કંઈ જ ખબર નથી પડતી? એ પોતાની લાઈફ અને કરિયર પ્રત્યે બેદરકાર છે? એનામાં કોઈ ક્રિએટિવિટી નથી? એનો ચોખ્ખો ને ચટ જવાબ છે, ના. જો કોઈ એવું માનતું હોય તો એ એની ગેરસમજ છે. હા, અમુક કિસ્સાઓ એવા હશે કે કોઈ યુવાન આડારસ્તે હોય પણ એકલ-દોકલ ઘટનાઓને કારણે બધા જ યુવાનોને દોષ દેવો વાજબી નથી.

એપલના કો-ફાઉન્ડર સ્ટીવ વોઝ થોડા સમય પહેલાં આપણા દેશની મુલાકાતે આવી ગયા. એમણે સારી ભાષામાં ભારતીય યુવાનોની ટીકા કરી. એણે શું કહ્યું એની વાત કરતા પહેલાં તેનો થોડોક પરિચય જાણી લઈએ. એપલ કંપનીના સ્ટીવ જોબ્સ સહિત મુખ્ય ત્રણ સ્થાપકો પૈકીના તેઓ એક છે. હવે તેઓ એપલ સાથે નથી પણ ટેક્નો વર્લ્ડમાં તેમનું મોટું નામ છે. ૬૭ વર્ષના સ્ટીવ વોઝનું સાચું નામ સ્ટીફન ગેરી વોઝનીયાક છે. તેમણે ચાર લગ્ન કર્યાં છે. ભારતની મુલાકાત વખતે તેમણે કહ્યું કે, અહીંના યુવાનોમાં ક્રિએટિવિટીની કમી છે. મ્યુઝિક, સ્પોર્ટ્સ અને આર્ટમાં બહુ પાછળ છે. એ નોકરી મેળવવા ભણે છે. નોકરી મળે પછી બંગલો અને લક્ઝુરિયસ કાર ખરીદે છે. તેમનું કહેવાનું આડકતરી રીતે એ હતું કે પછી કંઈ કરતા નથી. માની લઈએ કે આપણા દેશનું એજ્યુકેશન જોબ ઓરિએન્ટેડ છે, યંગસ્ટર્સનો ઉદ્દેશ સારી નોકરી મેળવવાનો

જ છે, તો પણ એમાં વાંક યુવાનોનો નથી, વાંક આપણી સિસ્ટમનો છે. મ્યુઝિક, ડાન્સ, સ્પોર્ટ્સ, પેઇન્ટિંગ, એક્ટિંગ, રાઇટિંગ અને બીજી કોઇ ક્રિએટિવ લાઇનમાં કરિયર કે ઇન્કમની કોઇ ગેરન્ટી નથી. આપણા સમાજમાં નોકરી કે બિઝનેસ કરતા હોય એને જ સજ્જન માનવામાં આવે છે. આર્ટની દુનિયામાં જેનું નામ થઇ જાય છે એનું થઇ જાય છે, બાકીના લોકો રહી જાય છે. આપણી કમનસીબી એ છે કે ભણવામાં હોશિયાર હોય એને જ તેજસ્વી અને ડાહ્યા માનવામાં આવે છે. ક્રેઝી યંગસ્ટર્સ આપણને પસંદ જ નથી. એને આપણે રખડુ અને બેફિકર કહીને ઉતારી પાડીએ છીએ. યુવાપેઢીમાં સર્જનાત્મકતા તો છલોછલ છે પણ એને દબાવી દેવી પડે છે. છોકરો હોય કે છોકરી, એણે કમાવવું પડે છે, ઘર ચલાવવું પડે છે, પરિવાર અને સમાજને જવાબ દેવો પડે છે. એટલે ઘણુંબધું ગમતું છોડીને સારો પગાર મળે એવું કામ કરવું પડતું હોય છે. ઘણા કિસ્સાઓમાં આપણો યુવાન ડિસ્ટર્બ હોય તો એનું કારણ એ છે કે ક્રિએટિવ કામ કરી શકતો નથી અને ન ગમે એવી નોકરી કર્યે રાખે છે.

યંગસ્ટર્સ વિશે મન ફાવે એમ વાતો કરતી એક આખી ફોજ આપણા સમાજમાં પણ છે. એની પાસે યુવાનો વિશે ઢગલાબંધ ફરિયાદો છે. અત્યારનો યુવાન આખો દિવસ મોબાઇલ લઇને જ બેઠો હોય છે, એને પોતાના સિવાય કોઇની પડી નથી, રૂપિયા કમાવવાની કોઇ ગતાગમ નથી, જે કમાય છે એના વિશે એવું કહે છે કે બચત કરવાની

યુવાપેઢીમાં સર્જનાત્મકતા તો છલોછલ છે પણ એને દબાવી દેવી પડે છે. છોકરો હોય કે છોકરી, એણે કમાવવું પડે છે, ઘર ચલાવવું પડે છે, પરિવાર અને સમાજને જવાબ દેવો પડે છે.

તો ટેન્ડન્સી જ નથી, કમાય એટલું વાપરી નાખવું છે, દરેકને કોઇ ને કોઇ લફરું હોય છે. પોતાના બોયફ્રેન્ડ અને ગર્લફ્રેન્ડમાં જ રચ્યાપચ્યા હોય છે. માનમર્યાદા જેવું કંઇ છે જ નહીં. સંબંધો રાખવા છે પણ લગ્ન કરવા નથી, લિવ-ઇનમાં રહેવું છે. લગ્નની વાત કરતાં પહેલાં આપણે પૂછવું પડે કે કંઇ હોય તો પહેલાંથી કહી દેજે પછી કંઇ તમાશા ન જોઇએ. ઘણા બધા વડીલો પાસેથી આવી વાતો સાંભળવા મળતી રહે છે. આ અંગે એક સમાજશાસ્ત્રીએ કહ્યું કે, માની લો કે આવું છે તો પણ શું યંગસ્ટર્સને બેદરકાર કહી દેવો વાજબી છે? ના. એ પોતાની રીતે વિચારે છે, એને ખબર છે કે આ મારી લાઇફ છે, એ જે કરે છે એનાં પરિણામો ભોગવવા પણ તૈયાર હોય છે. ભૂલોમાંથી પણ એ શીખતો રહે છે.

એક એવો આક્ષેપ પણ કરવામાં આવે છે કે આજના યુવાનો ઇન્ફર્મેશન અને નોલેજમાં ભેદ પારખી શકતા નથી. ટેક્નોલોજીના કારણે તેની પાસે બધી જ ઇન્ફર્મેશન હાથવગી છે, પણ રીડિંગ અને બીજા ક્રિએટિવ શોખ ન હોવાના કારણે જ્ઞાનની કમી વર્તાય છે. જિંદગીમાં નાજુક પળો આવે ત્યારે એ સામનો કરી શકતા નથી. હતાશ થઇ જાય છે. અમુક કિસ્સામાં જલદીથી ગુસ્સે થઇ જાય છે. આ વાત સંપૂર્ણપણે ખોટી નથી પણ સવાલ એ થાય કે નોલેજ કેવી રીતે મળે? નોલેજ મેળવવાની અગાઉની રીત જ સાચી હતી? યુવાનોની પોતાની રીત ન હોઇ શકે? એ બીજા કશામાંથી નહીં શીખે તો પોતાની ભૂલોમાંથી શીખશે.

મોટાભાગે આપણે યુવાનોમાં જે ખામીઓ હોય છે એને જ જોતા હોઇએ છીએ, એનામાં જે ખૂબીઓ છે એને નજરઅંદાજ કરીએ છીએ. જેઓને કંઇક કરી બતાવવું છે એ રાત-દિવસ જોયા વગર મંડ્યા રહે છે. બધા જ યુવાનો જિનિયસ હોય એવું જરૂરી નથી અને એવું શક્ય પણ નથી. જે કરવાના છે એ કંઇક કરી જ છૂટવાના છે, અને જે નથી કરવાના એ ગમે એટલા ધમપછાડા કરો તો પણ નથી જ કરવાના. દરેક યુગમાં આવું જ થયું છે. વડીલોનું કામ યુવાનોને માર્ગદર્શન આપવાનું ચોક્કસપણે છે પણ યુવાપેઢીમાં કંઇ દમ જ નથી એવું કહેવું તો ગેરવાજબી છે. યુવાનોને સ્પેસ આપો, એનો રસ્તો એ શોધી લેશે અને તમે વિચારતા હશો એના કરતાં એ રસ્તો વધુ બહેતર જ હશે.

### પેશ-એ-ખિદમત

વો કિસી કો યાદ કર કે મુસ્કુરાયા થા ઉધર,
ઔર મૈં નાદાન યે સમઝા કિ વો મેરા હુઆ,
દાસ્તાનેં હી સુનાની હૈં તો ફિર ઇતના તો હો,
સુનને વાલા શૌક સે યે કહ ઉઠે ફિર ક્યા હુઆ.

-ઇકબાલ અશહર

(લેખક દિવ્ય ભાસ્કર ગ્રુપના મેગેઝિન એડિટર છે.)

# સમાજનાં યુવાઓને સન્માન અપાવતું 'કેળવણી ધામ'

**ઉન્નત સમાજ - ઉન્નત રાષ્ટ્રનાં સંકલ્પ સાથે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં નિર્માણ કરાયેલું 'કેળવણી ધામ' સમાજની કેળવણીનું કેન્દ્ર બિંદુ બની રહ્યું છે. સમાજના અનેક તેજસ્વી યુવાઓ અહીંથી કેળવાઈને આજે સક્ષમ રાષ્ટ્રનાં સંકલ્પ સાથે સરકારી સેવામાં જોડાયા છે...**

લગભગ બે વર્ષ પહેલાં ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૭નાં રોજ અમદાવાદનાં પૂર્વ વિસ્તારમાં ઉન્નત સમાજ - ઉન્નત રાષ્ટ્રનાં સંકલ્પ સાથે નિર્માણ કરાયેલ 'કેળવણી ધામ'નું વિશાળ સંકૂલ જ્યારે પાટીદાર સમાજને અર્પણ કરવામાં આવ્યું, ત્યારે સંકૂલમાં આવનારા સમાજનાં તેજસ્વી/ઓજસ્વી તારલાઓ રાષ્ટ્રની વિવિધ સેવાઓમાં જોડાશે તેવો પ્રબળ વિશ્વાસ વ્યક્ત કરાયો હતો અને એ વિશ્વાસ જીપીએસસી (ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન)ની ક્લાસ-વન અને ક્લાસ-ટુની પરિક્ષાનાં પરિણામોમાં સંપાદિત થયેલો પણ જણાયો. સમાજનાં આગેવાનોએ વ્યક્ત કરેલો એ વિશ્વાસ પરિક્ષામાં ઉતિર્ણ થનાર સમાજનાં હોનહાર વિદ્યાર્થીઓએ સિદ્ધ કરી બતાવ્યો છે.

સમાજની કેળવણીનાં કેન્દ્ર બિંદુ સમાન બનેલા 'કેળવણી ધામ'માં સમાજનાં બહોળા સામાન્ય વર્ગનાં યુવાઓ વિવિધ સેવાઓનો લાભ લઈ શકે તે હેતુ સાથે 'ટીપે ટીપે સરોવર ભરાય'ના ઉદ્દેશ્યથી અહીં સિવિલ સર્વિસ કેન્દ્રની શરૂઆત કરવામાં આવી.



'કેળવણી ધામ'ના સંચાલક મંડળની ઈચ્છા હતી કે, શરૂઆતથી જ સારૂ પરિણામ મેળવી શકાય તો સમાજનાં અન્ય યુવાઓ પણ પ્રેરિત થાય અને અહીં ચાલતી સેવાઓનો લાભ લે. એ માટે સંચાલક મંડળ દ્વારા સિવિલ સર્વિસ માટેની પરીક્ષાની તાલીમ આપતી અમદાવાદ ખાતેની સરકારી સંસ્થા સ્પીપા (સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન)ને લક્ષ્યમાં લેવાઈ. સ્પીપામાં જોડાયેલા તાલિમાર્થીઓ આઈએએસ (ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટીવ સર્વિસ) કેડરના અધિકારીઓની સીધી રાહબરી હેઠળ તૈયાર થાય છે. સ્પીપા સરકારી ગ્રાંટ પણ છૂટથી મેળવે છે. વળી, અહીં સતત સરકારી સુપર ક્લાસ વન અધિકારીઓની અવર-જવર અને તેમના વ્યકતવ્યો વચ્ચે દરેક તાલીમાર્થીને સતત પ્રેરણા અને માર્ગદર્શન મળતું રહે છે.

'કેળવણી ધામ'માં પણ આવુ વાતાવરણ ઉભું કરવામાં આવે તો તાલીમાર્થી યુવાનોને સાચી પ્રેરણા મળી રહે અને તેઓ સફળતા પણ મેળવી શકે. આ માટે સંચાલક મંડળ દ્વારા સતત સ્પીપાનો અભ્યાસ કરવામાં આવ્યો. અહીંની રીડીંગ લાયબ્રેરી, કમ્પ્યુટર લેબ ઉપરાંત ભોજન અને નિવાસ જેવી યોગ્ય સુવિધા મળે તો તાલિમાર્થીઓ આપોઆપ પરિણામ લક્ષી બનીને સફળ થયા વગર રહે નહીં. આ માટે 'કેળવણી ધામ'માં પણ એરકન્ડીશન્ડ લાયબ્રેરી, ઓડિયો-વિઝ્યુઅલ અને મલ્ટીમીડિયા સહિતનાં વાઈ-ફાઈ સજ્જ ક્લાસરૂમ સહિતની વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ બનાવાઈ,



જેથી તાલિમાર્થીઓને ક્યાંય કોઈ લેટેસ્ટ સેવાઓની અછત ન વર્તાય.સ્પીપાની જેમ ‘કેળવણી ધામ’ના સિવિલ સર્વિસકેન્દ્રમાં પણ તમામ પ્રકારના પુસ્તકો અને વાંચન સામગ્રીની સુવિધા ઉપલબ્ધ બનાવાઈ, જેથી તાલિમાર્થીઓને કોઈ અસુવિધા ન રહે. આ સાથે સેનેટરીની સુવિધાઓ પણ એટલી યોગ્ય રીતે ગોઠવવામાં આવી કે, તાલિમાર્થીઓ તેમની અપેક્ષા મુજબ રહી શકે. ‘કેળવણી ધામ’માં સંચાલક મંડળનો ઉદ્દેશ્ય માત્ર તાલિમાર્થીલક્ષી સેવાઓ પુરી પાડવાનો હતો. આ માટે એક એક્શન કમિટી બનાવવાનો વિચાર કરાયો અને તેમાં એવા વ્યક્તિઓને સામેલ કરવાનો નિર્ણય લેવાયો કે જેઓ પોતે જ સનદી અધિકારી હોય અને આ પ્રકારની સમગ્ર પ્રકિયામાંથી પસાર થયા હોય. જેથી તેઓ સમાજનાં તાલિમાર્થી યુવાઓ માટે રાબરબની શકે.

આ માટે સૌ પ્રથમ રાજ્ય સરકારમાં સેવા બજાવીને નિવૃત્ત થયેલા અધિકારી શ્રી પી. પી. હર્ષ (આઈએએસ)સાહેબની ડિરેક્ટર પદે નિમણૂંક કરવામાં આવી અને તેમની સેવાઓનો લાભ લેવાની શરૂઆત કરાઈ. સાથે જ સિવિલ સર્વિસ કેન્દ્રના ડિરેક્ટર તરીકે રિટાયર્ડ પ્રિન્સીપલ સેક્રેટરી શ્રી સી. એલ. મીના (આઈએએસ) સાહેબની સેવાઓ પણ લેવાઈ. ‘કેળવણી ધામ’ સાથે આવા અધિકારીઓ જોડાવાથી સંચાલક મંડળમાં એક પ્રકારે વિશ્વાસ પેદા થયો કે, ‘કેળવણી ધામ’ના તાલિમાર્થીઓ આ ક્ષેત્રના સફળ વ્યક્તિઓ પાસેથી કંઈક શીખીને

**‘કેળવણી ધામ’ સાથે સનદી અધિકારીઓ જોડાવાથી સંચાલક મંડળમાં એક પ્રકારે વિશ્વાસ પેદા થયો કે, તાલિમાર્થીઓ આ ક્ષેત્રના સફળ વ્યક્તિઓ પાસેથી કંઈક શીખીને મહત્વાકાંક્ષા સાથે આગળ વધી શકશે.**

મહત્વાકાંક્ષા સાથે આગળ વધી શકશે, અને ખરેખર એવું જ બન્યું.

શરૂઆતમાં ‘કેળવણી ધામ’ સિવિલ સર્વિસ કેન્દ્રમાં પ્રવેશ માટે ૯૦૦ યુવાઓની પરિક્ષા લેવામાં આવી, જેમાંથી મેરિટ મુજબ ૫૦ યુવાઓની પસંદગી કરવામાં આવી. આ તાલિમાર્થીઓમાં સમાજના ૪૦ દિકરાઓ અને ૧૦ દિકરીઓ હતી. આ બેચનાં સાત તાલિમાર્થીઓ પ્રિલિમનરી પરીક્ષામાં પાસ થયા અને તેમાંથી બે તાલિમાર્થીઓ ફાઈનલ પરિક્ષા પાસ કરવામાં સફળ રહ્યા. ‘કેળવણી ધામ’ની આ પહેલી સફળતા હતી.

બીજા વર્ષે પણ ૧૨૦૦ યુવાઓએ સિવિલ સર્વિસ કેન્દ્રમાં પ્રવેશ માટે પરીક્ષા આપી, જેમાંથી ૫૦ યુવાઓની મેરિટ મુજબ પસંદગી કરીને તેમને પ્રવેશ અપાયો.

સિવિલ સર્વિસ કેન્દ્ર સિવાય ‘કેળવણી ધામ’માં અન્ય સરકારી ભરતીઓ માટેની પણ સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારીઓ કરાવાય છે. હાલમાં કુલ ૧૯૫ તાલિમાર્થીઓ અહીં અભ્યાસ સાથે તાલિમ રહ્યા છે. એટલુ જ નહીં, ‘કેળવણી ધામ’ના કુલ ૭૪ જેટલાં વિદ્યાર્થીઓ વિવિધ સ્તરની સરકારી પરીક્ષાઓમાં ઉત્તિર્ણ થઈને નોકરી મેળવી ચૂક્યા છે, જેનાથકી સંસ્થાના ઉદ્દેશ સાર્થક થયો છે.

આ વર્ષે જીપીએસસીની પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલાં કુલ ૨૩૩ ઉમેદવારોમાંથી સમાજનાં ૬૨ દિકરા-દિકરીઓએ સફળતા મેળવી છે અને સરકારનાં વિવિધ વિભાગોમાં પસંદગી પામીને તેઓ રાષ્ટ્રની સેવાર્થે જોડાયાછે અને સમાજનું ગૌરવ વધાર્યું છે. આ ૬૨ ઉમેદવારોમાંથી ૧૫ યુવાઓએ એટલે કે કુલ સફળ થયેલા ઉમેદવારોમાંથી ૨૫ ટકા યુવાઓએ ‘કેળવણી ધામ’માંથી જ સંપૂર્ણ તાલીમ મેળવી હતી.

માત્ર બે વર્ષના ટૂંકા ગાળામાં જ ‘કેળવણી ધામ’ દ્વારા યોગ્ય માળખું ગોઠવીને તાલિમાર્થીઓને તે પ્રમાણે તૈયારી કરાવીને અહીંના સિવિલ સર્વિસ કેન્દ્ર દ્વારા સુંદર પરિણામો મેળવાયા છે. ગત વર્ષે ૭૪ જેટલા વિદ્યાર્થીઓ નાયબ મામલતદાર, નાયબ સેક્શન ઓફિસર અને તલાટીની જગ્યાઓ માટે પસંદગી પામ્યા છે. છ તાલિમાર્થીઓ પીએસઆઈ માટે પસંદ થયા છે, જેમાં બે દિકરીઓનો પણ સમાવેશ થાય છે. ત્રણ તાલિમાર્થીઓ ચીફ ઓફિસર તરીકે, બે તાલિમાર્થીઓ કોમર્શિયલ ટેક્ષ ઓફિસર તરીકે તથા ૨૯ તાલિમાર્થીઓ ક્લાસ-વન અને ક્લાસ-ટુ ઓફિસર તરીકે પસંદગી પામ્યા છે. ‘કેળવણી ધામ’માં યુવાઓને કેળવવાની આ સૌથી મોટી સફળતા ગણી શકાય.

ચાલુ વર્ષની શરૂઆતમાં જ ૧૫

## 'કેળવણી ધામ'માં UPSC / GPSC તાલીમ મેળવીને સમાજનાં આ યુવાઓ વિવિધ સરકારી પદો પર પસંદગી પામ્યા છે.

| | |
|---|---|
| રોહિત અઘારા | નાયબ સેક્શન ઓફિસર |
| વિશાલ કપૂરીયા | નાયબ સેક્શન ઓફિસર |
| ધ્રુવલ સુતરિયા | નાયબ મામલતદાર |
| મલય ભૂવા | નાયબ મામલતદાર |
| કલ્પેશ બુસા | નાયબ મામલતદાર |
| ધવલ પટેલ | નાયબ મામલતદાર |
| ચિરાગ વાડોદરિયા | નાયબ ચિટનીસ અધિકારી |
| જય માંડવિયા | સમાજ કલ્યાણ અધિકારી |
| ભાવેશ ગાંભવા | સમાજ કલ્યાણ અધિકારી |
| ચિરાગ પટેલ | વિસ્તરણ અધિકારી |
| સચિન પટેલ | વિસ્તરણ અધિકારી |
| અંકિત વણેચા | પોસ્ટલ ઓફિસર |
| ભદ્રેશ પટેલ | પોસ્ટલ ઓફિસર |
| નિખીલ પટેલ | પોસ્ટલ ઓફિસર |
| ધર્મેશ મિયાણી | એડી. આસી. સિવિલ એન્જિ. |
| રિંકલ ભાલાળા | પ્રોબેશનરી ઓફિસર |
| ભાવિન લાલપરા | સંશોધક મદદનીશ |
| માનસી ખોખાણી | બિન સચિવાલય ક્લાર્ક |
| નયન પટેલ | બિન સચિવાલય ક્લાર્ક |
| પ્રકાશ આંબલિયા | બિન સચિવાલય ક્લાર્ક |
| ધવલ પટેલ | બિન સચિવાલય ક્લાર્ક |
| ધ્રુવ જોટાણિયા | બિન સચિવાલય ક્લાર્ક |
| નિરવ પટેલ | બિન સચિવાલય ક્લાર્ક |
| પ્રકાશ ગોટી | બિન સચિવાલય ક્લાર્ક |
| મૈત્રી પટેલ | બિન સચિવાલય ક્લાર્ક |
| રિધ્ધિ વેકરિયા | તલાટી કમ મંત્રી |
| સચિન પટેલ | તલાટી કમ મંત્રી |
| અંકિતા રામાણી | તલાટી કમ મંત્રી |
| રિંકલ પટેલ | તલાટી કમ મંત્રી |
| પિનાકીન પટેલ | તલાટી કમ મંત્રી |
| નારાયણ પટેલ | તલાટી કમ મંત્રી |
| નિકુંજ ડોબરિયા | તલાટી કમ મંત્રી |
| પ્રિયા બુટાણી | જૂનિયર ક્લાર્ક |
| ધવલ ડાવરા | જૂનિયર ક્લાર્ક |
| ચિરાગ પાઘડાળ | જૂનિયર ક્લાર્ક |
| નૈમિષા દેસાઈ | હેલ્થ વર્કર |
| ચિરાગ રામાણી | હેલ્થ વર્કર |
| ચિરાગ કાનાણી | પોલીસ લોક રક્ષક દળ |
| રાજુ ભાલાળા | પોલીસ લોક રક્ષક દળ |
| ચાર્મિ કરકર | પોલીસ સબ ઈન્સપેક્ટર |
| પ્રિયા બુટાણી | પોલીસ સબ ઈન્સપેક્ટર |
| ધર્મેન્દ્ર રાખોલિયા | પોલીસ સબ ઈન્સપેક્ટર |
| મહિપત પટેલ | પોલીસ સબ ઈન્સપેક્ટર |
| નિરવ પટેલ | પોલીસ સબ ઈન્સપેક્ટર |
| સાવન કોયાણી | પોલીસ સબ ઈન્સપેક્ટર |
| રાજેશ પટેલ | નાયબ મામલતદાર |
| શૈશવ પટેલ | નાયબ મામલતદાર |
| અર્પણ કોરડિયા | નાયબ મામલતદાર |
| ભાવેશ ગાંભવા | નાયબ મામલતદાર |
| નિતીન સાવલિયા | નાયબ મામલતદાર |
| નિલકંઠ અણઘણ | નાયબ મામલતદાર |
| ભૌતિક પટેલ | નાયબ મામલતદાર |
| દિપ પટેલ | નાયબ મામલતદાર |
| ગૌરાગ સાવલિયા | નાયબ મામલતદાર |
| મધુસુદન પટેલ | નાયબ મામલતદાર |
| રાહુલ પટેલ | નાયબ મામલતદાર |
| તરૂણ પટેલ | નાયબ મામલતદાર |
| વંદના ડોબરિયા | નાયબ મામલતદાર |
| માનસી ખોખાણી | નાયબ મામલતદાર |
| અભિષેક પટેલ | નાયબ મામલતદાર |
| ધાર્મિક ચોડવડિયા | નાયબ મામલતદાર |
| ચિરાગ પટેલ | નાયબ મામલતદાર |
| શૈશવ પટેલ | આદી. વિકાસ અધિકારી |
| ચિરાગ વાડોદરિયા | આદી. વિકાસ અધિકારી |
| જયેશ પટેલ | આદી. વિકાસ અધિકારી |
| વિશાલ કપુરિયા | જિલ્લા રજીસ્ટ્રાર |
| રોહિત અઘારા | નાયબ સેક્શન ઓફિસર |
| જીગ્નેશ પટેલ | મામલતદાર |
| નિતીન સાવલિયા | મામલતદાર |
| આનંદ ઉકાણી | ટીડીઓ |
| રવિ ઠેસિયા | ટીડીઓ |

**આ સિવાય પણ સ્પર્ધાત્મક પરિક્ષામાં ઉતિર્ણ થયેલા અન્ય વિદ્યાર્થીઓ હાલ જે-તે સરકારી વિભાગોમાં તાલીમ મેળવી રહ્યા છે**

## PI / PSI / ASI તરીકે પસંદગી પામેલા 'કેળવણી ધામ'નાં યુવાઓ


સંદીપ વેકરિયા


ચાર્મી કરકર


પ્રિયા બુટાણી


ધર્મેન્દ્ર રાખોલિયા


કેવલ વેકરિયા


મહિપત પટેલ


નિરવ પટેલ


સાવન કોયાણી

તાલિમાર્થીઓ ક્લાસ-વન અને ક્લાસ-ટુ માટે પસંદગી પામ્યા છે, જેમાં પાંચ ડેપ્યુટી કલેક્ટર તરીકે, ત્રણ મામલતદાર તરીકે, બે ડીસ્ટ્રીક્ટ રજીસ્ટ્રાર તરીકે, એક એડિશનલ ડીસ્ટ્રીક્ટ રજીસ્ટ્રાર તરીકે, ચાર સેક્શન ઓફિસર તરીકે અને એક તાલુકા વિકાસ અધિકારી તરીકે પસંદગી પામેલ છે.

પોલીસ ઈન્સપેક્ટરની સીધી ભરતીમાં પણ ૧૦૦ યુવાઓએ ફીઝીકલ ટ્રેનિંગ અને થિયરીની તાલીમ અહીંથી મેળવી હતી. જેમાંથી ૫૩ દિકરા-દિકરીઓ પ્રિલિમમાં પસંદગી પામ્યા હતા અને તેમાંથી ૩૧ દિકરા-દિકરીઆએ પ્રિલીમ પાસ કરીને ફાઈનલ પરીક્ષાની તૈયારીઓ પણ ચાલુ કરી દીધી છે.

'કેળવણી ધામ'નાં કુલ ૧૦ દિકરા-દિકરીઓ અત્યાર સુધી પીએસઆઈ તરીકે પસંદગી પામ્યા છે.

'કેળવણી ધામ' દ્વારા સમાજની નવી

> 'કેળવણી ધામ' એ સમાજની કેળવણીનું કેન્દ્ર બિંદુ બન્યુ છે, જ્યાંથી સમાજનાં તેજસ્વી/ ઓજસ્વી યુવાઓ કેળવાઈને સમાજ તથા રાષ્ટ્રની સેવાર્થે જોડાઈ રહ્યા છે.

પેઢીને અભ્યાસની સાથે સરકારી નોકરીઓ માટે યોગ્ય માર્ગદર્શન મળી રહે તેહેતુથી ધોરણ ૧૦થી લઈને કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે દર સપ્તાહે શનિવારે અને રવિવારે ફાઉન્ડેશન કોર્સ પણ ચલાવવામાં આવી રહ્યો છે. જેમાં સમાજનાં ૧૮૦ દીકારાઓ અને ૧૨૦ દિકરીઓ તાલીમ મેળવી લઈ રહી છે.

વિના મૂલ્યે કોચીંગની સાથે બે લાખથી વધુ આવક ધરાવતાં પરિવારના યુવાઓને માત્ર રૂ.૨૦,૦૦૦માં રહેવા-જમવા તથા અદ્યતન લાયબ્રેરી સહિતની જરૂરી વિવિધ સુવિધાઓ આપવામાં આવે છે. જ્યારે બે લાખથી ઓછી આવક ધરાવતાં પરિવારનાં યુવાઓને ઉપરોક્ત સેવા માત્ર રૂ.૧૦,૦૦૦માં જ આપવામાંઆવે છે. એટલું જ નહીં, જે પરિવારોની આર્થિક સ્થિતી સામાન્ય હોય પરતું તેના યુવાઓ તેજસ્વી હોય તો તેમને માત્ર એક રૂપિયાનાં ટોકનથી જ ઉપરોક્ત તમામ સેવાઓ આપવામાં આવી રહી છે.

આમ 'કેળવણી ધામ' એ સમાજની કેળવણીનું કેન્દ્ર બિંદુ બન્યુ છે, જ્યાંથી સમાજનાં તેજસ્વી/ઓજસ્વી યુવાઓ કેળવાઈને સમાજ તથા રાષ્ટ્રની સેવાર્થે જોડાઈ રહ્યા છે. આ માટે 'કેળવણી ધામ'નાં પાયારૂપ વિચારક, ટ્રસ્ટીગણ, દાતાઓ તથા સમગ્ર સચાલક મંડળને અભિનંદન આપવા જ ઘટે.

(લેખક સિવિલ સર્વિસ કેન્દ્ર, 'કેળવણી ધામ'ના ડિરેક્ટર છે.)

# લગ્ન વિષયક



નામ : હિરપરા પાર્થ ભાનુભાઈ
સરનામું : ૧૯૩/૧૨૨૫, ગુ.હા. બોર્ડ, એસબીઆઈ પાસે, હરદાસ નગર, બાપુનગર, અમદાવાદ
ફોન : (ઘર) 97237 63334
મોબાઈલ : 96387 44359
ઈ-મેઈલ : parthpatel70032@gmail.com
જન્મ તા. : 12-11-93 ઉંચાઈ : 5'8" વજન : 62 kg.
અભ્યાસ : M.Com., LL.B.
મૂળ વતન : ગામ-ગાધકડા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી
મોસાળ : રૂપારેલિયા, ગામ-આંબા, તા.લિલિયા, જિ.અમરેલી
પસંદગી : ગ્રેજ્યુએટ
નોકરી/ધંધો : સિનિયર એકાઉન્ટન્ટ (Avis Industries Pvt. Ltd.)



નામ : કાકડિયા નિરજ બાબુલાલ
સરનામું : લાયબ્રેરી રોડ, મહાદેવપરા, ચલાલા, જિ.અમરેલી
(Family - 14189 Baneberry Circle, Manassas- 20112, Virginia , USA)
ફોન : (ઘર) +1 780-860-2210 (Canada)
મોબાઈલ : 7623070716, 9426943757
ઈ-મેઈલ : nick561982@gmail.com
જન્મ તા. : 5-6-82 ઉંચાઈ : 5'8" વજન : 172 lbs
અભ્યાસ : B. Interdepartmental Studies (S I Uni., Largo, Florida, USA)
મૂળ વતન : ગામ-ચલાલા, તા.જિ.અમરેલી
મોસાળ : શેલડિયા, ગામ-મોટા સમઢિયાળા, તા.જિ.અમરેલી
પસંદગી : સમકક્ષ છુટાછેડા
નોકરી/ધંધો : Maintenance Planner, Maple leaf Foods Ltd., Canada (Canadian Citizen)



નામ : પટેલ ભૌમિક ધીરજકુમાર
સરનામું : ૩, સહજાનંદ બંગ્લોઝ, વૈભવ પાર્ક સોસાયટી પાસે, નિકોલ, અમદાવાદ
ફોન : (ઘર) 079-22950809
મોબાઈલ : 73594 44365
ઈ-મેઈલ : vasanibhaumik@gmail.com
જન્મ તા. : 10-3-91 ઉંચાઈ : 5'8" વજન : 68 kg.
અભ્યાસ : MS Computer Science
મૂળ વતન : ગામ-મુલધરાઈ, તા.વલ્લભીપુર, જિ.ભાવનગશ
મોસાળ : મોરડિયા, ગામ-અમદાવાદ
પસંદગી : H1b, GreedCard, Computer Engineer, Dentist
નોકરી/ધંધો : Data Engineer / Scientist



નામ : ગૌદાણી (પટેલ) આદિત્ય જયંતભાઈ
સરનામું : ૨, સીન્ડીકેટ સોસાયટી, કેશવબાગ વાડીની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ.
ફોન : (ઘર) 27644851
મોબાઈલ : 7226061951
ઈ-મેઈલ : adityapatel0077@gmail.com
જન્મ તા. : 7-1-90 ઉંચાઈ : 6'0" વજન : 85 kg.
અભ્યાસ : બી. કોમ.
મૂળ વતન : ગામ-વેળાવદર, તા.ગારિયાધાર, જિ.ભાવનગર
મોસાળ : કુંભાણી, ગામ-બરવાળા બાવીશી, તા.કુકાવાવ, જિ.અમરેલી
પસંદગી : સારુ ભણેલ, સંસ્કારી
નોકરી/ધંધો : જોબ-ઓસ્ટ્રેલિયા



નામ : પટેલ (માંગુકિયા) પાર્થ ભરતભાઈ
સરનામું : પ્લોટ નં. ૬૭૨, એસ-૯, શ્રી હરિ એપાર્ટમેન્ટ, સેક્ટર-૬બી, ગાંધીનગર
ફોન : (ઘર) 94296 19671
મોબાઈલ : 98240 09940
ઈ-મેઈલ : parthpatel301989@gmail.com
જન્મ તા. : 30-9-89 ઉંચાઈ : 5'6" વજન : 72 kg.
અભ્યાસ : B.E. Computer Engineering
મૂળ વતન : ગામ-ઘેટી, , તા.પાલિતાણા, જિ.ભાવનગર
મોસાળ : પટેલ, ગામ-અમદાવાદ
પસંદગી : Graduate
નોકરી/ધંધો : Diamond Business at Bangkok (Thailand)



નામ : ગઢિયા (પટેલ) ધ્રુવકુમાર હરેશકુમાર
સરનામું : ૧, માધવબાગ સોસાયટી, મોહનનગર સોસાયટી પાસે, નવયુગ વિદ્યાલય રોડ, નરોડ, અમદાવાદ
ફોન : (ઘર)
મોબાઈલ : 99984 98136
ઈ-મેઈલ : dhruavgadhiya1992@gmail.com
જન્મ તા. : 29-10-92 ઉંચાઈ : 5'10" વજન : 70 kg.
અભ્યાસ : M.B.B.S., USMLE STEP 1 ક્લીયર, માર્ચમાં USA જવાનું
મૂળ વતન : ગામ-ભિયાળ, તા.જિ.જૂનાગઢ
મોસાળ : તાડા, ગામ-ધુન ધોરાજી, તા.કાલાવડ, જિ.જામનગર
પસંદગી : યુએસએ ગ્રીન કાર્ડ હોલ્ડર કે સિટીઝન
નોકરી/ધંધો :



નામ : જયમીન મનસુખભાઈ લક્કડ
સરનામું : એફ-વીંગ, બ્લોક નં. ૮૦૪, શાંતી હાર્મની, રોઝી પેટ્રોલિયમ સામે, જામનગર
ફોન : (ઘર)
મોબાઈલ : 94280 89047
ઈ-મેઈલ : jaiminlakkadnew@gmail.com
જન્મ તા. : 24-01-93 ઉંચાઈ : 5'11" વજન : 75 kg.
અભ્યાસ : H.S.C.
મૂળ વતન : ગામ-જામનગર
મોસાળ : વસોયા, ગામ-જામનગર
પસંદગી :
નોકરી/ધંધો : Precious Mªal Industries, Dared GIDC, Jamnagar



નામ : પીપળિયા પાર્થ પ્રફૂલભાઈ
સરનામું : ૭૬, પ્રસ્ટીજ બંગ્લોઝ, સ્મૃતિ મંદિરની બાજુમાં, પુનિતનગર રોડ, ઘોડાસર, અમદાવાદ
ફોન : (ઘર)
મોબાઈલ : 94260 88530
ઈ-મેઈલ : parth.patel3376@gmail.com
જન્મ તા. : 1-3-94 ઉંચાઈ : 5'9" વજન : 63 kg.
અભ્યાસ : એન્જિનિયર - મિકેનીકલ
મૂળ વતન : ગામ-કેશોદ, તા.જિ.જૂનાગઢ
મોસાળ : કુંભાણી, ગામ-જૂનાગઢ, તા.જિ.જૂનાગઢ
પસંદગી : સમકક્ષ
નોકરી/ધંધો : ધંધો

**આપ, આ મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) જાહેરાત www.pateljeevansathi.org વેબસાઈટ પર પણ જોઈ શકો છો.**

*Actual Site Image: Member's  Villa*




## WEEKEND HOME WITHOUT WORRIES

- Efficient House Keeping
- Simple Paper Work
- Easy Connectivity
- Bank Approved Loan Facility
- Tradable Property
- Property Managed by Developer



**1 BHK VILLA**
139 & 160 sq. yd.



**2 BHK VILLA**
209, 212, 219, 257 & 409 sq. yd.



**2 & 3 BHK VILLA**
460 sq. yd. (2BHK) & 365 sq. yd. (3BHK)

॥सुर्यम॥
RAYS OF TRUST
suryam.in






BEST
Weekend Home
Project of Gujarat
2016
Awarded by **Worldwide Achievers Group and IBN7**

The
GREENEST
Project of the Year
2016
Awarded by **Realty Plus Business Group**

BEST
Weekend
Home Project
2017
Awarded by **Prop Reality powered by CRISIL**

SURYAM
# repose
52 Weekends. 52 Experiences.

- Plot Size: 1000 sq. yds. & above
- Great Value Investment

Village Agol, Near Greater Thol.

**For Enquiry Call: 903 311 6666 / 7777**

# લગ્ન વિષયક



નામ : ઢોલરિયા ક્રિષ્ના અરવિંદભાઈ
સરનામું : 'ક્રિષ્ના' - બ્લોક નં. ૭, રાધામીરા પાર્ક,
સેટેલાઈટ ચોકની બાજુમાં, મોરબી રોડ, રાજકોટ
ફોન : (ઘર) 94274 18605
મોબાઈલ : 97264 34634
ઈ-મેઈલ : dr.krishnadholariya@gmail.com
જન્મ તા. : 11-12-92 ઉંચાઈ : 149 cm. વજન : 52 kg.
અભ્યાસ : M.B.B.S.
મૂળ વતન : ગામ-ડેરોઈ, તા.જિ.રાજકોટ
મોસાળ : લાડિયા, ગામ-રાજ સમઢીયાળા, તા.જિ.રાજકોટ
પસંદગી : MBBS, MD, MS
નોકરી/ધંધો : મેડિકલ ઓફીસર, મુન્દ્રા-કચ્છ




નામ : ઢોલરિયા દર્શના વિનોદભાઈ
સરનામું : 'કર્મ'-૧, અમૃત પાર્ક, શ્રી કોલોની સામે,
મેઘ મલ્હાર એપાર્ટમેન્ટ પાસે, રાજકોટ
ફોન : (ઘર) 0281-2433005
મોબાઈલ : 98250 46992
ઈ-મેઈલ : vinod.dholaria@gmail.com
જન્મ તા. : 7-4-86 ઉંચાઈ : 5'3" વજન : 51 kg.
અભ્યાસ : PGDCA, MBA (Finance-Retail), B.Com.
મૂળ વતન : ગામ-ગઢકા, તા.જિ.રાજકોટ
મોસાળ : સોરઠિયા, ગામ-ભુણાવા
પસંદગી : ઉચ્ચ અભ્યાસ
નોકરી/ધંધો : Mutual Fund Advisor



નામ : ઢોલરિયા જસ્મીના વિનોદભાઈ
સરનામું : 'કર્મ'-૧, અમૃત પાર્ક, શ્રી કોલોની સામે,
મેઘ મલ્હાર એપાર્ટમેન્ટ પાસે, રાજકોટ
ફોન : (ઘર) 0281-2433005
મોબાઈલ : 98250 46992
ઈ-મેઈલ : vinod.dholaria@gmail.com
જન્મ તા. : 24-2-90 ઉંચાઈ : 5'4" વજન : 58 kg.
અભ્યાસ : Bachelor in Hotel & Tourisam management, VIHTM, Rajkot
મૂળ વતન : ગામ-ગઢકા, તા.જિ.રાજકોટ
મોસાળ : સોરઠિયા, ગામ-ભુણાવા
પસંદગી : ઉચ્ચ અભ્યાસ
નોકરી/ધંધો : Chocolatier - Jaaz Chocolates, Rajkot



નામ : પટેલ દીપલ હસમુખભાઈ
સરનામું : ૫૫, ઉર્જાનગર-૨, સીટી પલ્સ થિયેટર પાસે,
રાંદેસણ, ગાંધીનગર
ફોન : (ઘર)
મોબાઈલ : 99789 36131
ઈ-મેઈલ : hasmukhjasani@ymail.com
જન્મ તા. : 23-8-88 ઉંચાઈ : 5'5" વજન : 65 kg.
અભ્યાસ : એમ.ડી. (પીડિયાટ્રીક્સ) (ડોક્ટર)
મૂળ વતન : ગામ-અમરેલી, તા.જિ.અમરેલી
મોસાળ : પટેલ (જાડા), ગામ-અમદાવાદ, તા.જિ.અમદાવાદ
પસંદગી : પી.જી. ડોક્ટર / NRI, એન્જિનિયર
નોકરી/ધંધો : સર્વીસ



નામ : પટેલ સાર્થક જશુભાઈ
સરનામું : ૬૩, વ્રજ હોમ્સ, નંદનબાગ પાસે,
એપલવુડ પાછળ, ૨૦૦'.૦ એસ.પી. રીંગ રોડ,
શેલા, સાઉથ બોપલ, અમદાવાદ
ફોન : (ઘર) 93753 88883
મોબાઈલ : 93753 99993, 001-973 723 9055 (USA)
ઈ-મેઈલ : jashu111159@gmail.com, sarthakpatel.adm@gmail.com
જન્મ તા. : 21-2-93 ઉંચાઈ : 5'9" વજન : 55 kg.
અભ્યાસ : B.Tech., M.Tech. in Nanotechnology (Uni. of Rajasthan, Jaipur) 2010-2016
Pursuing Ph.D. in Chemistry from Uni. at Albany, SUNY, USA
(Jan.-2017 onward) (Anticipated Graduation by June-2021)
મૂળ વતન : ગામ-મોટા ભમોદ્રા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી
મોસાળ : ગેવરિયા, ગામ-નેસડી, જિ.અમરેલી (હાલ-અમદાવાદ)
પસંદગી : US Citizen, Green Card, Valid H1/F1 Status Holder
Resident of Indian Wanting to Come to USA for Studies or Job
નોકરી/ધંધો : Pursuing Ph.D. in Chemistry from Uni. at Albany, SUNY, USA
Graduate Teaching Assistant at Uni. at Albany, SUNY, USA



નામ : પાનસુરિયા હિરવા રમેશભાઈ
સરનામું : એ-૩૦, રાધિકા બંગ્લોઝ, શુકન બંગ્લોઝની બાજુમાં,
નિકોલ-નરોડા રોડ, અમદાવાદ
ફોન : (ઘર) 95128 23574
મોબાઈલ : 98258 52993
ઈ-મેઈલ :
જન્મ તા. : 12-6-94 ઉંચાઈ : 5'4" વજન : 47 kg.
અભ્યાસ : ફિઝીયોથેરાપી (ડોક્ટર)
મૂળ વતન : ગામ-નાજાપુર, તા.કુંકાવાવ, જિ.અમરેલી
મોસાળ : દુધાત, ગામ-માળીલા, તા.જિ.અમરેલી
પસંદગી : ડોક્ટર, એન્જિનિયર
નોકરી/ધંધો : નોકરી (Physiotherapist)



નામ : ગોંડલિયા હિરેન હિંમતભાઈ
સરનામું : ૫૨-૫૩, રામજી નગર, સ્મીધી સ્કૂલ,
ઉધના, સુરત
ફોન : (ઘર) 97129 94201
મોબાઈલ : 94261 89528
ઈ-મેઈલ : hgondaliya10@gmail.com
જન્મ તા. : 25-10-91 ઉંચાઈ : 5'9" વજન : 66 kg.
અભ્યાસ : Instrumentation & Control Engi. Master S.C.E.T., SURAT
મૂળ વતન : ગામ-ખજૂરી હડમતિયા, તા.ભેસાણ, જિ.જૂનાગઢ
મોસાળ : બોરડ, ગામ-રેશમડી ગાલોળ, તા.જેતપુર, જિ.રાજકોટ
પસંદગી : IT અથવા ફાર્મસી
નોકરી/ધંધો : ડેલપમેન્ટ એન્જિનિયર, જર્મની

આપ, આ મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) જાહેરાત www.pateljeevansathi.org વેબસાઈટ પર પણ જોઈ શકો છો.

# લગ્ન વિષયક



નામ : પાનસુરિયા અક્ષિત નરેશભાઈ
સરનામું : સી-૨, પ્રતાપનગર, ઉદયપુર-313 001, (રાજસ્થાન)
ફોન : (ઘર) 94141 67174, 0294-2490586
મોબાઈલ : 93614 12230
ઈ-મેઈલ : pjgundaliya@gmail.com
જન્મ તા. : 21-3-91 ઉંચાઈ : 5'11" વજન : 65 kg.
અભ્યાસ : B.B.M., M.B.A. from Pune
મૂળ વતન : ગામ-મેંદરડા, તા.મેંદરડા, જિ.જૂનાગઢ
મોસાળ : રાદડિયા, ગામ-કેશોદ, તા.કેશોદ, જિ.રાજકોટ
પસંદગી : Graduate
નોકરી/ધંધો : Business (Director at Supreme Solvex Pvt. Ltd.), Proprietor - Rajasthan Bricks



નામ : લીંબાણી રૂષિક જયંતિભાઈ
સરનામું : ગામ : ઉંડવાળા, તાલુકો : ઉના, જિલ્લો : ગીર-સોમનાથ
ફોન : (ઘર) 90162 51092
મોબાઈલ : 81287 45737
ઈ-મેઈલ : rjlimbani20@gmail.com
જન્મ તા. : 5-6-92 ઉંચાઈ : 5'9" વજન : 78 kg.
અભ્યાસ : M.Sc. (Analytical Chemistry)
મૂળ વતન : ગામ-ઉટવાળા, તા.ઉના, જિ.ગીર-સોમનાથ
મોસાળ : ઝાલાવાડિયા, ગામ-મોટા સમઢિયાળા, તા.ઉના, જિ.ગીર-સોમનાથ
પસંદગી : Educated and Good Nature
નોકરી/ધંધો : Emcure Pharma, Sanand

## સમાજ ગૌરવ

## ૨૦ વર્ષની ઉંમરે કોસ્ટ એકાઉન્ટન્ટ બનતા વિરાજ સાવલિયા



મુળ સૌરાષ્ટ્રનાં સાવરકુંડલા તાલુકાના મોલડી ગામના વતની અને પ્રેક્ટિસિંગ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ વિનોદભાઈ સાવલિયાના પુત્ર વિરાજ સાવલિયા પણ પ્રથમ પ્રયાસે ઈન્ટરમીડીએટ તથા ફાઈનલ - કોસ્ટ એકાઉન્ટ્ન્ટસની પરિક્ષામાં ઉતીર્ણ થયેલ છે. સાથે જ વિરાજે બી.કોમ. પણ ફર્સ્ટ ક્લાસ સાથે પાસ કરેલ છે. આમ તેઓ માત્ર ૨૦ વર્ષની ઉંમરે જ કોસ્ટ એકાઉન્ટ્ન્ટ બન્યાં છે. વિરાજની આ ઝળહળતી સિદ્ધિત બદલ એસએસપીકેએમ પરિવાર શુભેચ્છા સહ અભિનંદન પાઠવે છે...


એકવાર અવશ્ય મુલાકાત લો




ડૉ. જલાર્ક ચીમનભાઈ પટેલ MDS
બાળકોનાં દાંતનાં નિષ્ણાંત સર્જન
મો.: ૯૯૭૪૧૩૨૬૪૬
લીટલ સ્માઈલ ડેન્ટલ ક્લિનિક
(બાળકોનાં દાંતની સંપૂર્ણ સારવાર)



Dr. Jalark Patel MDS

આગળ પડતા તથા વાંકાચૂકા દાંતને સીધા કરવા માટેની ઓર્થોડોન્ટીક સારવાર

* બાળકોના દાંતનાં સડાની વિવિધ સારવાર જેમ કે
* ટોપીકલ ફ્લોરાઈડ એપ્લીકેશન • પીટ્સ અને ફીશર સીલાન્ટ્સ • દુધીયા દાંતની નસની સારવાર (પલ્પેક્ટોમી / પલ્પોટોમી) • પાકા દાંતની સારવાર (RCT) બાળકોના દાંતનાં ઈમ્પોર્ટેડ કોમ્પોઝીટ સ્ટ્રીપ કેપ (આગળના દાંત માટે) તથા સ્ટેનલેસ સ્ટીલ કેપ (પાછળના દાંત માટે)
* સ્માઈલ ડીઝાઈનીંગ
* આગળના તૂટેલા દાંતને સંપૂર્ણપણે સાજા કરવાની વિવિધ સારવાર (સ્પ્લીન્ટ થેરાપી, પોસ્ટ એન્ડ કોર થેરાપી)
* પાકાં દાંતને વ્યવસ્થિત રીતે ઉગવા માટે અપાતા સ્પેસ મેઈન્ટેનર્સની સુવિધા
* સ્પેશ્યલ બાળકો જેમ કે મંદબુધ્ધિ ધરાવતાં, શારીરિક ખોડખાંપણ, સાધ્ય અથવા અસાધ્ય રોગથી પીડાતા બાળકોનાં દાંતની સંપૂર્ણ સારવાર (Tender Loving Care)
* શીશી સુંઘાડીને (General Anesthesia) બાળકોના દાંતની સંપૂર્ણ સારવાર
* કોઈપણ પ્રકારનાં દૂધિયા કે પાકાં દાંતની સાથે સંકળાયેલી ગાંઠને દૂર કરવાની સારવાર



સ્થળ : ૧૦૧, દેવરાજ મોલ, એસ.બી.આઈ. બેન્ક ઉપર, હવેલી પાસે, ઈન્ડિયા કોલોની રોડ, ઠક્કરનગર, અમદાવાદ-૩૮૨૩૫૦. મો.: ૯૯૭૪૧૩૨૬૪૬
Monday to Saturday: 5.00 pm to 8.00 pm Sunday: 9.00 am to 12.00 pm
Email : jalarkpatel@ymail.com



# ખરેખર યુવાન કોને કહેવાય?

**યુવાન શબ્દની વ્યાખ્યા કરવી હોય તો કયા શબ્દોમાં કરી શકાય? જે વ્યક્તિ આત્મવિશ્વાસથી હોય અને સમાજ તથા દેશ માટે કઈક કરી છુટવાની ભાવના ધરાવતો હોય તે જ સાચો યુવાન કહેવાય....**

ક્યારેક અસ્પષ્ટ અને બેજવાબદાર રીતે વપરાતો શબ્દ છે યુવાન. યુવાન શબ્દ સાંભળતા જ ગાત્રો નાચી ઉઠે છે અને સમસ્ત સૃષ્ટિની વસંત મહોરી ઉઠે છે.

સમગ્ર સૃષ્ટિ માત્ર માટે યુવાન એ એક પ્રકારે આશાનું કિરણ છે. અબાલ વૃદ્ધ સમસ્ત માટે પ્રગતિ અને સુખાકારીનું સર્જન માત્ર યુવાન જ કરી શકે. પરંતુ આ યુવાન શબ્દની વ્યાખ્યા કયા શબ્દોમાં કરીશું? યુવાન એટલે શું?

પ્રવર્તમાન સંજોગોને આધારે જોતા પાનવાળાની દુકાને ઉભા રહી સિગારેટ ખરીદીને પીવા લાગે એ યુવાન? કોલેજનાં કેમ્પસમાં ટોળું ભેગુ કરી ઠઠ્ઠા મશ્કરી કરતો કોલેજીયન એટલે યુવાન? હૃષ્ટ-પુષ્ટ બોડી ધરાવતો, દેખાવે સુંદર હોય એ જ યુવાન?

જવાબ છે ના... યુવાન એટલે ખુમારી, ખાનદાની અને ખપ નું મૂર્તિમંત સ્વરૂપ.

**યુવાન શબ્દનું અર્થઘટન પણ અદ્દભુત છે**

- **યુ.** એટલે યુત્સુક જેવો ઉત્સાહી યુવાન.
- **વા.** એટલે પવન, પવન જેવો સતત ગતિશીલ અને કાર્યરત યુવાન.
- **ન.** એટલે નમ્રતા, નીતિમતા, નીડરતા, નિર્ભયતા અને નિયમિતતા જેવા ગુણોથી ભરપુર એવો યુવાન.

વિસ્તૃત રૂપે જોઈએ તો યુવાન એટલે આત્મવિશ્વાસથી ભરપુર જેનામાં સમાજ અને દેશ માટે કઈક કરી છુટવાની ભાવના છે, અને તેજ સાચો યુવાન કહેવાય.

સાચો યુવાન ગમે તેવી પરિસ્થિતિ આવે તો પણ સત્યને છોડતો નથી, અસત્યનું આચરણ કરતો નથી, પાપને પંપાળતો નથી, દંભને પોષતો નથી, દુરવૃતીને બહેકાવતો નથી, વાસનાના તીરથી વિંધાતો નથી, પ્રલોભનોથી પીંગળતો નથી અને વિઘ્નથી ગભરાતો નથી તેને જ સાચા અર્થમાં યુવાન કહેવાય.

**યુવાનીમાં બે બાબત મહત્વની છે.**

(૧) **સાહસ.** (૨) **ધ્યેય**

યુવાનીમાં સાહસ જોઈએ. સાહસ વિના સિદ્ધિ નથી. સાહસ એ યુવાનનો પ્રાણવાયું છે. મૂંઝાય કે મુરજાય તેને

યુવાન ન કહેવાય. સાચો યુવાન ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ અડગ રહી પરિસ્થિતિની કાયા પલટાવી નાખે છે. ગમે તેવી પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર હોય છે.

તેથી જ તો યુવાનો માટે કહેવાયું છે કે, "પહાડો સે જો ટકરાતા હૈ ઉસે તુફાન કહતે હૈ, મગર તુફાનો સે જો ટકરાતા હૈ ઉસે યુવાન કહતે હૈ"

જેમ સાચા સંતના યોગમાં આવતા સામાન્ય માણસ બ્રહ્મરૂપ બની જાય છે, તેમ યુવાનના હાથમાં આવેલ કોઈપણ કાર્ય શોભારૂપ બની જાય છે.

બીજી રીતે જોઈએ તો યુવાનોનું ધ્યેય નક્કી હોવું જોઈએ, યુવાનનું ઉડ્ડયન કોઈ સિદ્ધ માટે હોવું જોઈએ, એની દિશા રચાનાત્મક હોવી જોઈએ.

માત્ર ઉડ્ડયન એજ સિદ્ધિ નથી, લક્ષ પર પહોચવું એજ સિદ્ધિ છે. પંખી ગમે તેટલું ઉચું ઉડે પણ ચણવા માટે તો તેને ધરતી પર ઉતરવું જ પડે છે. વાસ્તવિકતાની ભૂમિથી વેગળા થવું તે ઉડ્ડયન નથી. પરંતુ વાસ્તવિકતાના વ્યાપક સ્વરૂપને અને વ્યાપક સત્યને આત્મસાત કરવું એજ સાચું ઉડ્ડયન છે.

વડોદરાનાં નિસંતાન મહારાણી જમનાબાઈએ ત્રણ છોકરાને પોતાની પાસે બોલાવ્યા અને પ્રથમ એમાંથી સૌથી મોટા છોકરાને પૂછ્યું: બેટા તું વડોદરા શા માટે આવ્યો છે? એ છોકરો મહારાણીના જાજરમાન વ્યક્તિત્વના

**યુવાનીમાં નિશ્ચિત ધ્યેય અને લાક્ષણીકતા હોવી જ જોઈએ... ધ્યેય વિનાનો યુવાન શઢ વિનાના વહાણ જેવો છે. સ્પષ્ટ લક્ષ્ય માટે યુવાન આત્મવિશ્વાસથી પણ ભરપૂર હોવો જરૂરી છે.**

તેજથી મૂંઝાઈ ગયો.

મહારાણી એ બીજા છોકરાને એજ પ્રશ્ન કર્યો. બીજો છોકરો બીતા બીતા બોલ્યો: મારા પિતાજી મને અહીં લાવ્યા છે, એટલે હું અહી આવ્યો છું.

પરંતુ જમનાબાઈના એ પ્રશ્નનો ત્રીજા છોકરાએ નીડરતાથી જવાબ આપ્યો: હું કઈ અમસ્તો અહીં નથી આવ્યો, હૂતો વડોદરાનો મહારાજા બનવા આવ્યો છું.

અને મહારાણી જમનાબાઈએ ત્રીજા નંબરનાં એ છોકરાને દતક લીધો. તે છોકરો બીજો કોઈ નહિ પરંતુ શોર્યવાન, તેજસ્વી, નીડર અને શક્તિશાળી મહારાજા સયાજીરાવ ગાયકવાડ. જો આ છોકરાને બાળપણથી ધ્યેય હતું તો ચોક્કસ વડોદરાનો મહારાજા બન્યો.

તો આપણે તો યુવાન છીએ અને યુવાનીમાં નિશ્ચિત ધ્યેય અને લાક્ષણીકતા હોવી જ જોઈએ. ધ્યેય વિનાનો યુવાન શઢ વિનાના વહાણ જેવો છે. સ્પષ્ટ લક્ષ માટે યુવાનને આત્મવિશ્વાસની પણ જરૂર છે. માટે આત્મવિશ્વાસ કેળવી જાગૃત થઈ પોતાના ધ્યેયને સાચા અર્થમાં સિધ્ધ કરવા પ્રયત્ન કરવા જોઈએ.

કેહવાની જરૂર નથી કે, સાહસથી ભરપુર પોતાના ઉચ્ચ ધ્યેયથી યુક્ત યુવાનો જે દેશ, સમાજ કે કુટુંબ પાસે હોય ત્યાં ગરીબી કે મુશ્કેલીની સમસ્યા ન હોય.

દેશની સમૃદ્ધિનો આધાર તેના પાકતા અનાજ ઉપર, તેની વસ્તી ઉપર કે તેની રાષ્ટ્રીય આવક ઉપર નથી, પરંતુ શોર્યવાન, ધ્યેયવાન અને સાહસવીર યુવાનો પર દેશની સમૃદ્ધિ નો આધાર રહેલો છે.

જોકે, આવો યુવાન કોણ અને તે ક્યાં મળે તેનો ઉતર એજ કે અપણે જ એવા યુવાન છીએ કે આપણામાં પડેલી શક્તિનો આપણને જ ખ્યાલ નથી. માટે જાગૃત થઈ આપણામાં પડેલી યુવાશક્તિને જાગૃત કરવા આજથી કટ્ટીબદ્ધ બનીએ.

**અને અંતમાં...**

આજે આ દેશ ને જટાયુ જેવા સમર્પિત થનારા ભ્રષ્ટ્રાચાર, અત્યાચાર અને દુરાચાર સામે ઝઝુમનારા દુરવૃતી ને હંફાવનારા અને મૃત્યુનો સામનો કરીને પણ અડગ પણે રહેનારા પ્રબળ શક્તિશાળી યુવાનની સમાજ તેમજ દેશને ખાસ જરૂર છે. આવા યુવાનો હશે તો ચોક્કસ આ રાષ્ટ્ર વિશ્વની મહાસતા બની શકશે એમાં શંકાને કોઈ સ્થાન નથી.

આપણામાં પણ નમ્રતા, નીતિમતા, નીડરતા, નિર્ભયતા અને ભરપુર આત્મવિશ્વાસ જેવા ગુણો ભરેલા છે. આવા ગૃણોને જાગૃત કરી ધ્યેય સિધ્ધ કરવા નિષ્ઠાથી કાર્યમાં લાગી જઈએ.

# સફિન હસન :
# 'કૌન કહેતા હૈ આસમાન મેં સુરાખ નહિ હો સકતા...'




**વાત છે ૨૨ વર્ષનાં એ ગુજરાતી યુવાનની જેણે યુપીએસસીની પરીક્ષા પ્રથમ પ્રયાસે જ પાસ કરી દીધી છે. સફિન હસન નામનાં આ યુવાને જીવનની તકલીફોને અથાગ મહેનતથી અવસરમાં પલટીને સફળતા મેળવી છે, જે અન્યો માટે પ્રેરણાદાયી છે.**

થોડાક સમય પહેલાં જ અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટીના હોલ ખાતે હેલ્થી કેમ્પસ અંતગર્ત એક નાનકડો અને હંમેશ મુજબનો કાર્યક્રમ યોજાઈ રહ્યો હતો. ગુજરાત રાજ્યના નાર્કોટિક કંટ્રોલ બ્યુરો દ્વારા ગુજરાતની કોલેજોના કેમ્પસોને નશા મુક્ત કરવા ચલાવાઈ રહેલા અભિયાન અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં વક્તાઓ પણ નશાથી દૂર રહેવા સલાહ આપી રહ્યા હતા. જોકે અહીં હાજર એક યુવા વક્તાએ સૌના મન મોહી લીધા હતા, જેણે પોતાના કાર્ય અને લક્ષ્યાંકને જ જાણે 'નશો' બનાવ્યો હતો.

સતત નાની-મોટી ફરિયાદ કરતી, ખૂબ જલ્દીથી 'બોર' થઈ જતી, માથું મોબાઈલમાં ઘાલીને માનસિક રીતે માયકાંગલી બની ગયેલી અને ભરજુવાનીએ ગગલીની જેમ રોયા કરતા આપણી આજની યુવાપેઢી માટે આ કાર્યક્રમમાં આવેલો આ યુવાન આદર્શ અને પ્રેરક બની રહેવો જોઈએ!

કાર્યક્રમમાં હાજર ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને વક્તવ્ય આપવા ઉભા થયેલા યુવાને કહ્યું કે : 'જ્યારે દુનિયા માનતી હતી કે પોતાની વાત માત્ર શબ્દોથી જ કહી શકાય; ત્યારે ચાર્લી ચેપ્લિને બોલ્યા વિના આખી દુનિયાને હસાવેલી. દુનિયા માનતી

કે માત્ર મહિલાઓ જ રસોઈ બનાવી શકે; ત્યારે સંજીવ કપૂરે દુનિયાને પોતાના હાથની રસોઈની દિવાની બનાવી. વૃદ્ધત્વ માત્ર નિવૃત્તિ માટે જ હોય છે એ માન્યતા વચ્ચે અમિતાભ બચ્ચન પ્રતિવર્ષ ત્રણ ફિલ્મો આપી રહ્યા છે. ફિલ્મી બેકગ્રાઉન્ડ વગર રૂપેરી પડદે સફળતા ન મળે એ માન્યતાને તોડીને શાહરુખખાન બોલિવૂડનો બાદશાહ બન્યો. સામાન્ય પરિવારમાં જન્મ છતાં ધીરૂભાઈએ ઉદ્યોગ જગતનાં શીખરો સર કરીને 'કર લો દુનિયા મુઠ્ઠી મેં'નો સંદેશ આપ્યો. આ વાત પરથી આપણે એ શીખવાનુ છે કે આપણે શું કરવાનું છે.'

આ જબરદસ્ત ચેતનાવંત અને પ્રેરક વક્તવ્ય આપનારો આ જુવાન માત્ર બોલતો જ નથી, બોલેલું પાળી પણ બતાવે છે. ૨૨ વર્ષનાં ગુજરાતના યંગેસ્ટ સફિન હસનના આ શબ્દો ખોખલા એટલા માટે નથી, કારણ તે સ્વયં પ્રથમ પ્રયાસે યુપીએસસીની પરીક્ષા પાસ કરી ચુક્યો છે; એટલું જ નહીં આઈપીએસ કેડર માટે પણ પસંદ થયો છે.

રાજ્યના પછાત ગણાતા બનાસકાંઠા જિલ્લાનાં કાણોદર ગામના મુસ્લિમ યુવાન સફિને જૂન ૨૦૧૬માં યુપીએસસીની તૈયારી શરૂ કરી અને જૂન ૨૦૧૭માં પ્રથમ પ્રયાસે જ ૫૭૦મો રેન્ક મેળવ્યો. સફિનની આઈપીએસની ટ્રેનિંગ પણ શરૂ થવા પર હતી, જોકે તેનો વિચાર આઈએએસ બનવાનો હોઈ તે ફરીથી યુપીએસસીની પરિક્ષા આપવાનો છે અને તૈયારી પણ તે અત્યારથી કરી રહ્યો છે.

**સફિન સંવેદનશીલ અને માનવીય મૂલ્યો ધરાવતો યુવાન છે, જેણે માત્ર ૧૮ વર્ષની ઉંમરે પાલનપુરમાં "નિર્માણ : પરિવર્તન" નામની સ્વૈચ્છીક સંસ્થા શરુ કરી હતી, જેમાં ગરીબ બાળકોને ભણાવાય છે.**

ગુજરાતી ભાષામાં જ યુપીએસસીની પરીક્ષા ગુજરાતી સાહિત્યનાં મુખ્ય વિષય સાથે પાસ કરનારા સફિનના પિતા ગામમાં ઇલેક્ટ્રિશિયનનું કામ કરે છે અને માતા બીજાના ઘરે રોટલા ઘડે છે. જોકે, માતા-પિતાની ગરીબી સફિનના ઊંચા લક્ષ્યમાં ક્યારેય અવરોધ બની નથી. તે હંમેશા સખત મહેનત, સમર્પણ અને પ્રતિબદ્ધતા સાથે પોતાના લક્ષ્યાંકને વળગી રહ્યો.

એક સમયે પોતાની શાળામાં આવેલા કલેક્ટરનું માન-સન્માન જોઈને સફિને બાળપણમાં જ મનોમન કલેક્ટર બનવાની ગાંઠ વાળી લીધી. લાલબત્તી વાળી ગાડીમાં ફરવાની આશા સાથે પબ્લિક સ્પિકિંગ, પબ્લિક એંગેજમેન્ટ, નો ફિયર, કોન્ફિડેન્સ ડેવલપ કરવાનું પણ શરૂ કર્યું. સફિન કહે છે કે, ધો.૧૦ ગામમાં રહીને પૂર્ણ કર્યુ. પાલનપુરની એક સ્કૂલે પરિસ્થિતિ જોઈને ધો.૧૧-૧૨ની ફી માફ કરી. ધો.૧૨ પૂરું કર્યા બાદ સુરતની એસવીઆઇટી એન્જિનિરીંગ કોલેજમાં એન્જિનિરીંગમાં એડમિશન મળ્યું પણ ફીના પૈસા નહોતા. સગા-સંબંધીઓએ મદદ કરી. પૈસા ઓછા પડતા એટલે ટ્યુશન કરીને હોસ્ટેલની ફી કાઢતો. કોલેજ બાદ યુપીએસસીનો ગોલ દેખાતો હતો, પરંતુ ક્લાસિસના પૈસા નહોતા. ગામમાં રહેતા હુસેનભાઈ અને ઝરીનાબેને નિ:સ્વાર્થ ભાવે ભણવા-રહેવા અને જરૂરી અભ્યાસ સામગ્રી તેમજ આવવા-જવાના પૈસા આપ્યા અને દિલ્હીમાં ક્લાસ શરૂ થયા.

એક વર્ષની અથાગ મહેનત બાદ આખરે સફિન હસનને યુપીએસસીની પરીક્ષા પ્રથમ પ્રયાસે જ પાસ કરવામાં સફળતા મળી

સફિન સંવેદનશીલ અને માનવીય મૂલ્યો ધરાવતો જુવાન છે. તેણે માત્ર ૧૮ વર્ષની ઉંમરે પાલનપુરમાં "નિર્માણ : પરિવર્તન" નામની સ્વૈચ્છીક સંસ્થા શરૂ કરેલી. જેમાં પાલનપુરના આસપાસના ગામોમાં રહેતા ગરીબ બાળકોને ભણાવાય છે. સફિનનાં કહેવા પ્રમાણે, કોલેજમાં વેકેશન દરમિયાન તે અને તેના મિત્રો અહીં શિક્ષણ આપવાનું કાર્ય કરે છે. ભવિષ્યમાં આ એનજીઓનાં માધ્યમ થકી ગરીબ અને આદિવાસી બાળકોને ભણાવી ઉચ્ચત્તમ કારકિર્દી સુધી પહોંચાડવાનું તેમનું આયોજન છે.

હવે કહો, શું અશક્ય છે? સફિનના અથાગ પરિશ્રમે તેને સફળતા અપાવી છે અને અન્યો માટ તે પ્રેરક પસર્ન બન્યો છે.

સફિનની ધ્યેયસિદ્ધી પર કવિ દુષ્યંતકુમાર ત્યાગીની કવિતા યાદ ન આવે...

'કૌન કહેતા હૈ આસમાન મેં સુરાખ નહિ હો સકતા... એક પત્થર તો તબિયત સે ઉછાલો યારો...'

# યશ-અર્જુનની અનોખી સિદ્ધિ

## વપરાયેલા ફૂલોનું કર્યું જૈવિક ખાદમાં રૂપાંતર




**આપણે ક્યારેય વિચાર્યુ છે કે, રોજેરોજે મંદિરોમાં ભગવાનને ચઢાવાતાં ફૂલોનું પછી શું થાય છે? અમદાવાદના બે યુવાનોએ વપરાયેલા આવા ફૂલોનો પણ સદુપયોગ કરીને તેમાંથી જૈવિક ખાતર વિકસાવ્યું છે...**

આપણે સૌ ધાર્મિક છીએ તેથી જ ધર્મ, ભગવાન, મંદિર વગેરેમાં આપણને અપાર શ્રદ્ધા રહેલી છે. પ્રભુનાં કૃપા પાત્ર બનવા માટે આપણે તેમને રીઝવવાનો પ્રયત્ન કરીએ છીએ. દરરોજ મંદિરોમાં ભગવાનને ફુલોના હાર, અગરબતી, ચાદર, આભૂષણ, ફળો, પ્રસાદ વગેરે અર્પણ કરીએ છીએ. જોકે, આપણે ક્યારેય વિચાર્યુ છે કે, રોજે રોજ મંદિરોમાં ભગવાને ચઢતાં ફૂલ, અગરબતી વિગેરેનું પૂજા બાદ શું થાય છે? આ સવાલનો સીધો જવાબ છે કે વિસર્જન. પૂજામાં વપરાયેલી મોટાભાગની સામગ્રીનું વિર્સજન થાય છે, એટલે કે તેને પાણીના સ્રોતમાં વહાવી દેવામાં આવે છે. જોકે, આ કામ પાણીમાં રહેલ જીવસૃષ્ટિ કે પછી પાણી પર તેની શું અસર થશે તે વિચાર્યા વગર થઈરહ્યુ છે. આપણાં બિનસાંપ્રદાયિક દેશમાં તો દરેક ગલીએ એક મંદિર છે, ત્યારે પૂજાની આટલી માત્રામાં વપરાયેલી સામગ્રીનાં જથ્થાનો માત્ર અંદાજ લગાવવો રહ્યો, જે પર્યાવરણને પણ હાની પહોચાડી શકે છે.

જોકે, અમદાવાદના બે એન્જીનયરીંગ સ્ટૂડન્ટ્સે આ અંગે માત્ર વિચાર્યુ જ નથી, પરંતુ તેનું સામાધાન પણ શોધ્યુ છે. અર્જુન ઠક્કર અને યશ ભટ્ટ નામનાં એકવીસ વર્ષીય આ યુવાનોએ સાથે મળીને મંદિરોમાંથી નિકળતા કચરામાંથી ખાતર બનાવવા વિશે વિચાર્યુ અને તેમાં તેઓ સફળ પણ થયા. બંને યુવાનો કોલેજના એક પ્રોજેક્ટ માટે વેસ્ટ મેનેજમેન્ટ પર રિસર્ચ કરતા હતા ત્યારે તેમને આ વિચાર આવ્યો હતો. માત્ર અમદાવાદ શહેરમાં જ ૨૦૦૦ જેટલા મંદિરો આવેલા છે, જેમાંથી દરરોજ લગભગ બે ટન જેટલા વપરાયેલા ફૂલો ભેગા થાય છે. આથી બંને

યુવાનોએ તેના પર કામ કરવાનું શરૂ કર્યું.

અર્જુન અને યશે સૌ પ્રથમ બધા મંદિરોમાં જઈને ત્યાંના મેનેજમેન્ટ સાથે વાત કરી. તેમની પાસેથી માહિતી મેળવી કે તેઓ પૂજામાં ચડાવ્યા બાદ આ બધા ફૂલોનું શું કરે છે? આ પ્રશ્નના તેમને અલગ-અલગ જવાબો મળ્યા. હિન્દુ પુજારીઓએ કહ્યું કે ફૂલોને પાણીમાં વહાવી દેવાય છે, તો જૈન મંદિરોમાંથી જણાયું કે, ફૂલોને ખુલ્લી હવામાં છોડી દેવામાં આવે છે. આ બધા જવાબ સાંભળીને એવું લાગે છે કે, ભારતમાં વધતા પ્રદૂષણ માટે આ એક કારણ પણ જવાબદાર છે અને આ સમસ્યા અંગે કોઈ ગંભીરતાથી વિચારતું જ નથી. જો માત્ર અમદાવાદમાં દરરોજ બે ટન જેટલા ફૂલો મંદિરમાંથી નિકળતા હોય તો આખા દેશમાંથી દરરોજ કેટલા ફૂલો એકઠા થતા હશે?

અર્જુન અને યશે વેસ્ટ આઉટ ઓફ બેસ્ટ અંગે વિચાર કર્યો, જેથી આ ફૂલોના લીધે નદી-નાળામાં થતાં પાણીના પ્રદૂષણને અટકાવી શકાય, સાથે જ લોકોની શ્રદ્ધા અને આસ્થાને પણ ઠેસ ન પહોંચે.

૨૦૧૬માં બંને યુવાનોએ આ પાયલટ પ્રોજેક્ટર પર કામ કરવાની શરૂઆત કરી હતી. તેમણે ફૂલોના અલગ-અલગ ઉપયોગ અંગેની શક્યતાઓ પર વિચાર કર્યો કે, કઈ રીતે આ ફૂલોનો ફરીથી સારી રીતે ઉપયોગ કરી શકાય? તેમાંથી તેમણે ફૂલોમાંથી જૈવિક ખાતર બનાવવાનો નિર્ણય કર્યો. તેમણે તેમની આ પહેલને બ્રુક એન્ડ બ્લૂમ નામ સાથે રજીસ્ટર કરાવી. બ્રુક એટલે નદીની ધારા અને

**અર્જુન અને યશે આ ખાતર વેચવા માટે પણ અનોખી રીત અપનાવી છે. તેમણે મંદિરોમાં કે તેની આસપાસ જ સ્ટોલ લગાવ્યા છે, જેમાં મંદિરમાં કામ કરતી કે અન્ય કોઈ જરૂરિયાતમંદ મહિલા આ ખાતર વેચે છે.**

બ્લૂમ એટલે ફૂલોનું ખિલવું. પ્રોજેક્ટ પર કામ કરતાં બંનેને જાણવા મળ્યુ કે, કોઈપણ જૈવિક ખાતર બનાવવા માટે લગભગ ૪૫-૬૦ દિવસનો સમય લાગે છે, જે તેમના માટે બહુ લાંબો હતો. આથી તેના વિકલ્પ તરીકે એક મોડિફાય મશીન બનાવ્યું જેનાથી ૧૫-૨૦ દિવસની અંદર એ જ પ્રક્રિયા થઈ શકે. મશીનમાં ફૂલોના નાના-નાના ટૂકડા કર્યા બાદ તેને અલગ-અલગ કરીને તેમાં કૈટેલિસ્ટ નાખી મશીનમાં જ પીસવામાં આવે છે અને છેલ્લે તેને ચાળવામાં આવે છે. આ પ્રોજેક્ટ માટે ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટી દ્વારા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસી અંતર્ગત ૯૫૦૦૦નાં ફંડ ઉપરાંત જગ્યા પણ ફાળવાઈ છે, જ્યાં આ પ્રોજેક્ટ શરૂ કરાયો છે.

અર્જુન અને યશે આ પ્રોજેક્ટમાં સફળ થતાં તેઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે પણ જોડાયા. શરૂઆતમાં તેઓ જાતે જ મંદિરોમાં જઈને ફૂલો એકઠા કરતા. જેમાં પછીથી અમ્યુકોની મદદ મળી. કોર્પોરેશનનું એક વાહન મંદિરોમાંથી ફૂલ એકઠા કરીને તેમને પહોંચાડે છે. આ ઉપરાંત શહેરના અલગ-અલગ વિસ્તારોનાં કોર્પોરેટરોએ પણ આ પ્રોજેક્ટમાં મદદ કરી. રોજ ૩૦૦ થી ૪૦૦ કિલો ફૂલો ભેગા કરીને તેમાંથી પ્રતિદીન ૩૦ થી ૪૦ કિલો જૈવિક ખાતર બનાવાય છે. હાલમાં તેઓ લગભગ ૫૦ જેટલા મંદિરો સાથે જોડાયેલા છે. તેમનું માનવુ છે કે, આ સંખ્યા થોડા જ સમયમાં વધી જશે.

કોઈપણ બદલાવની શરૂઆતમાં અનેક પડકારોનો સામનો કરવો પડે છે. અર્જુન અને યશને પણ શરૂઆતમાં આવી જ સમસ્યાઓ નડી. કેટલાક મંદિરોનાં સંચાલકો ફૂલ આપવા રાજી નહોતા, તેમને સમજાવવાનું કામ પણ અઘરૂં હતું. ધીમે-ધીમે મંદિરોમાં કચરાપેટી આપવાની શરૂઆત કરી અને તેમાં ફુલો સહિતનો જુદો-જુદો કચરો અલગ-અલગ કચરાપેટીમાં નાખવાનું સૂચન પણ કરાયું.

અત્યારે બ્રુક એન્ડ બ્લૂમનાં ખાતરનું વેચાણ થઈ રહ્યું છે. અર્જુન-યશે આ ખાતરનાં વેચાણ માટે મંદિરોમાં કે મંદિરની આસપાસ જ સ્ટોલ લગાવ્યા અને મંદિરમાં કામ કરતી કે કોઈ જરૂરિયાતમંદ મહિલા આ સ્ટોલ પરથી ખાતર વેચે છે. અર્જુન કહે છે, મંદિરમાં જ ખાતરના વેચાણથી લોકોને એ વાતનો અહેસાસ થાય છે કે, તેમના ચડાવેલા ફૂલોમાંથી જ ખાતર તૈયાર થયું છે. લોકો ગાર્ડનીંગ, ઘરના નાના છોડ, નર્સરી માટે આ ખાતરનો ઉપયોગ કરી રહ્યા છે. આપણે સૌએ એ યાદ રાખવુ જાઈએ કે, આપણી એક જવાબદારી પ્રકૃતિની જાળવણીની પણ છે. આપણે પ્રયાસ કરીએ કે, પ્રકૃતિ આપણને જે આપે છે તે તેનાથી વધુ સુંદર રીતે પ્રકૃતિને પાછુ આપીએ.

# માલવિકા અય્યર : દિવ્યાંગ નહીં, દિવ્ય પ્રયાસી

૨૬ મે, ૨૦૦૨નો દિવસ. માલવિકા અય્યર આ દિવસને એના જીવનમાં ક્યારેય ભૂલી શકે તેમ નથી. રાજસ્થાનના બિકાનેર શહેરમાં વસતી માલવિકા એ દિવસે તેના ઘરના ગેરેજમાં કોઈક વસ્તુ શોધી રહી હતી, ત્યારે અજાણતાં જ એના હાથમાં ગ્રેનેડ આવ્યો. કમનસીબે એ ગ્રેનેડ એના હાથમાં ફાટયો.

તેર વર્ષની માલવિકાના કોણીથી નીચેના બંને હાથ ફાટી ગયા. વોટર વર્ક્સ ડિપાર્ટમેન્ટમાં એન્જિનીયર તરીકે કામ કરતા પિતાની આ પુત્રી લગભગ અઢાર મહિના સુધી સંપૂર્ણ પથારીવશ રહી.

માલવિકાને આ માનસિક આઘાતમાંથી બહાર આવતા થોડી વાર લાગી, પરંતુ સાથે સાથે એનો પોતાની જિંદગી પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલાઈ ગયો. નવમા ધોરણમાં અભ્યાસ ન કરી શકવાથી તેણે ૨૦૦૪માં દસમા ધોરણની પરીક્ષાને ચાર મહિના બાકી હતા, ત્યારે ચેન્નાઈમાં ખાનગી ઉમેદવાર તરીકે પરીક્ષા આપવાનું નક્કી કર્યું.

આટલા મોટા અકસ્માતમાંથી બચી જનાર અને અનેક સર્જરી પછી તેણે માતા- પિતાના સહયોગથી પરીક્ષા આપી. એટલું જ નહીં, પણ મક્કમ મનોબળથી ડિસ્ટીંક્શન માર્ક્સ સાથે ઉત્તીર્ણ થઈ. માલવિકાની આવી ઝળહળતી સફળતાના સમાચાર અખબારોમાં છવાઈ ગયા.

આ સમાચાર વાંચીને તત્કાલીન ભારતના રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ

**હાથમાં ગ્રેનેડ ફાટ્યા પછી બંને હાથ ગુમાવી ચૂકેલી માલવિકા આજે તેના દિવ્ય પ્રયાસો થકી દિવ્યાંગોના અધિકારો માટે લડત ચલાવે છે...**



કલામે માલવિકાને મળવા બોલાવી એમણે માલવિકાને કારકિર્દી વિશે શું વિચાર્યું છે તેમ પૂછ્યું અને મિસાઈલ બનાવવાની વાત કરી.

માલવિકા કહે છે, 'હાથ વગર પરીક્ષા આપી અને બીજી બાજુ કલામસાહેબ જેવા રાષ્ટ્રપતિએ મળવા બોલાવી, તેનાથી મને ખ્યાલ આવ્યો કે કોઈ પણ વસ્તુ ગુમાવવા બદલ અફસોસ ન કરવો જોઈએ. દૂધ ઢોળાઈ જાય, પછી તેનો વસવસો ન કરવો. ત્યાર પછી ક્યારેય મને કોઈ હતાશભર્યો વિચાર આવ્યો નથી.'

એ પછી માલવિકા દિલ્હીની સેન્ટ સ્ટીફન કોલેજમાં અર્થશાસ્ત્ર વિષય સાથે સ્નાતક થઈ. દિલ્હી સ્કૂલ ઓફ સોશિયલ વર્કમાં માસ્ટર્સની ડિગ્રી મેળવી તેમજ ચેન્નાઈમાં મદ્રાસ સ્કૂલ ઓફ સોશિયલ વર્કમાં એમ.ફિલ. અને પીએચ. ડી.ની ડિગ્રી હાંસલ કરી. આજે તે દિવ્યાંગોના અધિકાર માટે કામ કરી રહી છે અને પ્રેરણાત્મક વ્યાખ્યાનો આપી રહી છે.

૨૦૧૩માં ચેન્નાઈમાં એણે એનું પહેલું જાહેર વ્યાખ્યાન આપ્યું. એમાં એણે જણાવ્યું કે આ અકસ્માતથી એના જીવનમાં કેવું પરિવર્તન આવ્યું. હવે એ વિશ્વના અનેક રાષ્ટ્રોમાં જઈને દિવ્યાંગો માટેના કાયદા અને એને મળતી સુવિધામાં સુધારો કરાવવા માગે છે. સમાજમાં દિવ્યાંગો પ્રત્યેના વલણમાં પરિવર્તન આવે, ચૂંટણી વખતે બધા મત આપી શકે તેવું માળખું ગોઠવાય, કપડાંની એવી ડિઝાઈન બનાવાય કે ફેશન શોમાં ભાગ લઈ શકાય. એવી અનેક બાબતોમાં દિવ્યાંગોનો સમાવેશ થઈ શકે, તે માટે તે સતત વિચારે છે.

માર્ચ ૨૦૧૭માં યુનાઈટેડ નેશન્સે એને વ્યાખ્યાન આપવા ન્યૂયોર્ક આવવા નિમંત્રણ પાઠવ્યું હતું અને એણે જ્યારે એના જીવનની વાત કરી, ત્યારે સહુએ સ્ટેન્ડિંગ ઓવેશન આપીને વધાવી હતી. ૨૦૧૮માં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હાથે નારી શક્તિ પુરસ્કાર મેળવ્યો, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એને 'અદ્ભુત નારી'થી નવાજી હતી. તેની ઈચ્છા છે કે સ્કૂલના અભ્યાસક્રમમાં દિવ્યાંગો વિશે એવી વાત ભણાવાય કે જેથી તેઓ સમાજમાં કલંકરૂપ ન ગણાય કે લોકો તેમના તરફ દયાની નજરે ન જુએ. **(સાભાર : શતદલ)**

# નૂર ઈનાયત ખાન : એક હતી જાસૂસી દુનિયાની રાજકુમારી...



**નૂરનું ગુજરાત સાથેનું સ્ટ્રોંગ કનેક્શન પણ ખરું. એક્ચ્યુઅલી નૂરના પિતા ઈનાયત ખાન ગુજરાતી હતા. વડોદરામાં જન્મેલા અને ઉછરેલા ઈનાયત ખાને પશ્ચિમમાં સૂફી મતને પ્રસરાવ્યો હતો. બીજાં વિશ્વયુદ્ધમાં અંગ્રેજો માટે જાસૂસી પરાક્મો કરનારી ભારતની રાજકુમારી નૂર ઈનાયત ખાન ફરી એક વખત ચર્ચામાં છે. નૂરને પાઉન્ડમાં સ્થાન આપવા ઝુંબેશ શરૂ થઈ છે.**

નૂર ઈનાયત ખાન. બ્રિટને આમ તો આ ભારતીય રાજકુમારીને ઘણું સન્માન આપ્યું છે. લંડનમાં ૨૦૧૨માં નૂરની પ્રતિમા મૂકાઈ હતી. બ્રિટનમાં એવું પ્રથમ વખત બન્યું હતું કે કોઈ એશિયન મહિલાની પ્રતિમા મૂકીને તેને સન્માન આપવામાં આવ્યું હોય. બ્રિટનમાં નાટકો, ફિલ્મો, ટેલિવિઝન સીરિયલોના માધ્યમથી નૂર ઈનાયત ખાનની કહાની સતત જીવંત રહી છે. નૂરને બ્રિટનમાં બીજા વિશ્વયુદ્ધની નાયિકા તરીકે યાદ કરાય છે, ઈનફેક્ટ પ્રથમ મુસ્લિમ યુદ્ધ નાયિકા ગણાવીને બ્રિટન તેને સતત સન્માન આપતંક આવ્યું છે.

સ્પાઈ પ્રિન્સેસ તરીકે જગ વિખ્યાત થયેલી નૂર ઈનાયત ખાનને બ્રિટનની કરન્સીમાં સ્થાન આપવાની ઝુંબેશ શરૂ થઈ પછી આ રાજકુમારી ફરી ચર્ચામાં આવી છે. ઈતિહાસકારોએ પણ એ ઝુંબેશને સમર્થન આપ્યું છે.

યુરોપિયન સંઘથી અલગ થયા પછી બ્રિટન જે નવી કરન્સી બહાર પાડશે, તેમાં ૫૦ પાઉન્ડની નોટમાં નૂરને સમાવવાની હિમાયત થઈ રહી છે. બ્રિટનમાં આવું સન્માન નૂરને મળશે કે કેમ એ તો હજુ દૂરની વાત છે, પરંતુ એ બહાને તેની કહાની ફરીથી સપાટી ઉપર આવી છે.

'રાજકુમારી' ગણાવાયેલી નૂર આમ તો

લિટરલી રાજકુમારી નહોતી. હા, રાજવંશ સાથે તેને સંબંધ ખરો. પરંતુ રાજમહેલમાં ઉછરી હોય એવી રાજકુમારીની વ્યાખ્યામાં તેને સમાવી ન શકાય. નૂરના પિતા ઈનાયત ખાનનો જન્મ વડોદરામાં થયો હતો. ઈનાયત ખાનના માતા ટીપુ સુલતાનના વંશજ હતા.

તે રીતે નૂરને ય ટીપુ સુલતાનની વંશજ કહીને 'રાજકુમારી' કહી શકાય, પણ ખરી રીતે જોતા તો એ જાસૂસી દુનિયાની રાજકુમારી હતી. તેણે બ્રિટન માટે કેટલાય ઓપરેશનો પાર પાડયા હતા. જર્મનોના ખતરનાક પંજામાં નાખીને ય તેણે બ્રિટિશ સૈન્યને કેટલાય આવનારા ખતરાથી વાકેફ કર્યું હતું.

નૂરનો જન્મ રશિયામાં થયો હતો. ઉછેર ફ્રાન્સમાં થયો હતો. પિતા ભારતીય હતા, માતા અમેરિકન હતા. બ્રિટનની સિટીઝનશિપ મેળવીને કામ બ્રિટન માટે કર્યું હતું. સૂફીવાદી પિતાની અહિંસામાં માનતી પુત્રીએ હિંસાની પરાકાષ્ઠા જેવા બીજાં વિશ્વયુદ્ધમાં સહભાગી બનીને પરાક્રમ માટે પારિતોષિકો ય મેળવ્યાં. આ બધી રીતે જુઓ તો નૂરની કહાની ઘણી વિશિષ્ટ હતી.

પિતા અમેરિકામાં સૂફી શિક્ષક હતા. એ સમયે તેનો પરિચય ઓરા બેકર સાથે થયો. લગ્ન કરીને બંને મોસ્કો જતા રહ્યાં. સૂફીવાદના પ્રભાવમાં ઓરાએ અમીના બેગમ નામ ધારણ કર્યું.

આ પતિ-પત્નીનું સૂફીવાદના ફેલાવામાં ઘણું મોટું પ્રદાન ગણાય છે. અમીના બેગમ અને ઈનાયત ખાને કેટલાય પુસ્તકો લખ્યા

**૧૯૪૦માં વોલેન્ટરી તરીકે સૈન્યમાં જોડાયેલી નૂરની પસંદગી એ જ વર્ષે બનાવાયેલા એરફોર્સના સહાયક મહિલાના યુનિટમાં થઈ. નૂરની ખાસિયત એ હતી કે તે ઘણી ભાષાઓ જાણતી હતી.**

છે, જેમાં સૂફીવાદનો કેન્દ્રવર્તી વિચાર કહેવાયો છે. અમીના બેગમે અસંખ્ય કવિતાઓ લખી. તો ઈનાયત ખાને સૂફી સંગીતકાર તરીકે ય નામ કાઢ્યું હતું.

મોસ્કો રહી વસ્યા પછી ૧૯૧૪માં નૂરનો જન્મ થયો. પ્રથમ વિશ્વયુદ્ધ ચાલતું હતું ત્યારે જ ઈનાયત ખાન મોસ્કોથી લંડન આવી ગયા. થોડાંક વર્ષો લંડનમાં રહ્યા પછી વળી ફ્રાન્સમાં સેટ થયા. સૂફીવાદનું કામ કરતા હતા એ દરમિયાન જ ઈનાયત ખાન ભારત આવ્યા હતા અને ૧૯૨૭માં દિલ્હીમાં તેમનું નિધન થયું. પિતા ઈનાયત ખાનનું નિધન થયું ત્યારે નૂર માત્ર ૧૩ વર્ષની હતી. એ વખતે તેની માતા અમીના બેગમ ઉપર ચારેય બાળકોને ઉછેરવાની જવાબદારી આવી પડી.

નૂર જેમ જેમ મોટી થતી ગઈ તેમ તેને ય ઘરની આર્થિક સ્થિતિનો અંદાજ આવતો ગયો. એના ઉપર ઉંમર કરતા વહેલી જવાબદારી આવતી ગઈ. તે સમજણી થઈ ત્યારથી જ તેણે આર્થિક મદદ કરવા માટે બાળવાર્તાઓ અને કવિતાઓ લખવા માંડી. સંગીત પણ શીખી. પિતાના પગલે ચાલીને તે સૂફી સંગીતનો ફેલાવો કરતી હતી.

અખબારો-સામયિકોમાં છપાતી બાળવાર્તાઓ અને કવિતાઓનો પુરસ્કાર મળતો અને એ રકમમાંથી તે પોતાના માટે જરૂરી પુસ્તકો ખરીદતી અને જે રકમ વધતી તે ઘરમાં આપી દેતી. રેડિયોમાં ય તેણે કામ શરૂ કર્યું. ફ્રાન્સમાં તેના કામની કદર થતી હતી અને સારું એવું વળતર મળવા લાગ્યું હતું. બૌદ્ધ જાતક કથાઓથી પ્રભાવિત થઈને બાળકો માટે એક પુસ્તક લખ્યું હતું, જે ૧૯૩૯માં પ્રસિદ્ધ થયું હતું.

પણ એ ય સમયગાળામાં બીજાં વિશ્વયુદ્ધના પડઘમ વાગવા લાગ્યા હતા. તેમના પરિવાર માટે ફ્રાન્સમાં રહેવું મુશ્કેલ બનતું જતું હતું. આખરે તેની માતાએ પરિવાર સાથે બ્રિટન જવાનું નક્કી કર્યું. બ્રિટનમાં આવ્યા પછી નૂરની લેખનપ્રવૃત્તિ અટકી ગઈ.

નવી દિશામાં કારકિર્દી બનાવવા નૂરે નજર દોડાવી. જર્મન સૈન્યના કારણે પરિવારે રઝળપાટ કરવી પડી એ કારણ હોય કે પછી આર્થિક જરૂરિયાત હોય કે પછી સાવ નવું સાહસ કરવાનો ઈરાદો હોય, પરંતુ ૨૫ વર્ષની નૂર બ્રિટિશ સૈન્યમાં જોડાઈ ગઈ. તે સાથે જ તેના જીવનની દિશા અચાનક બદલાઈ ગઈ.

૧૯૪૦માં વોલેન્ટરી તરીકે સૈન્યમાં જોડાયેલી નૂરની પસંદગી એ જ વર્ષે બનાવાયેલા એરફોર્સના સહાયક મહિલાના યુનિટમાં થઈ. નૂરની ખાસિયત એ હતી કે તે ઘણી ભાષાઓ જાણતી હતી.

પિતા ભારતીય હોવાના કારણે હિન્દી

જાણતી હતી. માતા-પિતા બંનેના કારણે અંગ્રેજી ભાષા જાણતી હતી. ફ્રાન્સમાં બાળપણ વીત્યું હતું એટલે તેની ફ્રેન્ચ ભાષા ઉપર ય પક્કડ હતી. આ લાક્ષણિકતા તરફ સૈન્યના ઉચ્ચ અધિકારીઓનું ધ્યાન પડ્યું.

બ્રિટિશ સૈન્યના ઉચ્ચ અધિકારીઓને લાગ્યું કે આ છોકરી ખૂબ મહત્વનું કામ કરી શકે તેમ છે. પણ બીજી તરફ સૂફીવાદમાં શ્રદ્ધા ધરાવતી નૂર હિંસાની વિરૂદ્ધમાં હતી.

યુદ્ધમાં હિંસા વગર ચાલે તેમ ન હતું એ વાત બરાબર જાણતી નૂરે ધીમે-ધીમે યુદ્ધના માહોલમાં જાતને સેટ કરી. એ જ અરસામાં તેને બ્રિટિશ વડાપ્રધાન ચર્ચિલે બનાવેલા સ્પેશિયલ ઓપરેશન્સ એક્ઝિક્યુટિવમાં એન્ટ્રી મળી. આ સંગઠનનું કામ સૈન્ય માટે ગુપ્ત માહિતી મેળવવાનું હતું અને એમ નૂરની એન્ટ્રી જાસૂસીની દુનિયામાં થઈ.

૧૯૪૩માં સિક્રેટ એજન્ટ તરીકે સક્રિય થઈને બ્રિટિશ સૈન્યના હિતમાં તે ઘણી માહિતી મેળવવા લાગી હતી. રેડિયો ઓપરેટરની તાલીમ આપીને તેને એ વર્ષે ફ્રાન્સ મોકલી દેવાઈ. જર્મન તાબાના ક્ષેત્રમાં જઈને જાસૂસી કરનારી તે બીજા વિશ્વયુદ્ધની પ્રથમ મહિલા હતી. ફ્રાન્સમાંથી નૂરે બ્રિટનને ગુપ્ત માહિતી આપવાની હતી. જો આમાં પકડાય તો એક જ અંજામ હતો - મોત. નૂર પણ આ વાત બરાબર જાણતી હતી, પરંતુ તેમ છતાં આ હિંમતભર્યું કામ તેણે શરૂ કરી દીધું.

તેને ફ્રાન્સ મોકલી ત્યારે કેટલાય બ્રિટિશ અધિકારીઓ માનતા હતા કે આ છોકરી બે મહિના પણ જીવતી નહી રહે. અહિંસાની

**બ્રિટિશ સૈન્ય વિશે માહિતી મેળવવા જર્મન સૈન્યએ નૂર પર ખૂબ ત્રાસ વર્તાવ્યો, છતાં તેણે પોતાનું સાચું નામ સુદ્ધાં ન જણાવ્યું. થોડો વખત તેને કેદમાં રાખ્યા પછી ૧૯૪૪ના સપ્ટેમ્બરમાં તેને ઠાર કરવામાં આવી.**

વિચારધારાના કારણે તે લાંબું ઝઝૂમી નહી શકે. એક-દોઢ મહિનામાં તો તે ચોક્કસ પકડાઈ જશે, પણ ધારણાથી વિપરિત નૂરે બ્રિટિશ સૈન્યને જરૂરી માહિતી આપવા માંડી. એક વખત તો નૂરની સાથે કામ કરતા એજન્ટો ઝડપાઈ ગયા ત્યારેય નૂર એમાંથી આબાદ બચી ગઈ હતી.

પરંતુ એક દિવસ એવો આવી જ ગયો કે તે જર્મન સૈન્યના હાથમાં આવી ગઈ. જાસૂસીમાં બનતું આવે છે એમ એના જ કોઈ સાથીદારની બહેને જર્મનીને નૂર વિશે માહિતી આપી દીધી હતી. નૂર ઝડપથી સફળ થઈ રહી હતી એટલે તે ઈર્ષાનો ભોગ બની ગઈ. તેની સફળતાથી બળી મરેલા તેના જ સાથીઓએ તેને દુશ્મનોના હાથમાં ધકેલી દીધી.

બ્રિટિશ સૈન્ય વિશે માહિતી મેળવવા જર્મન સૈન્યએ તેના ઉપર ખૂબ ત્રાસ વર્તાવ્યો, છતાં તેણે પોતાનું સાચું નામ સુદ્ધાં ન જણાવ્યું. થોડો વખત તેને કેદમાં રાખવામાં આવી અને પછી ૧૯૪૪ના સપ્ટેમ્બર માસમાં તેને ઠાર કરવામાં આવી.

જાસૂસ તરીકે તેની કારકિર્દી તો માંડ એક વર્ષની હતી, પણ એક વર્ષમાં નૂરે બ્રિટિશ સૈન્ય માટે એટલું કામ કર્યું હતું કે સાત દશકા પછી ય તેની કહાની બ્રિટનમાં જીવંત છે. તેનું પરાક્રમ આજેય યાદ કરાય છે. ફિલ્મો, ટેલિવિઝન, વેબસીરિઝનો તે ગમતો વિષય છે.

૧૯૪૯માં તેને બ્રિટિનનું બીજા નંબરનું હાઈએસ્ટ સન્માન જ્યોર્જ ક્રોસ એનાયત કરીને સન્માનિત કરાઈ હતી. બ્રિટનમાં માત્ર ત્રણ મહિલાઓને આ સન્માન મળ્યું છે અને એમાં એક નૂર છે. ૨૦૧૪માં તેના પરાક્રમના બરાબર સાત દશકા થયા ત્યારે બ્રિટને ટપાલ ટિકિટમાં તેને સ્થાન આપ્યું હતું અને હવે ૫૦ પાઉન્ડની નોટમાં સ્થાન આપવાની માગણી ય ઉઠી છે. બ્રિટિશ ઈતિહાસકારોએ એકમતે એવું કહ્યું છે કે નૂર ઈનાયત ખાન બ્રિટિશ કરન્સીમાં સ્થાન મેળવવા હકદાર છે.

નૂર ઈનાયત ખાન સૂફીવાદના રંગે રંગાયેલી હતી એટલે અહિંસામાં માનતી હતી. ગાંધીજીના સિદ્ધાંતો તેને ખૂબ આકર્ષતા હતા. નૂરે એક વખત તેની માતાને પત્ર લખીને કહ્યું હતું કે જો વિશ્વયુદ્ધમાં ભારતીયો અંગ્રેજોને સાથ આપશે તો કદાચ અંગ્રેજો ભારતને આઝાદી આપી દેશે.

હવે હું બ્રિટિશ સૈન્ય માટે કામ કરી જ રહી છું ત્યારે પહેલાં એ કામ પૂરું કરી નાખું. એક વાર બિટિશ સૈન્ય માટે પરાક્રમ બતાવી દઈશ પછી ભારતની આઝાદી માટે ગાંધીજીના માર્ગે લડત આપવામાં સહકાર આપીશ. મારા પિતાની જન્મભૂમિ આઝાદ તે માટે સમય આવ્યે મારાથી બનતું હું પણ કરીશ.

# અમેરિકાના વ્હાઇટ હાઉસથી ઈન્ટરનેશનલ ક્રિકેટના ગ્રાઉન્ડ સુધી...

અમેરિકાના વ્હાઈટ હાઉસથી લઈને ઈન્ટરનેશનલ ક્રિકેટના ગ્રાઉન્ડ સુધી પટેલનું ગૌરવ કોણે વધાર્યું? આવો જોઈએ...



## માનવ તસ્કરી વિરૂદ્ધની લડત માટે મિનલ પટેલનું વ્હાઇટ હાઉસમાં સમ્માન

અમેરિકાના વ્હાઈટ હાઉસમાં ભારતીય મૂળની એક મહિલાને સન્માનિત કરવામાં આવી છે. મિનલ પટેલ ડેવિસને માનવ તસ્કરી વિરૂદ્ધ લડાઈ માટે અમેરિકાના વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ પ્રેસિડેન્શિયલ એવોર્ડ એનાયત કર્યો છે.

મિનલ પટેલ માનવ તસ્કરીના મામલે હ્યૂસ્ટનના મેયર સિલવેસ્ટર ટર્નરનાં વિશેષ સલાહકાર છે. એવોર્ડ સેરેમની દરમિયાન અમેરિકન પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ પણ હાજર હતા. સેરેમની બાદ મિનલ પટેલે કહ્યું કે, આ અત્યંત મહત્વની પળ છે. મારાં માતા-પિતા ભારતથી અહી આવ્યા છે. મારાં પરિવારમાં હુ પહેલી છું જેનો જન્મ અમેરિકામાં થયો. આ હિસાબે થોડાં વર્ષો પહેલાં મેયર ઓફિસ અને ત્યારબાદ હવે વ્હાઈટ હાઉસ સુધી પહોંચવું અવિશ્વસનીય છે.

મિનલ ૨૦૧૫માં હ્યૂસ્ટન મેયરની વિશેષ સલાહકાર નિયુક્ત થઇ હતી. અમેરિકાના ચોથા સૌથી મોટાં શહેરમાં માનવ તસ્કરી રોકવા માટે તેઓએ નીતિગત રીતે અનેક પ્રભાવશાળી પગલાં ઉઠાવ્યા છે. તેઓ સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેકવાર શહેરમાં લાગુ થયેલી નીતિઓ પર પોતાનો મુદ્દો સામે લાવ્યા છે.

મિનલ પટેલ યુનાઈટેડ નેશન્સની વર્લ્ડ હ્યુમનિટેરિયન સમિટની સ્પીકર પણ રહી ચૂક્યા છે. હાલમાં જ તેઓએ ગૃહ વિભાગના અનુરોધ પર ભારત અને કેનેડાની મુલાકાત લીધી હતી. આ બંને દેશોમાં તેઓએ તસ્કરી રોકવા માટે સરકારી અધિકારીઓ સાથે ચર્ચા પણ કરી હતી.

•••

## ધવલ પટેલની સિદ્ધિ : લીટર પેટ્રોલથી ૧૩૦ કિમી. ચાલતી સાયકલ બાઈક તૈયાર કરી

પેટ્રોલ-ડીઝલ ના ભાવે દિવસે ને દિવસે વધી રહ્યા છે અને સમગ્ર રાષ્ટ્ર માટે ચિંતાનો વિષય બની ગયો છે ત્યારે મહેસાણાના ટુંડાવ ગામના સામાન્ય ખેડૂત પરિવારના પુત્રએ પેટ્રોલ-ડીઝલનાં વધતા ભાવ સામે વધુ એવરેજ આપતી સાયકલ બાઈક વિકસાવી છે.

પેટ્રોલ-ડીઝલનાં ભડકે બળતાં ભાવે કેન્દ્ર સરકારને હચમચાવી દીધી છે ત્યારે આ ઈંધણના ભાવ વધારા સામે આમજનતાને કઈક રાહત થાય તે હેતુથી ટુંડાવ ગામના ખેડૂત પુત્ર ધવલ પટેલ દ્વારા એક એવી સાઈકલ બાઈક તૈયાર કરવામાં આવી છે, જે એક લીટરમાં પેટ્રોલમાં ૧૩૦ કિલોમીટર સુધી ચાલશે. વાત સાંભળીને આશ્ચર્ય પામી જવાય તેવી છે. સામાન્ય બાઈક એક લીટર પેટ્રોલમાં ૫૦ કે ૬૦ કિલોમીટર ચાલતા હોય છે ત્યારે ધવલ પટેલ દ્વારા વિકસાવાયેલ આ સાઈકલ બાઈક એક લીટર પેટ્રોલમાં ૧૩૦ કિલોમીટર ચાલે છે.



આ સાઈકલ બાઈકની વિશિષ્ટ બાબત એ છે કે, તે ૫૦ કી.મી.ની સ્પીડે દોડે છે. આ

સાયકલ બાઈકને પેન્ડલ મારીને પણ ચલાવી શકાય છે. આ સાઈકલ બાઈકમાં પેટ્રોલ ભરવા માટે એક ટાંકી મુકવામાં આવી છે, જેની ક્ષમતા ૨ લીટર છે. આ સાઈકલ બાઈક બનાવવા માટે જરૂરી મટેરિયલ ચાઈનાથી મંગાવવામાં આવ્યું હતું. આ વિશિષ્ટ સાઈકલ બાઈકના નિર્માણમાં ધવલ પટેલને આશરે છ મહિના જેટલો સમય લાગ્યો હતો અને તેની પાછળ કુલ રૂ.૩૫૦૦૦ જેટલો ખર્ચ પણ કરવામાં આવ્યો છે.

જોકે, ખેડૂત પુત્ર ધવલ પટેલ આટલેથી ખુશ ન હોય તેમ તેણે આવનારા ભવિષ્ય માટે અત્યંત આધુનિક કારનું નિર્માણ પણ શરૂ કરી દીધું છે. જે પેટ્રોલ-ડીઝલ અને ગેસ દ્વારા ચાલશે. આ કાર એક લીટર પેટ્રોલમાં ૪૫ કિલોમીટર સુધી ચાલી શકશે. આ સાથે ધવલે એક બાઈકનું નિર્માણ કરવાની પણ શરૂઆત કરી દીધી છે, જે કોઈપણ જાતનાં સહારા વગર પોતાની રીતે બેલેન્સ કરી ઉભું રહી શકે છે.

ધવલ પટેલ એક સામાન્ય પરિવાર માં ઉછેરલ ખેડૂતનો પુત્ર છે. તેના પિતા ખેતી કામ કરી કરે છે, પરતું આ ખેડૂત પુત્ર એ અભ્યાસ દરમિયાન જ નક્કી કરી દીધું હતું કે, પોતે ભવિષ્યમાં કઈક અલગ કરવા માંગે છે. આ માટે પહેલા તો તેનો પરિવાર તૈયાર ન હતો અને તેના માતા હમેશાં કહેતા કે, આપણે ખેડૂત છીએ તેથી આપણને પૈસાની જરૂર હોઈ આવા ખર્ચા ન પોસાય. જોકે આજે જ્યારે તેમના પુત્રએ પોતાનું સ્વપન પૂરું કર્યું છે, ત્યારે માતા પણ પુત્રની આ સિદ્ધિથી ખૂબજ પ્રભાવિત અને ખુશ છે અને તેઓએ પોતાનો પુત્ર આગળ વધુ પ્રગતિ કરે તેવા આશીવાર્દ આપ્યા છે.

ધવલે ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ પોતાના ગામની જ સ્કુલમાં કર્યો હતો. ત્યારબાદ તેણે ડિપ્લોમાં મીકેનીકલ એન્જીનીયરિંગ ગર્વમેન્ટ પોલીટેકનીક કોલેજ, પાલનપુરથી ૨૦૦૯માં પૂર્ણ કર્યું હતું. બાદમાં પાઈવેટ સેક્ટર માં જોબ શરૂ કરી હતી અને હાલમાં પણ તે જોબ કરી રહ્યો છે. ધવલનું સ્વપ્ન છે કે, સરકાર તેને મદદ કરે તો તે જે સાઈકલ બાઈક, ઈ-બાઈક, કારણનું નિર્માણ કરે છે તેનાથી પેટ્રોલ-ડીઝલનાં વધતા ભાવ સામે એક વ્યાજબી ઓપ્શન મળી રહે.

• • •

## આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અમ્પાયર નિમાયેલા ભાવેશ પટેલે ગુજરાતનું ગૌરવ વધાર્યું

ગાંધીનગર જિલ્લાના માણસા ગામના ખેડૂત પુત્ર ભાવેશ પટેલ એનો અભ્યાસ પૂરો કરીને ઉચ્ચ અધિકારી બનવાના સપના સાથે યુપીએસસીની તૈયારીમાં લાગી ગયા. મહેનત ખૂબ કરી પણ ભગવાનની ઈચ્છા કંઈક જુદી હશે એટલે યુપીએસસીમા સફળતા ન મળી.

હાર માનીને નિરાશ થવાની બદલે યુપીએસસીની પરીક્ષાની તૈયારીના આધારે એમણે જીપીએસસીની પરીક્ષા આપી, સફળતાપૂર્વક પરીક્ષા પાસ કરીઅને નાણા વિભાગમાં હિસાબી અધિકારી તરીકે સેવામાં લાગી ગયા. ભાવેશભાઈને ક્રિકેટમાં ખૂબ રસ પણ ઉમર ૨૮ને પાર કરી ગઈ હતી એટલે ક્રિકેટર તરીકે કારકિર્દી બનાવવાનો કોઈ ચાન્સ નહોતો.



પોતાના મનપસંદ ક્રિકેટના ફિલ્ડમાં આગળ વધવા માટે હવે કોઈ તક છે કે કેમ ? તે જાણવા માટે ભાવેશભાઈએ ઈન્ટરનેટ પર ખણખોદ ચાલુ કરી. ઈન્ટરનેટ પર તપાસ કરતા જાણવા મળ્યું કે બીસીસીઆઈ દ્વારા લેવામાં આવતી પરીક્ષા પાસ કરીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચના અમ્પાયર બની શકાય છે. આ માટેની પરીક્ષા ખૂબ કઠિન હોય છે પણ ભાવેશભાઈએ દ્રઢ સંકલ્પ કર્યો કે મારે કોઈપણ ભોગે આ પરીક્ષા પાસ કરીને અમ્પાયર બનવું જ છે. અમ્પાયર બનવાના પ્રથમ પગથિયાં રૂપે ગુજરાત ક્રિકેટ એસોશિએશન દ્વારા લેવાયેલી પરીક્ષા પાસ કરી. દેશના જુદા જુદા રાજયમાં આવેલા દરેક ક્રિકેટ એસોસિએશન દ્વારા ૨૫ ઉમેદવારોની પસંદગી કરીને આગળની પ્રક્રિયા માટે આ નામ બીસીસીઆઈને મોકલી આપવાના હોય છે.

૨૦૧૬માં ભાવેશભાઈએ આ પરીક્ષા પાસ કરી અને ગુજરાતના ૨૫ પસંદ થયેલા ઉમેદવારો પૈકીના એક ઉમેદવાર બની ગયા. હવે ખરી કસોટીની શરૂઆત થઈ. અમ્પાયર બનવા માટે જુદા જુદા

ચાર સ્ટેજ પસાર કરવાના હતા

પ્રથમ સ્ટેજમાં ક્રિકેટના પાયાના જ્ઞાનની ૧૦૦ માર્કની ટેસ્ટ હોય છે જેમાં ૮૦થી વધુ માર્ક મેળવનાર બીજા સ્ટેજમાં પ્રવેશ મેળવે. બીજા સ્ટેજમાં ઊંડાણપૂર્વકના પ્રશ્નો સાથેની ૧૦૦ માર્કની ટેસ્ટ હોય જેમાં ૮૫ માર્કસથી વધુ માર્ક મેળવનાર ત્રીજા સ્ટેજમાં પ્રવેશ પામે. ત્રીજા સ્ટેજમાં અતિ કઠિન કહી શકાય એવી ૧૦૦ માર્કની પરીક્ષા લેવાય અને આગળના સ્ટેજમાં જવા માટે ૧૦૦માંથી ૯૦ માર્ક્સ મેળવવા પડે. ભાવેશ પટેલે આ ત્રણે સ્ટેજ સફળતાપૂર્વક પસાર કરી લીધા અને અમ્પાયર બનવાના અંતિમ સ્ટેજમાં પહોંચી ગયા. આ અંતિમ સ્ટેજ સૌથી અઘરું હોય છે. એમાં ઈન્ટરવ્યૂ અને પ્રેક્ટીકલ હોય છે. ઈન્ટરવ્યૂમાં ૬ પ્રશ્નો પૂછાય જેના ૩૦ માર્ક્સ હોય, પછી ૧૦ વીડિયો બતાવી તેમાંથી પ્રશ્ન પુછાય તેના ૪૦ માર્ક્સ હોય અને છેવટે લાઈવ મેચમાં અમ્પાયર તરીકે મુકવામાં આવે જેમાં આપેલા નિર્ણયના ૨૫ માર્ક્સ હોય. આ ઉપરાંત ઉમેદવારનું વલણ, વર્તન, બોડી લેન્ગવેજ વગેરેના બીજા ૫ માર્ક્સ હોય એમ કુલ ૧૦૦ માર્કસનું આ ચોથું સ્ટેજ હોય.

ગુજરાત સરકારના નાણાવિભાગના નિયંત્રણ હેઠળ સહાયક નિરીક્ષક (ક્લાસ -૧ અધિકારી) તરીકે ફરજ બજાવતા ભાવેશભાઈ પટેલ આ ચોથું સ્ટેજ પણ પાસ કરી ગયા અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચના અમ્પાયર તરીકે પસંદગી પામીને ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યું.

આજથી ૨૭ વર્ષ પહેલાં ૧૯૯૧માં શ્રી અમિષ સાહેબાએ ગુજરાતને આ ગૌરવ અપાવ્યું હતું અને છેક ૨૭ વર્ષ બાદ માણસાના એક ખેડૂતપુત્રએ ગુજરાતને પુનઃ અપાવ્યું.

• • •

**મંજિલે ઉનહી હો મિલતી હૈ,**
**જિનકે સપનોમે જાન હોતી હૈ**
**પંખો સે કુછ નહીં હોતા,**
**હૌંશલોસે ઉડાન હોતી હૈ.**

તમામને ખોબલે ખોબલે અભિનંદન.

(સાભાર : શૈલેષ સગપરિયા અને પટેલ સમાજ)


AN ISO 9001 : 2015 Certified Hospital

karmdeep

**કર્મદીપ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ**

**જોઈન્ટ રીપ્લેસમેન્ટ અને સ્પાઈન સર્જરી સેન્ટર**

**ડો. દિલીપ પેથાણી** એમ.એસ. (ઓર્થો.)
જોઈન્ટ રીપ્લેસમેન્ટ અને સ્પાઈન સર્જન

સીનીયર અને અનુભવી સર્જન દ્વારા અત્યાધુનિક સાધનોથી
દરેક પ્રકારના સાંધા અને મણકાના ઓપરેશનની સુવિધા

- કોમ્પ્યુટર નેવિગેશન સિસ્ટમ દ્વારા સાંધાના ઓપરેશન
  - પ્રાઈમરી રીપ્લેસમેન્ટ ઓફ ની, હીપ, એલ્બો, સોલ્ડર
  - રીવીઝન જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- સ્પાઈન સર્જરી માટે અલ્ટ્રાસોનિક સ્કાલપેલ અને એક્સ ટ્યુબ દ્વારા સુરક્ષિત અને ઝડપી સર્જરી
  - ડીસ્ક પ્રોલેપ્સ - સ્પાઈન ફ્રેક્ચર
  - સ્પાઈન ઈન્ફેક્શન - સ્પાઈન ડીફોરમીટી કરેક્શન

**કોસ્મેટીક લેસર અને ડર્મેટોલોજી સેન્ટર**

**ડો. નેહા ડી. પેથાણી**
ડી.વી. એન્ડ ડી., એમ.ડી. (સ્કીન.)
(ગોલ્ડ મેડાલીસ્ટ)
સીનીયર ડર્મેટોલોજીસ્ટ

- UK & USA Certified Laser Technology દ્વારા
  - ખીલ તથા ખીલના ડાઘા અને ખાડાની સારવાર
  - અણગમતા વાળનો કાયમી નિકાલ
  - ત્વચાનું ટાઈટનીંગ (એન્ટી એજીંગ) અને બ્રાઈટનીંગ
- ત્વચાની દરેક પ્રકારની તકલીફની સારવાર
  - ત્વચા, વાળ, નખ, એલર્જી

બાપુનગર : એ-૧૧, સુર્જીત સોસાયટી, કૈલાશધામ વિભાગ-૨, ઈન્ડિયા કોલોની રોડ, બાપુનગર, અમદાવાદ.
નવરંગપુરા : ૧૦૨, ૩૦૨, સાર્થક-૨ કોમ્પલેક્ષ, સ્વસ્તિક ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ.
Contact : 079-22770361 9099070361

# આપણા સુવર્ણયુગના સપ્ત સિક્રેટ્સ : ઓલ્ડ ભારત "ગોલ્ડ" કેવી રીતે બન્યું હતું?



**મહાન પ્રાચીન ભારતનો એ યાદગાર સુવર્ણયુગ આખરે કઈ બાબતો પર આધારિત હતો ? એ કયા પરિબળો હતા જેણે આ સુવર્ણયુગને સોને મઢ્યો હતો ? ચાલો, ભારતનો ભૂતકાળ ભવ્ય બનાવનારા એ રમ્ય એલીમેન્ટ્સના ઉત્ખનનમાં !**

કાં તો સામ્યવાદીઓની માફક આપણને સપના જોવા ગમે છે. વો સુબહ કભી તો આયેગી. ડ્રીમ મર્ચન્ટ્સ ઉર્ફે સપનાના સોદાગરોનો સુવર્ણયુગ હંમેશા ભવિષ્યમાં હોય છે. એ બધા ઉસ્તાદો પબ્લિકને ફોસલાવે છે. એક દિન હમ હોંગે કામિયાબપ.પછી સૌ સારા વાના થઈ જશે અને એપયને બધા હેપિલી એવર આફ્ટર રહેતા હશે. સમાજકલ્યાણના ચિબાવલા ચિંતાચતુરોનો સુવર્ણયુગ હંમેશા ભવિષ્યમાં જ હોય છે. અવાસ્તવિક આશાઅરમાનોના વેંત છેટા ગાજર પાછળ એ દોડતા રહે છે, ને બીજાને દોડતા રાખે છે.

તો ધાર્મિક કટ્ટરવાદીઓનો સુવર્ણયુગ ભૂતકાળમાં હોય છે. કોઈને ઈસ્લામનો પહેલા જેવો ચૌદ ભુવનમાં ડંકો ફરી વગાડવો છે, તો કોઈને વૈદિક સનાતન ધર્મ તરફ પાછા વળવું છે. વન્સ અપોન એ ટાઈમની મોટે ભાગે તો વાર્તા કે ગપ્પાની સેળભેળવાળી ફેરીટેલથી એ બધા ફેસિનેટ થઈને આજે નાઝીઓની જેમ ફાસીસ્ટ થઈ જાય છે ! વો દિન ભી ક્યા દિન થે એવી કહાનીઓથી અર્ધદગ્ધ-અર્ધમુગ્ધ જનતાનું આ પાસ્ટપ્રેમીઓ બ્રેઈનવોશિંગ કર્યા કરે છે. એ પૂર્વજોની માની લીધેલી ગોલ્ડન ગ્લોરી ચેઝ કરવા માટે ફેનેટિક ફંડામેન્ટલિસ્ટ બનવામાં કોઈને શરમ નથી આવતી, બલ્કે ગૌરવ થાય છે. ક્યારે પહેલા જેવો આપણો ભવ્ય ભૂતકાળ સજીવન થશે એની રાહમાં એમને અકળામણની કીડીઓ ચટકા ભરે છે.

એક્ચ્યુઅલી, ડાલ ડાલ પે સોને કી ચિડિયાની ફેન્ટેસીનાં ભાવતાં ભોજન ચાટતાં મોટા ભાગના ભારતીયો પુરાતન ભારતનાં સુવર્ણયુગની આભામાં જ પોતાનું આયખું વીતાવી દે છે. અને બાકીના ફરીથી એ જ સુવર્ણયુગમાં પોતાને જીવવા મળશે એની વાંઝણી આશામાં ! આપણને આ

સુવર્ણયુગની ઝગમગતી ઝાંખી ફક્ત ધાર્મિક વ્યાખ્યાનોમાં જ મળતી રહે છે. અને બાકીની ઠોકમઠોકથી છલોછલ વેવલી વાહવાહી હિન્દુત્વવાદી સંસ્થાઓના પ્રચારસાહિત્યમાં !

જેની વાતો કરવામાં આપણે ગેલમાં આવી ગલોટિયાં ખાતા હોઈએ છીએ, એ મહાન પ્રાચીન ભારતનો એ યાદગાર સુવર્ણયુગ આખરે કઈ બાબતો પર આધારિત હતો ? એ કયા પરિબળો હતા જેણે આ સુવર્ણયુગને સોને મઢ્યો હતો ? જે ભારતીય વારસાનાં પ્રતિનીધિ તરીકે આપણે જાણવા-સમજવા બેહદ જરૂરી છે. ચાલો, ભારતનો ભૂતકાળ ભવ્ય બનાવનારા એ રમ્ય એલીમેન્ટ્સના ઉત્ખનનમાં !

• • •

**(૧) પડકારથી પરાક્રમ :**

જરાક જુના ભારતના ઈશ્વરોના વર્ણનો કે ચિત્રો પર નજર ફેરવો. દરેકનો દેહ સ્નાયુબદ્ધ હશે અને પ્રત્યેકના હાથમાં કોઈ હથિયાર દેખાશે ! ત્રિશૂળ, તલવાર, તીરકમાન, ગદા, ખડગ, ફરસી ( પરશુ ), ભાલો , અંકુશ, સુદર્શનચક્ર, વજ્ર એટ સેટરા. મતલબ ? સંસાર અસાર છેની સુફિયાણી વાતો વધુ મિથ્યા છે. સંસારમાં રહેવું હોય તો ટકવું અને જીતવું પડે. અને એ માટે વીરતાથી ડોબાઓ ડરે એવો ડારો ય રાખવો પડે ! આપણા મોટા ભાગના પૌરાણિક ગ્રંથોમાં યુદ્ધ આવે છે. ફક્ત શાંતિપાઠ નથી. હા, આ સંગ્રામ કોઈ નિર્દોષને નડવા માટે કે નબળાને દબાવવાની લબાડ લુખ્ખાગીરી માટે નથી. બીજાની દેશભક્તિના ઘેર બેઠાં સત્ય જાણ્યા

> **જ્યારે ત્યારે કવિઓ કે કળાકારોને અદભૂત સ્વતંત્રતા હતી એટલે તો શિલ્પ કે સાહિત્યમાં અભિવ્યક્ત થયેલી એમની આઝાદી આજનાં ભારત સુધી પહોંચી શકી જળવાઈને !**

વિના પ્રમાણપત્ર આપી, જૂઠા આક્ષેપો કરવા માટે કે ગંદી નફરત ફેલાવવાની હિંસક મનોવૃત્તિને એમાં સ્થાન નથી. એ તો કાયરતા છે.

પણ ન્યાય, નીતિ અને નિયમનાં ખાતર પ્રચંડ પરાક્રમ દેખાડવામાં પ્રાચીન ભારત ગભરાતું નહોતું. અને બહાદૂરીનો અભય કેવળ ફેસબુક કોમેન્ટ્સ જેવી વાતોને બદલે જીવનનાં અભિગમમાં હતો. રાજાઓ શૂરવીર શિકારીઓ હતા, અને ડુંગળી-લસણ ખાવામાં ય ગભરાઈને ફફડી ઉઠે એવા પોપલાં પોચટ નહોતા. માંસાહાર અને સુરાપાનની સૂગ પણ આજ જેટલી વ્યાપક નહોતી, એટલે લોહી રેડાતું જોઈ શકતા હતા અને ગમે ત્યાં જંગલી રખડપટ્ટીમાં ય દાલ-ચાવલ શોધ્યા કરવાને બદલે ખડતલ કસરતી શરીરો અને લડાયક મન બનાવી ટકી શકતા હતા.

**(૨) અભિવ્યક્તિની આઝાદી :**

આજે જે ફ્રીડમ ઓફ એક્સપ્રેશન ડેવલપ્ડ વેસ્ટર્ન વર્લ્ડમાં લોકશાહીનું હૃદય ગણાય છે, એ ગોલ્ડન ઈન્ડિયાનું પ્રાણતત્વ હતું. આજે કોઈ પોતાની રીતે કોઈ ધાર્મિક ઘટના કે ચરિત્રનું આધુનિક મિજાજમાં ચિત્ર દોરે તો સંસ્કૃતિનાં સિપાઈઓ એના પર ગોકીરો મચાવી દે છે. જ્યારે ત્યારે કવિઓ કે કળાકારોને અદભૂત સ્વતંત્રતા હતી એટલે તો શિલ્પ કે સાહિત્યમાં અભિવ્યક્ત થયેલી એમની આઝાદી આજનાં ભારત સુધી પહોંચી શકી જળવાઈને ! ભારતના પ્રાચીન પુસ્તકોમાં દેવતાઓ કે ઈશ્વરોની ટીકા કે મજાકના પણ પ્રસંગો આલેખાયા છે. એમના સૌન્દર્ય, વાસના, નિષ્ફળતા, પ્રેમ, લફરાં, વન નાઈટ સ્ટેન્ડ, મોજમજા, સુહાગરાત સઘળાના બિન્દાસ વર્ણનો છે.

એ હદ સુધીની છૂટ હતી કે મહાભારત જેવા ગ્રંથનાં પ્લોટમાં પણ ફેરફાર કરી કોઈ ભાસ ''ઉરુભંગમ'' જેવું સંસ્કૃત નાટક રચે ને દુર્યોધનને વિલનને બદલે હીરો બતાવી, પાંડવોને એના પુત્રનાં હાથે મરતા દર્શાવીને આખી કુરુક્ષેત્રની કહાની જ ટ્વિસ્ટ કરી નાખે ! આજે આવું કોઈ કરે તો એના સન્માનને બદલે એનો સંહાર થાય એટલી સંકુચિતતા છે ! એટલે જ કેટલીક હાસ્યાસ્પદ કે અયોગ્ય બાબતો પણ વ્યક્ત થઈ, કારણ કે મત રજુ આઝાદી દરેકને સરખી જ મળે ! કળાનાં ક્ષેત્રમાં કશું પણ મૂકી શકાય એ ક્રાઈમ ન ગણાય, માફ થાય. જે ફીલ કરો એ એક્સપ્રેસ કરી શકાતું. ભૂંડાબોલી ગાળો પણ અને ઉન્માદક પ્રણય પણ, સત્તાધીશોની ટીકા પણ અને ચાર્વાક જેવા નાસ્તિક રેશનલ થોટ્સ પણ. ઈન ફેક્ટ, ભારતમાં બહુ બધા ફિરકા-સંપ્રદાય-અવતાર છે એ ડાઈવર્સિટી પાછળ પણ આસ્થા બાબતે મનગમતી મોકળાશ આપવાની પુરાતન સ્વતંત્રતા છે !

**(૩) સર્જકતાનું સન્માન :**

ક્રિએટિવિટી વિના કોઈ સમાજ પ્રગતિ કરી શકે નહિ. સુખ ફક્ત પાવર કે પૈસામાં જ નથી, કશુંક નવું કરી બતાવવાના રોમાંચમાં પણ છે. ફ્રીડમ ઓફ એક્સપ્રેશનની લિબરલ વેલ્યુ એટલે જ બેહદ જરૂરી છે, કે એના વિના ક્યારેય સર્જનાત્મકતા ખીલી ના શકે. આપણા ગુરુકુળો કે તપોવનોનાં સમજ્યા વિના જ ભીના ભીના થઈને વખાણ કરનારા માત્ર મોરાલિટી કે ગુરુ-શિષ્યનાં આદરની વાતો કર્યા કરે છે. પણ ક્રિએટિવિટીની વાત તો સમજતા જ નથી તો શું કરે ? એ સમયે ક્રિએટિવ બ્રેઈન્સ પાસે જેમણે કશુંક શીખવું હોય એમણે ઘર કે સુખ મૂકી જવું પડતું, નેચરલ એક્સ્પેરિમેન્ટસ તથા ઓપન ડિસ્કશન થતા . (ઈગોઈસ્ટીક ડિબેટ નહિ, જે જાણકાર ગુરુ હોય એ શિષ્યને ખખડાવે તો બેવકૂફ શિષ્યે ડિનાયલની 'અહંકારી પગતાઈ' કર્યા વિના એ ઠપકો સાંભળીને જાત સુધારવી પડે ! ) નચિકેતાઓ સગા બાપને પણ સવાલ પૂછી શકતા ને યમદ્વારની સજાથી ડર્યા વિના નવું જ્ઞાન મેળવતા.

કોઈ પણ સંશોધક વિદ્વાન કે કળાકાર-સંગીતકાર-ચિત્રકાર-શિલ્પકાર-કવિ-ચિંતકને રાજ્યસત્તા અને સમાજ ભરપૂર આદર આપતા અને ફક્ત કોરી પ્રશંસા જ નહિ, ધન અને સુવિધાઓ આપતા. આવા લોકો રોજેરોજ કમાવાની ચિંતામાં કમાઈને પોતાની ગોડગિફ્ટનાં કિમતી યુવાવર્ષો વેડફી નાખે એ પહેલા એમને રાજ્યાશ્રય અપાતો – જેમાં એમને ઉત્તમ સુખસગવડો આપી શાસન

> ઋષિ અગત્સ્યને કુંવરી લોપામુદ્રા આપી દેવાની હોય પાર્ટનર તરીકે કે ઋષિ વસિષ્ઠ પાસે કામધેનુ ગાય યાને જે ચાહો તે મફતમાં હાજર થાય એવી સગવડ હોય – એ ધાર્મિકતા કરતા સર્જકતાનાં સન્માનના સિમ્બોલ છે.

સાચવી લેતું અને દૈનિક જવાબદારીઓમાંથી મુક્ત જિંદગી જીવવા દેતું. અને લોકાશ્રય પણ મળતો જ્યાં લોકો ખબર ના પડે તો ય એમની સર્જકતાને સલામી આપી એમનો ઉત્સાહ વધારતા. ઋષિ અગત્સ્યને કુંવરી લોપામુદ્રા આપી દેવાની હોય પાર્ટનર તરીકે કે ઋષિ વસિષ્ઠ પાસે કામધેનુ ગાય યાને જે ચાહો તે મફતમાં હાજર થાય એવી સગવડ હોય – એ ધાર્મિકતા કરતા સર્જકતાનાં સન્માનના સિમ્બોલ છે. એટલે નવા નવા આઈડિયાઝ ફ્લોટ થતા અને અવનવું મૌલિક મનોરંજન ફોરેનથી કોન્સેપ્ટ કોપી કર્યા વિના પણ મળતું અને નવી પેઢી માટે કળા-સાહિત્ય-સંશોધનનું ક્ષેત્ર મેઈનસ્ટ્રીમ આકર્ષણ ગણાતા એની આગળ ચેઈન ચાલતી. રિમેમ્બર, ભારતમાં આ બધું થતું હતું ત્યારે આજના પ્રગતિશીલ દેશોમાં અક્ષરજ્ઞાનના પણ ફાંફા હતા ! જ્યારે અહી રિદ્ધિ અને સિદ્ધિ મતલબ ક્રિએટિવિટી અને કમ્ફર્ટસ શુભનાં આઇકોન ગણેશની પત્ની ગણાતી હતી !

**(૪) સંશોધનાત્મક સાહસવૃત્તિ :**

ઋષિઓ મોટા રિસર્ચર હતા એ તો બધા પોતાની આજની નિષ્ફળતાઓ ઢાંકવા કહ્યા કરે છે, પણ રિસર્ચ શું એ ખબર સુધ્ધાં હોતી નથી. સંશોધનમાં અંગત પૂર્વગ્રહો અને ગપ્પાની માન્યતાઓ ના ચાલે. વર્ષો સુધી મનગમતા ફિલ્ડમાં ભૂખ કે આરામ છોડીને જાત ઘસી નાખવી પડે ઘડતર અને જ્ઞાન-ઉપાર્જન માટે. સલામતીનું કોચલું તોડી અજાણ્યા પ્રદેશોમાં સતત હાડમારી ભોગવીને પણ પ્રવાસ કરવો પડે, જોખમી જીવન જીવવું પડે. અહં રાખ્યા વિના ગમે તેવા ક્રોધી આચાર્ય કે હોશિયાર મજૂરની પાસે પણ નવું શીખવું પડે. બધી ગણત્રીઓ તારણ-કારણ સહિતના વિચારો કરી એનું સંપાદન કરવું પડે અને રસાળ ભાષામાં રજૂઆત કરી આવનારી પેઢીઓ માટે એ વધુ આગળ સંશોધન કરે એનું પ્લેટફોર્મ બનાવવું પડે. એ માટે દુનિયાદારીથી અલગારી બનવું પડે. જરૂર પડે નકામો સમય કોઈ વેડફી ના નાખે સોશ્યાલાઇઝિંગમાં, એટલે પરિવાર-પ્રિયતમા સહીત જગલમાં એકાંત મેળવવા જતું રહેવું પડે. અને કોઈ ફેંસલો કે પરિણામ આખરી માનવાને બદલે પોતાને જડેલું સત્ય પણ ઓપન એન્ડેડ રાખવાની ઉદારતા જોઈએ.

એટલે ભારતમાં કોઈ એક જ ઈશ્વર કે ગ્રંથ કે આદેશ-ઉપદેશ-ફિલસુફીને અલ્ટીમેટ માની એના ચીલે ચાલવાનો જડબેસલાક ઈન્કાર થયો. જે સાયન્સનો મૂળ મંત્ર છે કે કોઈ એક સિદ્ધિને ફાઈનલ ટ્રુથ માની બેઠાં ના રહેવું પણ "ચરૈવેતિ"નાં સિધ્ધાંત મુજબ એમાં પરિવર્તન અને વૈવિધ્યની નવી નવી શક્યતાઓ શોધતી રહેવી. એ માટે કમ્ફર્ટ ઝોન જેવા વતન કે જન્મસ્થળ છોડીને બહાર

વિહાર કરવો. અને હા, બધી દિશાઓથી સારા વિચારો પ્રાપ્ત કરવાના પોઝીટિવ ગ્લોબલાઈઝેશન સાથે, સંસારત્યાગીઓનાં મઠોને બદલે નાલંદા કે તક્ષશીલા જેવી સંસાર સમજાવતા શિક્ષણની સંસ્થાઓ ઉભી કરવી !

**(૫) ઉત્પાદકતાનો ઉદ્યમ :**

ભારતમાં ધર્મ કેવો દુનિયાને દિશા બતાવનારો હતો એની ગળચટ્ટી વાતો સહુ કરે છે પણ એ તો દરેકને પોતપોતાનો ધર્મ અદભુત અજોડ લાગે ( અલબત્ત, તત્વદર્શનની રીતે ભારતીય અધ્યાત્મ ખરેખર અલ્ટીમેટ છે, પણ એની વાતોમાં તો ભોટ ભારતપ્રેમીઓને ભાન સુધ્ધાં પડતું નથી – ચેનલિયા કે નવીનતાવિરોધી ભાષણીયા બાવાઓને તો બિલકુલ નહિ ! ). પણ ભારત સોને કી ચીડિયા જગતમાં ગણાયું હોય ને વિશ્વનું ધ્યાન એ વખતે ખેંચાયું હોય તો એ પરલોકની વાર્તાઓને લીધે નહિ, પણ આ લોકમાં મેળવેલી ભૌતિક – જી હા, મટીરીયલિસ્ટીક સફળતાને લીધે ! ( લક્ષ્મીને સંસારપાલક વિષ્ણુની પત્ની ગણી એના પૂજનને સૌથી મોટો સાંસ્કૃતિક ઉત્સવ ગણનાર દેશ કઈ રીતે સંપત્તિ અને સુવિધાનો વિરોધી બની શકે ?)

૨૧મી સદીના ભારત માટે આ મોસ્ટ ઈમ્પોર્ટન્ટ વારસો છે. જ્યાં સુધી પ્રોડ્કટીવિટી નાં હોય, ત્યાં સુધી પ્રોફિટ પણ ના હોય. અને એના વિના મહાસત્તા બનવાના ખયાલી પુલાવ ના પકાવાય. આજની સબસીડીપસંદ આળસુ જનતાને કામ કર્યા વિના કમાણીનો શોર્ટકટ ગમે છે. પણ ગોલ્ડન ઈન્ડિયા ગ્લોબલ

> **સાયન્સનો મૂળ મંત્ર છે કે કોઈ એક સિદ્ધિને ફાઈનલ ટ્રુથ માની બેઠાં ના રહેવું પણ ''ચરૈવેતિ''નાં સિધ્ધાંત મુજબ એમાં પરિવર્તન અને વૈવિધ્યની નવી નવી શક્યતાઓ શોધતી રહેવી.**

બ્રાન્ડ એના ઉત્પાદનોથી બનેલું. કૃષિ અને કિસાનની ભારતીય સંસ્કૃતિની વાતોના વડા તળનારા એ ભૂલી જ જાય છે, કે ભારત એની ક્રાફ્ટસમેનશિપ યાને હુન્નર-ઉદ્યોગને લીધે જગપ્રસિદ્ધ અને સમૃદ્ધ હતું. સિકંદર અહી આવ્યો ત્યારે શેરડીમાંથી ખાંડ બનતી જોઈ ચક્કર કાઈ ક્યો એમાં તો સંસ્કૃત શબ્દ શર્કરા ખાંડ બનાવવાની વિદ્યા સાથે યુરોપ પહોંચતા સ્યુગર શબ્દ આવ્યો. આંગેજો ડાઈ કરવાની ગળી જોઇને દિગ્મૂઢ થઇ ગયા એમાં તો એ માટેનો અંગ્રેજી શબ્દ ઈન્ડીગો મશહૂર થયો. આપણી ધાતુની તલવારોથી પર્શિયનોએ ગ્રીકોને હરાવ્યા. અહી મરીમસાલાતેજાનાથી ખોરાક સ્વાદિષ્ટ બનાવી પ્રિઝર્વેશન કરવાની તરકીબથી આકર્ષાઈ કોલંબસો કે વાસ્કો ડી ગામાઓ અહી આવ્યા અને ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના થઇ. હુન્નરને લીધે દોલતથી છલોછલ ખજાના લૂંટવા તો નાદિરશાહો કે ગઝનવીઓ આવી ચડેલા ! ત્યારના સમય મુજબ આધુનિક કહેવાય એવા રસાયણથી હર્બલ મેડિસિન સુધીના ઇનોવેશન અને વ્યાપારની સોદાગીરીની સૂઝબૂઝને લીધે ઇન્ડિયન ઈકોનોમી ટોપ ગીઅરમાં હતી.

**(૬) રંગીલી રસિકતા :**

સેક્સની બાબતમાં પશ્ચિમ ખુલ્લું ને ઉઘાડું એ નર્યો ( વર્તમાન ) ભારતીય ભ્રમ છે. એમાં લસ્ટફૂલી લિબરલ ભારતવર્ષનો મુકાબલો કોઈ કરી શકે એમ જ નથી. આપણા તો ધાર્મિક ગ્રંથોમાં પણ શૃંગારપ્રચૂર વર્ણનો જરૂર ના હોય ત્યાં ફૂટી નીકળે છે અને પરમ તત્વને લિંગ માનીને એની જાહેર પૂજા કરવાનો આટલો પ્રચલિત રિવાજ પૃથ્વીના પટ પર શોધ્યો જડે એમ નથી ! દરેક પ્રાચીન હેરિટેજ સાઈટ પર પોર્નોગ્રાફીને ભૂ પીવડાવે એવા યૌન-મૈથુન શિલ્પો મળે, અધ્યાત્મનો સર્વોચ્ચ બોધ ગણાતો ગીતા એકથી વધુ સ્ત્રીઓ સાથે રોમેન્ટિક સંબધો ધરાવતા બે સંસારીઓ વચ્ચેના સંવાદ રૂપે યુદ્ધકથામાં મુકાય ! ધાર્મિક ગણાતા તહેવારોમાં ઉન્માદક નૃત્યો અને ગીતો લોકપરંપરાથી ભળી જાય અને સેક્સ એજ્યુકેશન તો શું એના પ્લેઝર મેક્સિમાઈઝેશનનો બેનમૂન ગ્રંથ લખનાર વાત્સ્યાયન ઋષિ ગણાય અને ચોસઠ કળાઓમાં કામકળાને સ્થાન મળે. વસંતથી વર્ષાની કામુકતાનો આનંદમય ઉત્સવ મનાવાય. આપણા મોટાભાગના પર્વો શાસ્ત્રોક્ત નથી, લોકજીવનમાં થી આવેલા છે. લાઈફ ઈઝ સેલિબ્રેશન – એ રોમેન્ટિક સ્પિરિટ ત્યારે ઇન્ડિયન ફિલોસોફીનો હતો અને પંચતંત્ર જેવા ગ્રંથોમાં પણ આડા સંબંધો કે વિલાસોની કથાઓ મુકાતી. સારું છે, બધા સંસ્કૃત શ્લોકોના અર્થ આજે ઘણાને સમજાતા નથી, નહિ તો કુમળા બાળકોની અસર ખાતર સેન્સરશિપ એને નાબૂદ કરી નાખત !

આજે પણ સ્પોર્ટ્સ, બુદ્ધિ કે યુદ્ધનો ઈતિહાસ જોશો તો જે પ્રજાની કામઊર્જા વધુ તીવ્ર અને મુક્ત હોય એ જ એમાં અવ્વલ રહે છે. વસ્ત્રો કે આભૂષણોનાં શૃંગારમાં સ્ત્રીઓને ઉદારતા હતી, અને નારી એકથી વધુ પતિ ધરાવે એવી નાયિકા હોય કે સ્વયંવરથી જાતે મનગમતો માણીગર ચૂંટે એવી ! લિવ ઈન કે જસ્ટ ફોર ટાઈમપાસ ફન કેઝ્યુઅલ રિલેશનનો છોછ નહોતો. લગ્ન વિનાના પ્રેમના પ્રતીક રાધા-કૃષ્ણ આજે ય સહજતાથી પૂજાય છે. સ્ત્રી પોતાના શરીરની સ્વામિની તરીકે ઈચ્છે ત્યારે ભોગ માણે, પણ નામરજી હોય તો શ્રાપ પણ આપે ! 'મનુસ્મૃતિ' જેવા પછાતપણામાં જડસુ અન્ય ધર્મોની પંગતમાં બેસતા ગ્રંથને બદલે સાચું ભારત ઓળખવું હોય તો ઈશાવાસ્ય ઉપનિષદ જેવા પુસ્તકો વાંચવા જોઈએ. જેમાં તો મોક્ષની વાત પણ કવિતા તરીકે લખાઈ છે. ભાષાના ઉપમા-અલંકારો હોય કે વાનગીઓનાં સ્વાદનો ચસ્કો, સંગીતના રાગ-રાગિણી કે અવકાશના ગ્રહ-નક્ષત્રો બધી જ વાતમાં ભારતમાં જીવનરસનાં ફુવારા ઉડતા જોવા મળતા !

**(૭) ચૈતન્યનું ચિંતન :**

શ્રદ્ધા અને વિજ્ઞાન પરસ્પર સાવ વિરોધી વાત લાગે પણ ખરેખર તો સત્યશોધનનાં એક સિક્કાની બે બાજુ છે. એકમાં સાધન ઉપાસનાપદ્ધતિઓ અને વીધિવિધાનોનાં છે, અને બીજામાં ટેકનોલોજીનાં. અંતે તો બંને આસપાસની સૃષ્ટિને દૂરના બ્રહ્માંડનો તાગ લેવાના રહસ્યમય વિસ્મયની ભૂખ છે. વૈજ્ઞાનિક અભિગમ એટલે દરેક વિષયને

'મનુસ્મૃતિ' જેવા પછાતપણામાં જડસુ અન્ય ધર્મોની પંગતમાં બેસતા ગ્રંથને બદલે સાચું ભારત ઓળખવું હોય તો ઈશાવાસ્ય ઉપનિષદ જેવા પુસ્તકો વાંચવા જોઈએ. જેમાં તો મોક્ષની વાત પણ કવિતા તરીકે લખાઈ છે.

તટસ્થભાવે ઊંડાણમાં જઈ તપાસવો અને આદર્શને બદલે વાસ્તવવાદી તથા પ્રકૃતિસહજ રીતે સમજવો. એ માટે ડરપોક રિચ્યુઅલ્સની આદતોથી ફ્રી એવું ઈન્ડીપેન્ડન્ટ બ્રેઈન જોઈએ. પાવર ઓફ થોટથી વિકસતું અને નિરંતર વિસ્તરતું વિશ્વ જોઈએ. ભારતે એટલે બુદ્ધિમાન અને વિચારશીલ ચરિત્રોને અને પ્રકૃતિના પ્રત્યેક તત્વોને ઈશ્વર માનીને પૂજ્યા. બ્રાહ્મણ શબ્દનું મહત્વ જ્ઞાતિ કરતા વધુ બ્રહ્મથી નજીક પહોંચનાર જ્ઞાની તરીકે વધતું ગયેલું.

તત્વ દર્શન અને આંતરિક "બ્રહ્મજીજ્ઞાસા" ખાતર લોકોએ ઘરબાર છોડી દીધા એટલા એ શિખર સર કરવા ઉત્સાહી હતા. તપસ્યા માટેની અતૂટ એકાગ્રતા અને કોઈ પણ કામના ધ્યાનમાં તલ્લીન થઇ જવાનું ફોક્સ જીવનશૈલીમાં વણાયેલું હતું. આસ્થા સંઘર્ષની દ્રઢતા અને ભવિષ્યની આશાને પોષે એવી સકારાત્મક હતી. તેજસ્વી પ્રમાણિક સાત્વિકતા અને પારદર્શક માનવીય મૂલ્યોને લીધે જાહેર અનુશાસન અને નિષ્ઠાનું ધોરણ ઊંચું રહેતું ને ગેબી મદદની કૃપા મળતી રહે એવું હતું, કારણ કે લોકો આત્માને પરમાત્મા માનતા. બધા વિરોધાભાસોનો એક અનંતની લીલા તરીકે દેશ-કાળનાં ભેદ વિના સ્વીકાર અને સ્વાગત કરવાની આધ્યાત્મિકતા રાખતા. ખોટું કરવા બદલ નારાજ થતા કે ડરતા. સ્વચ્છતા, શાંતિ, સેવા અને ક્ષમા જેવા સદગુણો અને બીજાની કાળજી લેવાના સંસ્કારોનો વિનયવિવેક આમ આદમીમાં ય રહેતો. વિદ્યાનું મૂળ તત્વ જ્ઞાનનો આનંદ અને આત્મખોજનાં જજમેન્ટનું ઘડતર રહેતું, ફક્ત કારકિર્દીલક્ષી આર્થિક કમાણી કે સામાજિક પ્રતિષ્ઠા નહિ.

• • •

રીડરબિરાદર, આ સાત સિક્રેટ્સની સરગમ જ્યારે જ્યારે જે ભૂમિ કે પ્રજામાં વાગી ત્યારે ત્યારે એનો સુવર્ણયુગ આવ્યો છે. પછી એ ગ્રીસ હોય કે ઈજીપ્ત, જાપાન હોય કે બ્રિટન. દ. કોરિયા હોય કે અમેરિકા. ડેન્માર્ક હોય કે ફ્રાન્સ. આ ડહાપણના મેઘધનુષનું સંતુલન જ્યારે જ્યારે વીખાયું ત્યારે જે-તે રાષ્ટ્ર કે જનસમૂહ નિષ્ફળતાથી પીખાયો છે. ભારતની લાંબા સમયથી ચાલી આવતી હાર અને અગાઉ મળતી રહેલી જીત પાછળના આ અસલી રિઝન છે. પણ એ વિઝનનું મિશન બનાવવાની તૈયારી આજે સુતેલા ભારતની છે ખરી ?

**ફાસ્ટ ફોરવર્ડ :**

'ક્ષણે ક્ષણે યદ નવતાં ઉપૈતી તદેવ રૂપં રમણીયતાયા :'

અર્થ : જે પ્રત્યેક ક્ષણે નવીન લાગે, એ જ રમણીયતાનું રૂપ છે ( માઘ, શિશુપાલવધ )

(ગુજરાતી ભાષાનાં સર્વાધિક લોકપ્રિય લેખક અને વિશ્વ વિખ્યાત વક્તા)

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ

**કુમાર અને કન્યા છાત્રાલય આયોજિત**

## પાંચમો રમતોત્સવ

**તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૧૮, રવિવાર**

## પાંચમા રમતોત્સવના સ્પોન્સરને અભિનંદન

પાંચમાં રમતોત્સવને કાર્યશીલ કરવા, પ્રારંભિક બળ પુરૂ પાડવા તથા અમૂલ્ય યોગદાન આપવા બદલ સંસ્થા નીચેના મહાનુભાવોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

### મુખ્ય સ્પોન્સર

**ગોટીલા ક્લબ**

- શ્રી દકુભાઈ કસવાળા
- શ્રી કનુભાઈ જે. પટેલ (બીડીવાળા)
- શ્રી હિમ્મતભાઈ બી. કસવાળા
- શ્રી જિતુભાઈ કસવાળા
- શ્રી પ્રવિણભાઈ દેસાઈ
- શ્રી જયંતિભાઈ કથીરિયા
- શ્રી ચતુરભાઈ કોટડિયા
- શ્રી કમલેશભાઈ સાવલિયા
- શ્રી ભૂપતભાઈ ખૂંટ
- શ્રી હસમુખભાઈ ગઢિયા
- શ્રી જગદીશભાઈ હિરપરા
- શ્રી વસંતભાઈ બોરડ

### ડ્રેસ સ્પોન્સર

**શ્રી જગદીશ વલ્લભભાઈ ભુવા**

aakruti
ECOFRIENDLY PROCESSED WOOD

Zplus Wood Plast Pvt. Ltd.

### મેડલ સ્પોન્સર

પાંચમાં રમતોત્સવ માટે મેડલ સ્પોન્સર આવકાર્ય છે.

### કો-સ્પોન્સર

| ગોલ્ડન ગ્રૂપ | મહીલા ટ્રસ્ટી યુવા વિંગ | કાઠીયાવાડી ગ્રૂપ (કર્ણાવતી) |
|---|---|---|
| શ્રી કિરણભાઈ વસાણી | શ્રીમતી દિપીબેન ગોંડલિયા | શ્રી વિપુલભાઈ કથીરિયા |
| શ્રી અલ્પેશભાઈ શેલડિયા | શ્રીમતી સુરેખાબેન પાદરિયા | શ્રી અલ્પેશભાઈ શેલડિયા |
| શ્રી ધર્મેન્દ્રભાઈ ડોબરિયા | શ્રીમતિ શિલ્પાબેન વઘાસિયા | શ્રી હર્ષદભાઈ સાવલિયા |
| શ્રી મુકુંદભાઈ પડશાળા | શ્રીમતિ વસુબેન પાદરિયા | શ્રી ધર્મેન્દ્રભાઈ ડોબરિયા |
| શ્રી ચિરાગભાઈ શેલડિયા | શ્રીમતી ઉમાબેન વેકરિયા | શ્રી રાકેશભાઈ સાવલિયા |
| શ્રી રાકેશભાઈ સાવલિયા | શ્રીમતી કપિલાબેન સાવલિયા | શ્રી કિરણભાઈ વસાણી |
| શ્રી વિનોદભાઈ દૂધાત | શ્રીમતી હંસાબેન મેશિયા | શ્રી લાલજીભાઈ વેકરિયા |
| શ્રી હર્ષદભાઈ સાવલિયા | શ્રીમતી ભાવનાબેન કસવાળા | શ્રી દિલીપભાઈ કાનાણી |
| શ્રી દિલિપભાઈ કાનાણી | શ્રીમતી હર્ષાબેન સખવાળા | શ્રી મુકુંદભાઈ પડશાલા |
| શ્રી લાલજીભાઈ વેકરિયા | શ્રીમતી ભાવનાબેન ચોડવડિયા | શ્રી ચિરાગભાઈ શેલડિયા |
| શ્રી વિપુલભાઈ કથીરિયા | શ્રીમતી સુરેખાબેન કાકડિયા | શ્રી સંજયભાઈ રાદડિયા |
| શ્રી રાજુભાઈ બુહા | | |

**તા.ક. : છઠ્ઠા રમતોત્સવ માટે અન્ય સ્પોન્સર્સ આવકાર્ય છે.**

**ખાસ નોંધ :** સમાજની તમામ સંસ્થાઓ અને ઘટકોએ ઉપરની તારીખ સાથે પોતાના આગામી કાર્યક્રમો મેચ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવા વિનંતી છે.

---

**શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ સંચાલિત કુમાર અને કન્યા છાત્રાલય આયોજિત**

## છઠ્ઠો રમતોત્સવ

**છઠ્ઠા રમતોત્સવ માટેના સ્પોન્સરને પણ ખૂબ ખૂબ અભિનંદન**

### મુખ્ય સ્પોન્સર

**વીર સાવરકર મોર્નીંગ ગ્રૂપ, બાપુનગર**

શ્રી દિલિપભાઈ કોઠિયા, શ્રી વિનુભાઈ ગેવરિયા, શ્રી બાબુભાઈ વોરા, શ્રી નરેશભાઈ જોગાણી, શ્રી ભરતભાઈ ભુવા, શ્રી એન. કે. પટેલ (મામલતદાર), શ્રી ધીરૂભાઈ ઝાલાવાડિયા (નાયબ મામલતદાર), શ્રી ભૂપતભાઈ ભાલાળા, શ્રી મુકેશભાઈ વેકરિયા અને ગ્રૂપ મેમ્બર્સ

**તા.ક. : છઠ્ઠા રમતોત્સવના અન્ય સ્પોન્સર્સ આવકાર્ય છે.**

### ડ્રેસ સ્પોન્સર

**શ્રી રાજેશભાઈ ધીરૂભાઈ ગોંડલિયા**

KAKA®
PVC PROFILE
"Smart People, Smart Choice"

KAKA PVC PROFILE PVT. LTD.

PROUDLY CO-OPERATIVE

the SAURASHTRA
Co-operative Bank Ltd.

# ધી સૌરાષ્ટ્ર કો-ઓપરેટીવ બેન્ક લિમિટેડ

H.O. : બાપુનગર, અમદાવાદ - ૩૮૦ ૦૨૪. ફોન : 2274 5288, 22777331

મહિલાઓને પ્રોડક્ટીવીટી કાર્ય માટે ૮.૦૦% વ્યાજ પર ધિરાણ
(રૂા. ૫૦,૦૦૦/- સુધી)

દરેક શાખામાં
લોકરની સુવિધા

ફીક્સ ડિપોઝીટ
પર વધુ વ્યાજ

સીનીયર સીટીઝનને
૦.૫૦% વધુ વ્યાજ

સામાજીક વિકાસના ભાગરૂપે સમાજના તમામ વર્ગોના ૯૫૦૦ મહિલાઓને સિલાઈ મશીન / કોમ્પ્યુટર વગેરે ખરીદ કરવા (માઈક્રો ફાઈનાન્સ) ધિરાણ કરેલ છે.

ATM-CUM RUPAY CARD | SMS ALERT | MOBILE BANKING | MISSED CALL SERVICE

બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ

કનુભાઈ જે. પટેલ
એમ.ડી.

વલ્લભભાઈ જી. પટેલ
ચેરમેન

પરશોત્તમભાઈ એન. ગેવરીયા
વાઈસ ચેરમેન

"બાપુનગર" શાખા
ભીડભંજન હનુમાન સામે, નિકોલ રોડ,
બાપુનગર, અમદાવાદ - ૩૮૦ ૦૨૪.
ફોન : 2274 4496, 2274 6300/01

"ઠક્કરબાપાનગર" શાખા
શિવમ્ કોમ્પલેક્ષ, માધવ મોલ પાસે,
રતનબા સ્કૂલ સામે, ઠક્કરનગર, અમદાવાદ.
ફોન : 2270 5288, 2270 4496

"ઓઢવ" શાખા
૪, તેજેન્દ્ર પાર્ક, વિભાગ -૨,
વિરાટનગર રોડ, ઓઢવ, અમદાવાદ.
ફોન : 2287 0977, 2287 0988

"આપણી બેંક, સૌરાષ્ટ્ર બેંક"

# TITANIUM - DENTAL CLINIC

**The Dental Implants and Smile Makeover Experts**

D-601, Titanium Square, Beside Rolls Royce Showroom,
Nr. Thajtej Cross Road, S.G. Highway, Thaltej, Ahmedabad-380054.
(O) +91 79 4032 6298 (M) + 91 99249 26672
(E) titanium.dentalclinic@hotmail.com
(W) www.titaniumdental.in - www.drpurvesh.in

Titanium Dental Clinic is the finest and most advanced dental clinics located at Ahmedabad city in the state Gujarat. Titanium Dental Clinic is holistic center specialized for your dental care & its treatments. The prime vision to start such an advanced technologically high standard clinic is to provide complªe Oral Health.

A team of dedicated professionals is at your services in the clinic along with trained supporting staff. The clinic functions according to the supervision of **Dr Purvesh Chauhan - Founder & Owner of Titanium Dental clinic a renowned Implantologist & Smile Make- over expert of the city.**

The Infrastructure of Titanium Dental Clinic is design for over-all purpose to practice all the diverse forms of dentistry.

In this clinic dental care are available from essential preventative ranges to dentistry complex care including Dental Implant, Orthodontics, Oral Surgery, The treatment of gum diseases, Root canal treatment & Complex Reconstructive dentistry.

To maintain the quality and the standard of the treatment dental certain essential equipments used are imported. In Titanium Dental Clinic there is state of the art, furnished with modern equipment & with thorough attention paid to hygiene and sanitation.

Keeping patients comfort in mind it's designed Ergonomically. At the clinic all the patients are assured of the best services in dental health care in non - stressful & comforting ambiance.

## FACILITIES - TITANIUM DENTAL CLINIC

- SITUATED IN PRIME LOCATION :
- STAFF AT YOUR SERVICE
- SPACIOUS & AMBIENT RECEPTION
- WORLD CLASS EQUIPMENTS
- ERGONOMIC SªUP OF CLINIC
- STERILIZATION & INFECTION CONTROL
- PATIENTS HISTORY RECORD SOFWARE
- ONLINE APPOINTMENT SYSTEM
- APPOINTMENT REMINDER SERVICES
- BILLING FLEXIBILITY

## ABOUT DENTAL IMPLANT

Dental implants are replacement of the lost tooth roots. Implants provide a strong foundation for fixed (permanent) or removable replacement teªh that are made to match

your natural teªh. Dental implant is also called natural replacement as it includes the process of Oesseointegration.

- The process of Oesseointegration comes into dental implant procedure.
- Dental implant made of titanium material fixed in the gums
- They are well accepted by our human body
- Borns form natural mechanical bond with dental implant because Osteoblasts helps in supporting connectivity bªween the ti sues and migrated implant
- It thus act as a natural replacement

It can be used on the number of listed situations.

## 1. SINGLE IMPLANT/ SINGLE TOOTH GAPS




**Step for Implant**

- Place an implant in the gap
- Fix it with tooth crown

Implants: the best solution - every way

## 2. MULTIPLE TEªH LOSE




**Steps for Implants**

- Two implants at the alternative ends
- Fix the tooth crown bridge

## 3. FULL MOUTH REHABILITATION

Options available Prosthesis or Implants



**Steps for Implants**

- 4 - 6 implants in upper and lower (Both) jaw
- Abutments are placed on the top of the dental implants
- Secures the replacement teªh on the fixed implants

## 4. ALL ON 4 Dental Implants - Teªh in A day




All on 4 is uniqe concept , its very useful when patient lost bone or almost not possible implants without bone graft ,
this prodedure avoid any grafting and patient can have teªh in 72 hours, and due to less number of implants ,expense of procedure also reduce.

**Advantage :** • Less Number of implants • Teªh in 72 hours. • Data with success rate of 25 years. • Possible when very less bone present in patient mouth. • No need of Artificial Bone Grafting.

## Dr. PURVESH CHAUHAN

It's been around a decade practicing in Ahmedabad in the states of Gujarat as an Implantologist & Smile Make-over expert with a success story of treating more than 2000 patients till date. Since my humble beginning as a dentistry student he has graduated from Government Dental College, Ahmedabad acquiring my B.D.S degree in 2004. Dr. Purvesh have accomplished Advanced Training in the Science of Dental Implants, Crown, Bridges, Cosmªic Dentistry whereby he has also specialized in The Art of Smile correction through Mªal -free Ceramic crowns & Veneers.



In Ahmedabad Dr. Purvesh Chauhan is the 1st Implantologist to perform 'All On 4 Techniques' for Implants. He has been honored to be Certified and possess membership of the renowned Universities and Institutes of dentistry of the World.


- Fellowship in Nobel Biocare Dental Implant
- Member & Diplomate of International Congress of Oral Implantology
- Certified by Dentslpy Academy for Excellance & Perfection in Dentistry
- Member & Fellow of Indian Sociªy or Oral Implantoogists
- Certified by Noble Biocare for "Sinus Lift Procedure Training"
- Life Time Member of Indian Academy of Aeshtªic & Cosmªic Dentistry
- Trained & Certified in CAD CAM Denture Fabrication from University of Southern California

## Our Treated Patients for feedback

**Anila & Rajendra Patel** (Pensevalqiana, USA)
E-mail : rajendra_anila@yahoo.com
**Lataben Patel** (New York, USA)
E-mail : vipul78@gmail.com
**Sonal Gandhi** (Atlanta, USA) (M) +1 404 6683251
**Jayesh Bhai Patel** (USA) (M) +1 973 895 1786
**Nalin Patel** (USA-New york) +1 908 757 3132
**Kamal Rupareliya** (USA) +1 669 222 7888
**Ramnikbhai Patel,** Ahemdabad (M) 9898492648
**Muktaben & Vithalbhai Ghadiya** (M) 9099926383

## INFRASTRUCTURE AND FACILITIES




@ ઓઢવ
Project by
GC
BUILD THE BEST
Since 1979
Welcome to a world that is
PRO BUSINESS
PRO PROFIT
સુવિધાઓ
દરેક શેડને પાણીનું કનેકશન.
સ્ટ્રીટ લાઈટ અને આર.સી. સી. રોડ.
એન. એ. એન.ઓ.સી. પ્લાન પાસ.
કોમન પ્લોટ અને પાર્કિંગ.
મેઈન ગેઈટ તથા સિકયુરીટી ઓફિસ.
હવા ઉજાસવાળું આધુનીક એલીવેશન
રીંગ રોડ થી નજીક
ગોપાલ શરણ
ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ
B/H. VAHEPARI MAHAMANDAL, OPP. G.H. BORAD S.P. RING ROAD, ODHAV. | M. 98253 58642

Patel Suvas (Gujarati Monthly)
R.N.I. No. : 48490/83

Postal Registration No. : Guj-280/2018-2020
Licence to post without prepayment No. PMG/HQ/079/2018-20, Valid up to 31.12.2020
Published on 11th of every month, Permitted to Post at Ahmedabad PSO on 15th of every month




To,

Published by :
Shree Saurashtra Patel Kelavani Mandal,
Gulbai Tekra, Ellisbridge,
Ahmedabad - 380 006. Gujarat.